

૧૦૧
જી. ફ્રાન્સીસ ઝેવીયર
પ્રેરણાત્મક
વાર્તાઓ
101
INSPIRING
STORIES
NOW IN
GUJARATI
સફળ
જીવન માટેના
સિધ્ધાંતો
JAICO

VISIT…

LANZAROTE

Caliente.com

૧૦૧ પ્રેરણાત્મક વાર્તાઓ

101 INSPIRING STORIES



સફળ જીવન માટેના સિધ્ધાંતો

જી. ફ્રાન્સીસ ઝેવીયર



જયકો પબ્લિશિંગ હાઉસ

અમદાવાદ બેંગલોર ભોપાલ ભુબનેસ્વર ચેન્નાઇ દિલ્હી
હૈદરાબાદ કલકત્તા લખનૌ મુંબઇ

પ્રકાશક
જયકો પબ્લિશિંગ હાઉસ
એ-2, જશ ચેંબર્સ, 7-એ સર ફિરોઝશાહ મહેતા રોડ
ફોર્ટ, મુંબઇ - 400 001
jaicopub@jaicobooks.com
www.jaicobooks.com

101 INSPIRING STORIES
૧૦૧ પ્રેરણાત્મક વાર્તાઓ
ISBN 978-81-8495-584-2

અનુવાદ: સ્વાતિ વસાવડા

પ્રથમ જયકો આવૃત્તિાવિ: 2014
ત્રીજી જયકો આવૃત્તિાવિ: 2016

અનુક્રમ



આમુખ



આપણને બધાંને વાર્તાઓ ગમે છે. આપણામાંથી જે ભાગ્યશાળી છે તેઓ વાર્તાઓ વાંચીને, સાંભળીને તથા માણીને મોટા થયા છે, અને તેની યાદો મહિનાઓ, વર્ષો, દાયકાઓ સુધી વ્હાલપૂર્વક જીવંત રાખી છે. આ વાર્તાઓએ આપણાં શિક્ષણને આગળ વધાર્યું છે, આપણી આસપાસની સુંદર દુનિયાને માણતા તથા અનુભવતાં શીખવ્યું છે તેમજ જીવન તરીકે ઓળખાતી આપણી આ અદ્ભુત યાત્રામાં આપણને માર્ગદર્શન આપે તેવા સિદ્ધાંતો તથા સત્યોમાંથી ઘણા શીખવ્યાં છે. વાર્તાઓનો તેમના વિશેનો એક જાદુઈ મોહ હોય છે જે યુવાનો તથા જે હૃદયથી યુવાન જ છે તેમને અપીલ કરે છે.

હું ડો.જી.ફ્રાન્સીસ ઝેવીયરને સીંગાપોરમાં મળ્યો અને તેમની ઊર્જા, જોમ તથા ઉત્સાહથી તરત જ પ્રભાવિત થઈ ગયો. અમે ભારત અને સીંગાપોરમાં અંગત વિકાસ, સ્વ–વિકાસ તથા વ્યક્તિગત જાગૃતિના કાર્યક્રમો માટે શીખવા, આદાન-પ્રદાન કરવા તથા ફાળો આપવાના અમારા સામાન્ય પરસ્પર જુસ્સા વિશે ચર્ચા કરી. ડો. ફ્રાન્સીસ ઝેવીયરે તાલીમ માટે જે અદ્વિતીય પદ્ધતિઓ અપનાવી છે તેમાંની એક છે "સ્ટોરી મેડીટેશન". તેમણે શિક્ષણને ઉપર લાવવા અને વાર્તામાંના મુખ્ય સંદેશ પર ભાર આપવા માટે સેંકડો વાર્તાઓનો ઉપયોગ કર્યો છે. થોડાં વર્ષો પહેલાં તેમના કાર્યક્રમોમાં ભાગ લેનારાઓએ તેમને તેમની વાર્તાઓ પ્રકાશિત કરવા આજીજી કરી અને આ અદ્ભૂત પહેલને મારો ટેકો આપીને હું આનંદ અનુભવું છું.

મને વિશ્વાસ છે કે આ અદ્ભૂત વાર્તાઓનો સંગ્રહ વ્યક્તિને તેના વ્યક્તિત્વને વિકસાવવા તથા શોધવા માટેની સૂઝબુઝ પૂરી

પાડશે. આ વાર્તાઓ વાચકને પ્રેરશે, મનોરંજન કરશે, શિક્ષીત બનાવશે અને તેના ચહેરા પર મુસ્કાન લાવશે ! વાર્તાઓ બધા લોકોને અપીલ કરતી હોય છે, તેથી, આપણે આ અદ્ભૂત વાર્તાઓનો ઉપયોગ આપણા મિત્રો, પરિવારજનો, સહકર્મીઓ, સાથીઓ તથા આપણા આંતરિક 'સ્વ' સાથે શીખવા, શિખવવા, આદાન-પ્રદાન કરવા તથા જોડનાર સાધન તરીકે કરી શકશું.

હેપ્પી સ્ટોરી રીડીંગ, સ્ટોરી શેરીંગ એન્ડ સ્ટોરી ટેલીંગ !

–ડેવ રોજર્સ,
ડાયરેક્ટર, કોમ્પીટીટીવ એજ,
સીંગાપોર

પ્રસ્તાવના



હું એક ક્ષુધાતુર વાચક છું અને ખાસ કરીને સ્વ-સુધારણા પરનાં પુસ્તકો વાંચવા મને ગમે છે. હું મારાં પોતાનાં વ્યક્તિત્વને સુધારવા માટે ખૂબ જ જૂસ્સાપૂર્વક વધુ તેમ કરું છું. એક એવી પ્રવૃત્તિ, જે ચાર દશકાઓથી મજબૂત રીતે ચાલી રહી છે !

મેં હજારો પ્રેરણાત્મક વાર્તાઓનો સંચય કર્યો છે જેમનો ઉપયોગ મારા **"ટેપ યોર જીનીયસ" નામના** તાલીમ કાર્યક્રમમાં થાય છે. ભાગ લેનાર વ્યક્તિઓમાં બુદ્ધિ શક્તિનો તિખારો પ્રગટાવવા માટે તૈયાર કરાયેલ બહુ- પરિમાણીય વ્યક્તિત્વ વિકાસ માટેનો આ કાર્યક્રમ ટેક્નિક–ઓરીએન્ટેડ છે. હાથમાંના વિષયને અનુરૂપ વાર્તા હું કહું છું જે સ્વ-સુધારણાની ફીલોસોફી, સિદ્ધાંત અને અભ્યાસ વડે અભેદ્ય કરાયેલ હોય છે. વાર્તાનો અંત પ્રગટ કરવામાં આવતો નથી અને ભાગ લેનારાઓને તેમના પોતાના જવાબો આપવાનું કહેવામાં આવે છે. આ પ્રક્રિયાને હું ''સ્ટોરી મેડીટેશન" કહું છું.

મારા કાર્યક્રમમાં ભાગ લેનારાઓ આ વાર્તાઓ માણે છે. તેમના આગ્રહ પર મેં "ધ વર્લ્ડસ બેસ્ટ ઈન્સ્પાયરીંગ સ્ટોરીઝ" (વિશ્વની શ્રેષ્ઠ પ્રેરણાત્મક વાર્તાઓ) લખી જેને આખા દેશમાં હજારો લોકો વડે વધાવી લેવાઈ.

આ પુસ્તક '૧૦૧ ઈન્સ્પાયરીંગ સ્ટોરીઝ' (૧૦૧ પ્રેરણાત્મક વાર્તાઓ) પણ સંભાળપૂર્વક પસંદ કરાયેલ વાર્તાઓ ધરાવે છે. મેં આમાં માત્ર એવી વાર્તાઓનો સમાવેશ કર્યો છે જેમણે મને સૌથી વધારે પ્રેરિત કર્યો છે. તેઓ વિવિધ સ્ત્રોતોમાંથી લેવાઈ છે. મારો ફાળો ભાષા અને દરેક વાર્તાના સૂચિતાર્થોની છણાવટ પૂરતો છે.

આ પુસ્તકમાંથી મહત્તમ ફાયદો મેળવવા માટે : આખી વાર્તામાંથી પસાર થાવ. અંતમાં આપેલા બે પ્રશ્નો પર ક્ષણવાર વિચારો, શક્ય જવાબો વિચારો. પછી આપેલા જવાબો ચકાસો. જો તમે આ પ્રક્રિયાને અનુસરશો તો તમારી રચનાત્મકતા સુધરશે અને આ પુસ્તકમાંથી મહત્તમ ફાયદો ઉઠાવી શકશો.

વાલીઓ, આ પુસ્તક તમારાં બાળકોને ભેટ આપો. તેઓનો માત્ર આ વાર્તાઓ ગમશે જ નહીં, એક ગણનાપાત્ર હદ સુધી તેમનું વ્યક્તિત્વ પણ સુધરશે – તમારા 'બોધપાઠ' વગર.

ડો.જી. ફ્રાન્સીસ ઝેવીયર પીએચ.ડી.
૩૫૮, ૮મી મુખ્યમાર્ગ, વિવેકનગર,
બેંગ્લોર - ૫૬૦૦૪૭.
મો. નં. ૦૯૪૪૯૫૪૪૩૫૮/૦૯૩૪૩૭૨૧૮૨૦
Email - gfrancisxavier@yahoo.co.in

ઋણ સ્વીકાર



મારી સાહિત્યિક પ્રવૃત્તિમાં પ્રેરણા અને પ્રોત્સાહનનો સ્ત્રોત બન્યાં છે તે બધા તરફ હું કૃતજ્ઞતાની ભાવના ધરાવું છું.

હું આ પુસ્તક માટે યોગ્ય આમુખ લખી આપવા બદલ મિ. ડેવ રોજર્સ, ચીફ કોચ એન્ડ ડાયરેક્ટર ઓફ કોમ્પીટીટીવ એજ, સીંગાપોર,` , નો પ્રમાણિકતા પૂર્વક આભાર માનું છું.

આ પુસ્તકને ઉત્તમ રીતે બહાર પાડવા માટે હું પ્રકાશક શ્રી આકાશ શાહ અને જયકો પબ્લીશીંગ હાઉસ મુંબઈના મુખ્ય સંપાદક શ્રી આર.એચ.શર્માનો અતિશય આભારી છું.

તે ઉપરાંત, હું મારા બધા મિત્રો અને મારા વિવિધ તાલીમ કાર્યક્રમોમાં ભાગ લેનારાઓ તરફ કૃતજ્ઞતાની ઉંડી લાગણી વ્યક્ત કરવા ઈચ્છું છું. એ બધાંના વ્યક્તિગત નામોની સૂચિ બનાવવા માટે તેમની સંખ્યા ઘણી વિશાળ છે. જોકે, નીચેની વ્યક્તિઓનો વિશિષ્ટ ઉલ્લેખને લાયક છે. સરળ સંદર્ભ માટે તેમના નામો અંગ્રેજી આલ્ફાબેટ મુજબ આપ્યાં છે.

આચાર્ય વી., અમુધા પી. કંદસામી, અર્પુદામારી, એ. અરુલ મરીનાથન, બાબુ કે. વર્ગીસ, ભરત કપાસી, બીશપ જોસેફ ડીસીલ્વા (સ્વ.) બ્રધર જેકોબ એઝહાનીકલ, આર. દેવરાજ, એલ્ગી ડેની, એમેન્યુઅલ દાસ, એથીરાજુલુ નાયડુ, ગંગારામ નાઈક, પી. ગાસ્પર, કે.જે. જ્યોર્જ, ગીરી રાજુ, જ્ઞાનેન્દ્રકુમાર, ગુનાકોડી સેકર, ઈલ્યાસ મોન્ત્રી, ડો. જગન્નાથ રાવ, જ્ય પ્રકાશ તિવારી, જયનાથન, જહોન જોસેફ, ડો. એમ. જોસેફ વિક્ટર, કે. જોતીરામલીંગમ, આઈ.એ.એસ. શ્રીમતિ કલ્પા રાજેશ, એમ. કંદસામી, આર. કાંતારાજ, ક્રિશ્ના કિશોર, વી.સી. કુમારન, એમ. કુરુવાન, મધુ, માલતી જેરાર્ડ વી મણીકેસી, એમ.એસ. મંજુનાથ,

મારી ઓકેલો, એમ.બી. મેદી, ડો.કે. નાક્કીરણ, કે.કે. નામ્બૂદ્રી, ઓ.પી. નારંગ. પી. નારાયણ ભટ, એમ. નેલ્લાઈઆપન, સ્વ. નિકોલા ઓકેલા, કે.પોન પાન્ડીયન, પૂર્ણીમા સુરેશા, પ્રદિપ સેક્વીરા, પ્રહલાદ એન. કાલરા, પ્રકાશ ગંગારામ, ક્વાડસીયા ગાંધી, આઈ.એ.એસ. રાધા ક્રિષ્નનનાયર, રાજેશ કે. પડીયા, રાજીવ બેરી, ઈ. રવીચન્દ્રન, જે.એન.રેડ્ડી, રેઈનહાર્ડ સ્પ્રેન્ગર, રોની પ્રભુ, શૈલ એમ.એમ., શ્રીમતી શૈલા જ્યોર્જ, શણમુગા વર્મા, શીવ કુમાર, સીમેન લોર્ડસ, સોનીયા પાઉલ, સ્ટીવન પીંટો, આર. સુંદર રાજ, સુરીન્દર પાઉલ, ડી. થાંકરાજ, આઈ.એ.એસ. વેલ્મુરુગન, એસ. વેંકટરમણી, એમ. વિજય કુમાર, વિન્સેન્ટ એ.પીંટો, યેસુદાસન મોટીસ.

હું મારા પત્ની એ. એન્ટોનીઆમાલ, મારાં બાળકો અને તેમના સહધર્મચારીઓ, ડો.ડેનીસ, ફ્રીડા, પ્રકાશ, રૂપા, શીલા પ્રીટર અને મારાં પૌત્ર-પૌત્રીઓ નીકિતા, અલાન અને પ્રીતિકાનો મારી સાહિત્યિક પ્રવૃત્તિમાં તેમના અથાક ટેકા તથા સહયોગ માટે પુષ્કળ ઋણી છું.

ડો. જી. ફ્રાન્સીસ ઝેવીયર પીએચ.ડી.

૧

તમારા શત્રુનું હૃદય હરી લો



એક ખૂબ જ સફળ કરીયાણાવાળાની સુસજ્જ દુકાન હતી. તેનો ધંધો ઘણો ફૂલ્યો ફાલ્યો હતો. ઘણા ગ્રાહકો તેમની રોજીંદી જરૂરીયાતો માટે નિયમિત તેની દુકાને આવતા હતા અને તેને પ્રોત્સાહિત કરતા હતા, તેથી તે સ્વાભાવિક રીતે જ ખુશ હતો. તેના અતિશય આઘાત અને નિરાશા વચ્ચે, બરાબર તેની દુકાનની સામે જ એક વિશાળ ડીપાર્ટમેન્ટલ સ્ટોર ચણાયો. અતિશય દુ:ખ સાથે તે તેના ગુરુ પાસે ગયો અને તે અને તેનો પરિવાર એક સૌકાથી તે દુકાનની માલિકી ધરાવતા હતા તે વાત કરી. હવે તે દુકાન ગુમાવવી તે તેનો વિનાશ નોતરશે, કારણ કે તેનામાં બીજી કોઈ આવડત નથી.

ગુરુએ કહ્યું, ''જો તું તે ડીપાર્ટમેન્ટલ સ્ટોરના માલિકથી ડરીશ તો તું તેને ધિક્કારીશ અને એ ધિક્કાર તારું પતન બનશે."

"તો મારે શું કરવું જોઈએ ?" વિહવળ થઈ ગયેલા દુકાનદારે પૂછ્યું. "દરરોજ સવારે તારી દુકાનની ફૂટપાથ પર સમૃદ્ધિ માટે પ્રાર્થના કરતો, તારી દુકાનને આશિર્વાદ આપતો આંટા માર. પછી ડીપાર્ટમેન્ટલ સ્ટોરની સામે ફરીને ઉભો રહે અને તેને પણ આશીર્વાદ આપ."

"શું ? મારા સ્પર્ધક અને વિનાશ કરનારાને આશીર્વાદ આપું ?" "તું તેને જે કાંઈ પણ આશીર્વાદ આપીશ તે તારાં ભલાં

માટે તારી પાસે જ પાછા ફરશે. તેને માટે તું જે ખરાબ ઈચ્છીશ તે તારો વિનાશ કરશે."

એક વર્ષ પછી તે કરીયાણાવાળો તેના ગુરુને જાણ કરવા આવ્યો કે તેના ડર મુજબ, તેણે પોતાની દુકાન બંધ કરી દીધી હતી.

પ્રશ્નો

૧. કરીયાણાવાળાએ તેની દુકાન શા માટે બંધ કરી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. તે પેલા ડીપાર્ટમેન્ટલ સ્ટોરનો માલિક બની ગયો હોવાથી તેણે પોતાની કરીયાણાની દુકાન બંધ કરવી પડી હતી.

૨. આપણે એકાંતમાં નથી જીવતા. બ્રહ્માંડનું દરેક તત્વ એકબીજા સાથે ગુંથાયેલું છે. આ એક વૈજ્ઞાનિક સત્ય છે. આપણા વિચારોમાં આ બહુપરિમાણીય અવકાશમાં ઘૂમવાની શક્તિ છે. આપણે અનુભવીએ છીએ તે દરેક લાગણી આખા બ્રહ્માંડમાં વ્યાપી જાય છે. એક વ્યક્તિ વિશેના આપણા જે સારા વિચારો હોય તે તેમને સભાનપણે પહોંચી જાય છે. દરેક વ્યક્તિ (એક યા બીજી રીતે) સામા માણસની સારી અથવા ખરાબ લાગણી પારખી શકે છે. આપણી જાણ સાથે કે વગર, આ કુદરતી ઘટના અનિવાર્યપણે સતત આપણા જીવનમાં બન્યા કરે છે. કરીયાણાવાળાએ તે ડીપાર્ટમેન્ટલ સ્ટોરના માલિકને ધિક્કાર્યો નહીં અને ઉલટાના તેના સ્ટોરને આશીર્વાદ આપ્યા; તેથી સમયાંતરે તેઓ સારા મિત્રો બન્યા અને દુકાનદાર તે સ્ટોરનો ભાગીદાર બન્યો. તેને વધુ અનુભવ હોવાથી તે તે ડીપાર્ટમેન્ટલ સ્ટોરને વધુ

કાર્યક્ષમ રીતે ચલાવી શક્યો. છેવટે, પહેલાનાં માલિકે ડીપાર્ટમેન્ટલ સ્ટોરના બધા હક્કો તે કરીયાણાવાળાને વેંચી દીધા અને તે ગામ છોડીને ચાલ્યો ગયો.

૨

વિદ્વતા અને ડહાપણ વચ્ચેનો તફાવત



એક કંપનીએ બે અલગ અલગ પૂર્વભૂમિમાંથી આવતા, સમાન રીતે નિપુણ અને બુધ્ધિશાળી એવા બે કર્મચારીઓની નિમણુક કરી. જ્યારે કર્મચારી 'અ' સ્ટાઈલીશ અને આત્મવિશ્વાસુ અને દેશની શ્રેષ્ઠ સંસ્થામાંથી સ્નાતક થયેલો હતો, ત્યારે કર્મચારી 'બ' થોડોક દબાયેલો છતાં વ્યવહાર કુશળ હતો અને તેની પાસે બીજા પર રૂઆબ છાંટવા માટે થોડાં વર્ષના અનુભવ સીવાય કશું હતું નહીં. જોકે, કર્મચારી બ ને તે બંનેમાંથી હંમેશાં વધુ ડાહ્યો ગણવામાં આવતો અને વધુ સારી તકો આપવામાં આવતી. કર્મચારી અ એ વ્યથિત થઈને કંપનીના પ્રેસીડન્ટને પૂછયું કે જ્યારે તે નિશ્ચિતપણે બ કરતાં વધારે વિદ્વાન હતો, ત્યારે તેને કેમ ઓછો ડાહ્યો ગણવામાં આવતો હતો. પ્રેસીડન્ટના જવાબે અને જીવનની સાચી દૃષ્ટિ સમજાવી.

પ્રશ્નો

૧. પ્રેસીડન્ટનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. પ્રેસીડન્ટે કહ્યું, "પુસ્તકો વાંચીને અને વ્યાખ્યાનો સાંભળીને વિદ્વતા મેળવાય છે. ડહાપણ જીવન કિતાબ વાંચીને મેળવાય છે."

૨. પુસ્તકો વાંચીને અને વ્યાખ્યાનો સાંભળીને મેળવેલું જ્ઞાન ગૌણ અને બાહ્ય છે. તે માત્ર ઉછીની મેળવેલી વસ્તુ છે. "જીવન કિતાબ વાંચવી" તેમાં વિચારવાની, કલ્પના કરવાની, નીરખવાની, નિર્ણય લેવાની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. આ પ્રક્રિયાઓ સક્રિય અને આંતરિક છે. તે મૌલિક અને સર્જનાત્મક છે. દુનિયાએ જેઓ નિહાળી અને કલ્પી શક્યા તેવા લોકોના પ્રયાસો દ્વારા જ વૈજ્ઞાનિક અને ટેક્નલોજીકલ પ્રગતિ સાધી છે. કલ્પના ખાલી જ્ઞાન કરતાં ઘણી વધારે શક્તિશાળી છે. ડહાપણ આત્મ-જ્ઞાનમાંથી ઉદ્ભવે છે. "જીવન કિતાબ વાંચવી" એ જરાય સહેલું કામ નથી, કારણ કે દિવસની દરેક ક્ષણ તે પુસ્તકનું નવું સંસ્કરણ લઈ આવે છે.

3

અટ્ટહાસ્યની ભૂમિ પર પહોંચવું



ગુરુ પ્રસન્નચિત્ત હતા એટલે તેમના શિષ્યોએ તેઓ તેમની દિવ્યની શોધમાં કયા તબક્કામાંથી પસાર થયા હતા તે તેમની પાસેથી જાણવાનું વિચાર્યું. તેમણે કહ્યું, “સૌ પ્રથમ ઈશ્વર મને મારો હાથ પકડીને ક્રિયાની ભૂમિમાં લઈ ગયા, જ્યાં હું થોડાં વર્ષો રહ્યો. તેઓ પાછા ફર્યા અને મને દુ:ખની દુનિયામાં દોરી ગયા, જ્યાં મારું હૃદય દરેક અસામાન્ય સંધાનોથી શુધ્ધ થયું ત્યાં સુધી હું રહ્યો. ત્યારે જ મેં મારી જાતને પ્રેમના હાથમાં પડેલી જોઈએ, જેની પ્રજવલિત જવાળાઓ આપણી જાતમાં રહેલા ‘સ્વ’માં જે રહી ગયું હોય તેને સ્વાહા કરી જાય છે. પછી તેઓ મને મૌનની ભૂમિમાં લઈ ગયા જ્યાં જીવન અને મૃત્યુનાં રહસ્યોએ પોતાની જાતને મારી ભટકતી આંખો સામે પ્રગટ કરી.”

“તમારી શોધનું તે અંતિમ ચરણ હતું ?” તેમણે પૂછ્યું.

“ના” ગુરુએ કહ્યું અને આગળ ચલાવ્યું.

પ્રશ્નો

૧. ગુરુએ તેના શિષ્યોને આગળ શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. એક દિવસ ઈશ્વરે કહ્યું, “આજે હું તને મંદિરના ગર્ભગૃહ, ઈશ્વરનાં પોતાનાં હૃદયમાં લઈ જઈશ, અને મને અટ્ટહાસ્યની ભૂમિ પર દોરી જવામાં આવ્યો,”

૨. જ્યારે તમે હસો છો, ત્યારે તમે ખુશ છો. જ્યારે તમે ખુશ હોવ ત્યારે તમારામાં ધિક્કાર, રોષ, ઈર્ષ્યા અને બીજી નકારાત્મક લાગણીઓ નથી હોતી. નકારાત્મક લાગણીઓની ગેરહાજરીમાં, હૃદયમાં પ્રેમ અને કરુણા હોય છે. આધ્યાત્મિકતાનું આ છેલ્લું ચરણ છે. માત્ર હસતા, હસતા, હસતા રહેવાથી કોઈનાપણ વડે આ સહેલાઈથી લાવી શકાય છે.

૪

કામને કરુણાથી સમજો



ચીનની એક વૃદ્ધ સ્ત્રી વીસ કરતાં પણ વધારે વર્ષોથી એક સાધુને ટેકો આપતી હતી. તેણીએ તેને માટે એક નાની ઝૂંપડી બાંધી અને જ્યારે તે તેનો બધો સમય ચિંતન-મનનમાં ગાળતા હતા ત્યારે તેણી તેને ખવરાવતી.

આ સમયગાળાના અંતે તે માણસે કેટલી પ્રગતિ કરી છે તેવો તેણીને વિચાર આવ્યો. તેણીએ કામેચ્છાથી ભડકે બળતી એક છોકરીની મદદનો સાથ લઈને તેને કસોટી પર ચડાવવાનું નક્કી કર્યું. "ઝૂંપડીમાં જા, અને તેને ભેટી પડ." તેણીએ છોકરીને કહ્યું. છોકરી રાત્રે તે સાધુ પાસે ગઈ પરંતુ તે તો ચિંતન-મનનમાં જ મગ્ન હતો. વધારે ખટપટ કર્યા વગર તેણીએ તેને વહાલ કરવાનું શરૂ કર્યું અને કહ્યું, "હવે આપણે શું કરીશું ?" સાધુનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. તેણે સાવરણી ઉપાડી અને છોકરીને ઝૂંપડીની બહાર ધકેલી દીધી.

છોકરીએ પાછા જઈને વૃદ્ધાને અહેવાલ આપ્યો.

પ્રશ્નો

૧. વૃદ્ધાની પ્રતિક્રિયા શું હતી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. જ્યારે તેણી પાછી ફરી અને શું થયું હતું તેનો અહેવાલ આપ્યો, ત્યારે વૃદ્ધાએ ક્રોધે ભરાઈ અને બગડી ઉઠી, "કેવા માણસને મેં વીસ વર્ષ સુધી ખવરાવ્યું તે વિચાર, તેણે તારી જરૂરીયાત તરફ કોઈ સમજણ કે તને તારી ભૂલમાં માર્ગદર્શન આપવાની કોઈ મનોવૃત્તિ ન દેખાડી. તેણે તારા કામને વશ થઈ જવું જરૂરી ન હતું, પરંતુ આટલા બધા વર્ષોની પ્રાર્થના પછી, આટલા બધા વર્ષો સુધી સાધના કર્યા પછી છેવટે તે પોતાનામાં થોડી કરુણા તો વિકસાવી જ શક્યો હોત."

૨. સાધના અને તપ સ્વ-મહત્તા માટે નહીં પરંતુ સ્વ-શુધ્ધિકરણ માટે કરાય તેવી અપેક્ષા રખાય છે. સ્વયંશુધ્ધ થયેલી વ્યક્તિ આપણી વાર્તામાંની છોકરીના કામને સમજી શકી હોત. સાધુ તે સ્ત્રી સાથે જે રીતે ગુસ્સે થઈ ગયો તે હકીકત દર્શાવે છે કે તે આ બધું સ્વ-મહત્તા માટે કરતો હતો. તેની ક્રિયામાં વધારે પડતા અહમનું તત્વ છે. એક પ્રાર્થના અને ચિંતન-મનન કરતી વ્યક્તિએ કોઈપણ કારણસર કોઈની પણ સાથે ગુસ્સે થવું ન જોઈએ.

૫

તમારા જીવનમાં ચમત્કારો સર્જો



વી.બેકમેન એક વખત તેમના પરિવાર સાથે પીકનીક માટે ગયા. તેમની ગાડી એક ઢાળ પર પાર્ક કરાઈ હતી. તેનો ચાર વર્ષનો દિકરો કારની નજીક જ રમતો હતો. ઓચિંતી કાર ખસવા લાગી અને તેનો દિકરો પૈડાંની નીચે લગભગ આવી જ ગયો હતો. આ જોઈને બેકમેને તે ભારે ભરખમ કારનું બંપર પકડી લીધું અને પુત્રને બચાવવા માટે તેને ઉંચું કરવાનો પ્રયત્ન કર્યો.

પ્રશ્નો

૧. તે તેના પુત્રનો બચાવી શક્યો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. બેકમેને ચમત્કારીક રીતે તેની કારને એટલી ઉંચી ઉંચકી લીધી કે તે તેના પુત્રને પૈડાં નીચે ચગદાઈ જવાની કરુણતામાંથી

બચાવી શક્યો.

૨. આ વાર્તાના સંદર્ભમાં હું સ્વામી ચિન્મયાનંદે તેમના પુસ્તક 'લાઈફ એન્ડ મેડીટેશન' માં કહેલી વાર્તા ટાંકીશ.

"હવે વિચારો : તમે ઓચિંતા સાંભળો છો કે તમારા ઘરમાં આગ લાગી છે. તમે દોડી જાવ છો અને જોવો છો કે આખું ઘર આગની જ્વાળાઓમાં લપેટાઈ ગયું છે અને ફાયર બ્રીગેડ નિરુપાય થઈને ઉભું છે. તે સમયે તમે તમારી પત્નીને હાથમાં બાળક સાથે આગમાંથી બહાર આવતાં જોવો છો. જ્યારે તમે પૂછપરછ કરો છો ત્યારે બાળક ઉપરના એક રૂમમાં ઉંઘતું હતું તેવા ડઘાઈ જવાય તેવા અને રોમાંચક સમાચાર સાંભળો છો. હેબતાઈ જવાથી દરેક જણ આમ-તેમ દોડ્યા, અને ત્યારે માતાને બાળક યાદ આવ્યું. બંબાવાળાએ તેના ચાલીસ વર્ષના અનુભવ છતાં કહ્યું, "મા, કોઈપણ માણસ અંદર જઈ શકે તેમ નથી. આખી વસ્તુ ભડકે બળે છે." માતા તરત જ બધું ભૂલી ગઈ અને તેણી હાંફળી-ફાંફળી થઈને અંદર દોડી ગઈ. બધા ધારતા હતા કે તેણી 'પકોડા' જેવી થઈને બહાર આવશે. તેને બદલે, તેમણે જોયું કે તેણીની સાડી પણ સળગી ન હતી. તેણી રૂમમાં ધસી જાય છે, બાળકને ઉપાડે છે, અને બહાર આવે છે. આ ઘટના બન્યા પછી, તેણીને આગની પાસે જવાનું કહો, અને તે ડરી જાય છે, તેણીની કાર્યક્ષમતા ચાલી ગઈ છે. પરંતુ પોતાનાં બાળક માટેના અતિશય પ્રેમની પ્રેરણા હેઠળ, તેણી ચમત્કાર કરી શકી. જો માનવ મનની આ જ શક્તિ હોય, તો તે દિવસના ચોવીસે કલાક અભિનેત્રી તરીકે ન જીવી શકે ? ના, કારણ કે તેણી પાસે તે માટે પ્રેરણા આપનાર લક્ષ્ય નથી. આથી એક સામાન્ય માણસ એક કાયર હોઈ શકે, પરંતુ જ્યારે તેને મોટી માત્રામાં પ્રેરવામાં આવે, ત્યારે તમે જોશો કે તે પોતાની જ જાતમાંથી ઉર્જા અને જીવનશક્તિનું નવું ઝરણું ચમત્કારિક રીતે પ્રગટાવે છે.

૬

દાંપત્ય જીવનની સમસ્યાઓ કેવી રીતે ઉકેલી



એક લગ્ન સલાહકારને પતિ અને પત્ની વચ્ચેની સમસ્યાઓ અને તેને કેવી રીતે ઉકેલવી તે પૂછવામાં આવ્યું. નીચેનું લખાણ તેના શબ્દોમાં "કેટલીક વખત, જ્યારે એક પતિ અને પત્ની તેમના જીવનસાથી વિશે કડવાશથી ફરીયાદ કરતાં મારી પાસે આવે છે ત્યારે હું તેમને દરેક આક્ષેપ સામે, તેઓ એક વખત જે ગુણની પ્રશંસા કરતાં હતાં અને હજી કરે છે, તે લખવાનું કહું છું. પરંતુ, મેં હજી સુધી એવા કિસ્સાનો સામનો નથી કર્યો. કે જેમાં ફરીયાદી તે ચોક્કસ ગુણલક્ષણ વિશે કશુંક પૂરક ન શોધી શક્યાં હોય. ઘણી વખત આ સાદું સાધન આખા સંબંધોમાં નિણાર્યક સાબિત થાય છે. મેં આ સલાહ આપી હતી તેવા એક માણસે તેને એક ડગલું આગળ વધારી. તે સાંજે ઘેર તે એક પેડ અને પેન્સીલ લઈને તેની પત્ની પાસે બેઠો, થોડી થોડી વારે તેણી સામે તાકી તાકીને જોયું અને લખવાનું શરૂ કર્યું. "તમે શું કરો છો ?" છેવટે તેણીએ પૂછ્યું. "તારા સદ્‌ગુણોની સૂચિ બનાવું છું." "સદ્‌ગુણો ?" તેણીએ અશ્રધ્ધાથી પડઘો પાડ્યો. "મને ખબર જ નહીં કે તને લાગે છે કે મારામાં કોઈ સદ્‌ગુણો હોય." "વેલ, તારામાં છે." તેણે કહ્યું અને લખવાનું ચાલું રાખ્યું. કુતુહલવશ તેણે શું લખ્યું છે તે જોવાનું

તેણીને મન થયું અને તેને દેખાડવા કહ્યું. તેણે વાંધો લીધો પરંતુ છેવટે કબુલ્યું. તેણીએ તેણે જે લખ્યું હતું તે આશ્ચર્ય અને આનંદ સાથે વાંચ્યું. "શા માટે ?" તેણીએ કહ્યું, "મને ખ્યાલ જ નહીં કે મારા વિશેનું કશું જ હજી પણ તને આનંદ આપે છે." "ઘણી બધી બાબતો આનંદ આપે છે, અને થોડીક નહીં." તેણે આનંદથી કહ્યું, "વેલ" તેણીએ કહ્યું, "જ્યારે તું આની સૂચિ બનાવે છે, તો તેની પણ બનાવ." તેણે કહ્યું, "તું પણ મારા માટે તેમ કરે તો હું પણ કરીશ."

પ્રશ્નો

૧. આ વ્યાયામનું પરિણામ શું હતું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. અંતિમ પરિણામ એ હતું કે તેઓ બંનેએ તેમની ફરીયાદો એવી શાંત અને મિત્રતાભરી રીતે ખૂલ્લી મૂકી દીધી કે તેમાંથી બહુ થોડીનો તેમને ઉકેલ લાવવો પડ્યો.

૨. દાંપત્યજીવનની સમસ્યાઓ મોટેભાગે અરસપરસ વાતચિતના અભાવને કારણે ઉભી થાય છે. જ્યારે દંપત્તિ પ્રમાણિકપણે એકબીજા તરફની લાગણી વિશે વાત કરવાનું શરૂ કરે છે ત્યારે બધી સમસ્યાઓ સહેલાઈથી ઉકેલી શકાય છે.

૭

અભિમાન કરતાં પ્રાયશ્ચિત વધુ સારું છે



પૂર્વના દેશના એક સુલતાનની વાત છે, જે પ્રાર્થના કરવા માટે નિયમિતપણે સવારે વહેલો ઉઠતો હતો. એક દિવસ, તે પ્રાર્થનાના સમયે ઉઠી જવામાં નિષ્ફળ ગયો, તે સવારે શયતાને તેને ઉઠાડ્યો અને ઉભા થઈને પ્રાર્થના કરવાનું કહ્યું, “તું કોણ છો ?” સુલતાને પૂછયું. “જ્યાં સુધી મારું કામ સારું છે ત્યાં સુધી હું ગમે તે હોઉં.” “હા, પરંતુ મને લાગે છે કે તું શયતાન છે અને તારો કોઈક બદઈરાદો હોવો જ જોઈએ. હું માત્ર એ જાણવા માગું છું કે તું શા માટે હું ઉઠું અને પ્રાર્થના કરું તેવું ઈચ્છતો હતો ?” “વેલ,” શયતાને કહ્યું...

પ્રશ્નો

૧. શયતાને સુલતાનને શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. "જો તું સૂઈ રહ્યો હોત અને તારી પ્રાર્થના ભૂલી ગયો હોત, તો તેને માટે પાછળથી તને દુ:ખ થાત, અને આવો પશ્ચાતાપ ઈશ્વરને માટે વધુ ખુશ કરનારો હોત. પરંતુ જો તું અત્યાર મુજબ જ ચાલુ રાખે, અને દસ વર્ષો સુધી એક પણ પ્રાર્થના જતી ન કરે, તો તું તારે પોતાને વિશે એટલો બધો સંતુષ્ટ થઈ જઈશ કે તો તું અભિમાનનાં વધારે ઘાતક પાપમાં પડીશ, જે મને વધારે આનંદ આપશે." શયતાને કહ્યું.

૨. પશ્ચાતાપ સાથે ભળેલો દોષ અભિમાન સાથે ભળેલા ગુણ કરતાં વધારે સારો છે.



એક શબ્દમાં ધર્મનો અર્ક



એક વખત એક ગવર્નર તેમના નિયમિત પ્રવાસમાં હતા. રસ્તામાં તેઓ મહાન ગુરુને આદર આપવા માટે ગયા. "રાજ્યની બાબતો મને લાંબા વિવરણો માટે સમય નથી આપતી. શું તમે મારા જેવા વ્યસ્ત માણસ માટે ધર્મનો અર્ક એક કે બે ફકરામાં આપી શકો ?"

ગુરુએ જવાબ આપ્યો, "આપના જેવા મહાનુભાવના લાભાર્થે હું તેને એક શબ્દમાં પણ મૂકી શકું."

"અકલ્પનીય ! એ અસામાન્ય શબ્દ કયો છે ?" ગવર્નરે પૂછ્યું.

"મૌન" ગુરુએ કહ્યું.

"અને મૌન તરફ જતો માર્ગ ક્યો છે ?"

"ચિંતન-મનન"

"અને, શું હું પૂછી શકું, ચિંતન-મનન શું છે ?"

ગુરુએ જવાબ આપ્યો...

પ્રશ્નો

૧. ગુરુએ શું જવાબ આપ્યો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ગુરુએ ફરી જવાબ આપ્યો, "મૌન."

૨. અહીં મૌન એટલે આંતરિક અને બાહ્ય શાંતિ. સામાન્ય રીતે, લોકો ચિંતન-મનનમાં બાહ્ય મૌન રાખે છે. બાહ્ય મૌન જ્યારે માણસ બોલીને કે લખીને બીજા સાથે વાતચિત નથી કરતો ત્યારે આવે છે. ચિંતન-મનનમાં આંતરિક મૌનનું સૌથી વધારે મહત્વ છે. મગજમાં, દિવસ રાત સતત સંવાદો ચાલ્યા જ કરતા હોય છે. ચિંતન-મનનો હેતુ મગજના આંતરિક સંવાદો અટકાવવાનો છે. આંતરિક સંવાદો કાં તો ભૂતકાળ અથવા ભવિષ્યકાળ વિશેના હોય છે. ચિંતન-મનન એ દરરોજ એક ચોક્કસ સમય માટે એવી ઘણી વસ્તુઓ તરફના દરવાજા બંધ કરે છે જે દરેક પાસે સતત માગણી કરતી રહે છે. તે દરરોજની દુનિયાના શોરબકોર તરફ મનની નિરવતા છે.



કરવા કરતાં વિચારવાનું ચડીયાતું છે



ફોર્ડ મોટર્સનો એક કાર્યક્ષમ તજજ્ઞ એક વખત હેન્રી ફોર્ડને તેનો રીપોર્ટ આપી રહ્યો હતો. "તમે જોશો, સર, કે હોલમાં ત્યાં બેઠેલા માણસ સીવાય, રીપોર્ટમાં બધું ખૂબ જ સાનુકુળ છે. હું જેટલી વાર તેની પાસેથી પસાર થાઉં છું, ત્યારે તે ટેબલની ઉપર પગ ચડાવીને બેઠો હોય છે. તે તમારા પૈસા બરબાદ કરી રહ્યો છે."

હેન્રી ફૉર્ડ માત્ર હસ્યા, અને કંઈક એવું કહ્યું જે તે તજજ્ઞ માટે બોધપાઠ હતો.

પ્રશ્નો

૧. હેન્રીફોર્ડે તેને શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ફૉર્ડે કહ્યું, "આ જ માણસને એક દિવસ એક વિચાર આવેલો જેણે આપણું ભવિષ્ય બનાવી આપ્યું. તે સમયે પણ, હું માનું છું કે તેના પગ બરાબર ત્યાં જ હતા, જ્યાં આજે છે."

૨. આ ગ્રહ ઉપર આપણે જે કાંઈપણ જોઈએ છીએ તે મગજનું સર્જન છે. એ વિચારો અને કલ્પના છે જે દુનિયાને તે અત્યારે જેવી છે તેવી બનાવે છે. આધુનિક ઉક્તિ છે, "ચાલાકીથી કામ કરો, પરિશ્રમથી નહીં." જો તમે વધુ ચાલાક થઈને કામ કરવા માંગતા હોવ તો વિચારવાની શક્તિનો ઉપયોગ કરો. બહુ ઓછા લોકો વિચારે છે. જેઓ વિચારે છે માત્ર તેઓ જ પરિણામો પેદા કરે છે.

૧૦

હંમેશાં હકારાત્મક પ્રતિક્રિયા આપો



એક વખત એક પાદરી એટલો પવિત્ર હતો કે તે કોઈનું બૂરું વિચારતો ન હતો, એક દિવસ તે કોફીનો એક કપ પીવા માટે એક રેસ્ટોરન્ટમાં બેઠો, તે દિવસ ઉપવાસ અને મનોનિગ્રહનો હોવાથી તે બીજું કંઈ લઈ શકે તેમ ન હતો. તેનાં આશ્ચર્ય વચ્ચે તેણે તેની ધર્મસભાના એક સભ્યને બાજુનાં જ ટેબલ પર ખૂબ જ ખાવાનું અકરાંતીયાની જેમ ખાતો જોયો. “ફાધર, મને વિશ્વાસ છે કે મેં તમને આઘાત નથી પહોંચાડ્યો.” તે યુવાને હસીને કહ્યું. “ઓહ ! હું માનું છું કે તું ભૂલી ગયો છો કે આજે અપવાસ અને મનોનિગ્રહનો દિવસ છે.” પાદરીએ કહ્યું.

“ના, એ મને સ્પષ્ટપણે યાદ છે.”

“તો પછી તું બીમાર હોઈશ અને ડોકટરે તને ઉપવાસ કરવાની મનાઈ કરી હશે.”

“જરાપણ નહીં. મારી તબીયત ખૂબ જ સારી છે.”

આ સાંભળીને પાદરીએ સ્વર્ગ તરફ નજર કરી અને કશુંક કહ્યું જેણે તે યુવાનને શરમાવ્યો.

પ્રશ્નો

૧. પાદરીએ શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો,

જવાબો

૧. પાદરીએ ઈશ્વરને કહ્યું, "આ યુવા પેઢી આપણે માટે કેવું ઉદાહરણ છે. તેઓ જૂઠ્ઠું બોલવાને બદલે તેમના પાપ કબુલ કરે છે તે વાત મહાન નથી ?"

૨. આપણે જેટલા વધારે પવિત્ર, તેટલી દરેક વસ્તુ તરફ સકપ્રાત્મક રીતે જોવાની શક્યતા વધારે. દરરોજ આપણી સામે વિવિધ ઉત્તેજકો રજુ કરવામાં આવે છે. જો આપણે સકારાત્મક પ્રતિક્રિયા આપીએ તો આપણે સકારાત્મક વ્યક્તિત્વ વિકસાવીએ છીએ. બીજી તરફ, નકારાત્મક પ્રત્યાઘાતો આપણને કેટલીક સમસ્યાઓમાં મૂકી દેશે. દુનિયા એક આશાવાદીને લીલી અને નિરાશાવાદીને કાળી દેખાય છે.

૧૧

તમારી જાતને બીજાની સેવામાં ખોવાઈ જવા દો



થોડા વર્ષો પહેલાં, એક યહુદી ધર્મગુરુ દર અઠવાડીયે સબાથની સાંજે અદૃશ્ય થઈ જતા. તેમની અસામાન્ય ગેરહાજરીથી તેમના પ્રાર્થના મંડળને શંકા પડી. તેમણે તપાસ કરવાનું નક્કી કર્યું. તેમણે તેમના એક સભ્યને તેમની પાછળ જવા માટે રોકયો. તેમની શંકા એ હતી કે તેઓ ગુપ્તપણે ઈશ્વરને મળતા હશે. પેલા માણસે જે જોયું તે આ હતું : ધર્મગુરુએ ખેડૂતનાં વેશમાં પોતાની જાતને છૂપાવી દીધી અને એક નીચલી જાતીની પક્ષઘાત વાળી સ્ત્રીને તેની ઝૂંપડીમાં તેનો રૂમ સાફ કરીને તથા તેને માટે સબાથનું ભાણું તૈયાર કરીને સેવા આપી.

જ્યારે તે જાસુસ પ્રાર્થના મંડળમાં પાછો ફર્યો ત્યારે તેને પ્રશ્નો પૂછવામાં આવ્યા, "તો, ધર્મગુરુ ક્યાં ગયા ? શું તેઓ સ્વર્ગ તરફ ઉપર ચડ્યા ?"

પ્રશ્નો

૧. જાસુસે શું જવાબ આપ્યો ?
૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. જાસુસે કહ્યું, "ના, સ્વર્ગથી પણ વધારે ઉંચે."

૨. તમારી જાતને બીજાની સેવામાં ખોવાઈ જવા દો. તે સ્વર્ગમાં જવા કરતાં પણ ઘણું વધારે સારું અને ચડીયાતું છે. આ સંદર્ભમાં રાલ્ફ વેલ્ડો ટ્રાઈનની કવિતા ટાંકવી ઉચિત છે :

"હે મારા બંધુ, શું તમે મહાનતા ઈચ્છો છો,
જેમ જેમ સંપૂર્ણ વર્ષો અને ઋતુઓ ઉતાવળે ઉડી જાય છે.
જો માંગવાનું પ્રત્યક્ષ અને માત્ર પોતાને માટે છે.
સાચા અને ચિરસ્થાયી એવા તમે ક્યારેય કહેતા નથી.
પરંતુ બધા સ્વને ભૂલનારા, સારી રીતે જાણે છે કાયદો,
એ હિરો છે, સ્વ ઈચ્છનાર નહીં, જેને મુગટ મળે છે.
તો પછી જાવ અને તમારી જાતને બીજાની સેવામાં લગાડી દો.
અને લો ! ભાગ્યે જ મળતી મહાનતા અને ગર્વ સાથે તે પાછું ફરશે.
તમે પહોંચશો સ્વર્ગથી પણ ઉંચે."

૧૨

બાળકો વધારે સ્માર્ટ બની શકે છે



એક સ્ત્રીએ પોતાને ઘેર ધાર્મિક ઉજવણી રાખી હતી અને તે પ્રસંગ માટે ખૂબ બધા લાડુ બનાવ્યા. તેના પુત્રને રસોડામાંથી મીઠાઈ ચોરવાની આદત હતી. આ પ્રસંગે, તેની માતાએ તેને રંગે હાથ પકડ્યો અને તેને ભગવાન પાસે ખેંચી ગઈ અને પૂછ્યું, "તને ખબર હતી કે તેં લાડુ ચોર્યા ત્યારે ભગવાન ત્યાં હાજર હતા ?"

"હા" , છોકરાએ જવાબ આપ્યો.

"અને તેઓ બધો વખત તારી સામે જોતા હતા ?"

"હા", ફરી છોકરાએ કહ્યું.

"અને તને તેઓ તને શું કહેતા હતા એવું તને લાગે છે ?"

તે છોકરાએ જે જવાબ આપ્યો તેણે તેની માને સાવેસાવ ચીરી નાખી.

પ્રશ્નો

૧. છોકરાનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો,

જવાબો

૧. છોકરાએ કહ્યું, “ભગવાન કહેતા હતા કે, અહીં આપણા બે સીવાય બીજું કોઈ નથી, એટલે બે લાડુ લઈ લે.”

૨. અહીં થયેલી રમુજ કદાચ તમે માણશો. પરંતુ ગહન સત્ય એ છે કે આપણે ભગવાનને જોયા નથી. તે માત્ર આપણા મનનો એક ખ્યાલ છે. બાળકો તેઓ જે જોવે અથવા સાંભળે તે માને છે. તેઓ વ્યવહારુ રીતે જે સામે છે તેનાથી આગળ જઈ શકતા નથી. તેમને રાક્ષસ વિશે કહેવું, કંઈક કરવા અથવા ન કરવા માટે બીક દેખાડવી, એ એવાં જ કારણોસર તેમને ઈશ્વર વિશે કહેવા બરોબર જ છે. તેઓ સમજવા માટે ઘણા જ નાનાં હોય ત્યારે તેમને ઈશ્વર અથવા રાક્ષસ વિશે ન કહેવું તે જ વધુ સારું છું.

૧૩

કશુંક કરવા માટે પ્રેરિત કરો



એક ફ્રેન્ચ બિશપ હતા જે ઈશ્વરનું વરદાન પામેલા વક્તા હતા. તેઓ કઈ વસ્તુને તેમની સૌથી સારી પ્રશંસા ગણતા હતા તેમ પૂછવામાં આવ્યું.

બિશપે જવાબ આપ્યો, “મારી સૌથી સારી પ્રશંસા ત્યારે નથી જ્યારે લોકો આવીને કહે છે - ‘તમે કેટલી સારી ધર્મોપદેશ ધર્મોપદેશ ધર્મોપદેશ આપી, તમે કેટલા અદ્ભુત ધર્મોપદેશક છો.’ પરંતુ...”

પ્રશ્નો

૧. બિશપે આગળ શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. બિશપે કહ્યું, “સૌથી મોટી પ્રશંસા ત્યારે છે જ્યારે કોઈ

મારી પાસે આવીને કહે છે કે મારા ધર્મોપદેશ સાંભળીને તે પ્રેરિત થયો છે.”

૨. ચર્ચની સર્વિસમાં ધર્મોપદેશ આપવાનો મુખ્ય હેતુ લોકોને સારા બનવા માટે પ્રેરિત કરવાનો છે અને માત્ર સારું કરવા માટે પણ આ ગ્રહ પર ધાર્મિક ગ્રંથોના બધા શબ્દો કરતાં ક્રિયા વધારે મોટેથી બોલે છે. જો એમ ન થાય તો આખું ધર્મોપદેશ એક વિધિ બની જાય છે.

૧૪

ગૌરવવંતા વૃદ્ધત્વ માટે સારી તૈયારી કરો



એક સ્વીસ પત્રકાર, જેણે આખી જીંદગી કઠોર પરિશ્રમ કર્યો હતો અને જે તેનાં સારાં કામ બદલ પુષ્કળ કીર્તિ અને કલદાર કમાયો હતો, તેણે નિવૃત્તિ લેવાનું નક્કી કર્યું. તેનો છેલ્લો ઈન્ટરવ્યુ ઈટાલીના નવા વડાપ્રધાન અલ્સીયુડ દ ગાસ્પટી સાથે હતો. ઈન્ટરવ્યુ પુરો થઈ ગયો પછી જ્યારે તેઓ બંને થોડી ચ્હા અને અનૌપચારિક વાતો માટે બેઠા, ત્યારે પત્રકારે સામાન્ય વાત કરી, "આ મારો છેલ્લો ઈન્ટરવ્યુ છે. હું ૬૫ નો થયો અને નિવૃત્ત થવામાં છું."

નવા વડાપ્રધાને ટીપ્પણી કરી :

પ્રશ્નો

૧. નવા વડાપ્રધાનની ટીપ્પણી શું હતી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. વડાપ્રધાને કહ્યું, "ઓહ ! કેવું દયાજનક, હું પણ ૬૫નો છું, પરંતુ એક નવી કારકીર્દિના ઉંબરે ઉભો છું."

૨. નવી કારકીર્દિ શરૂ કરવામાં ઉંમરનો કોઈ બાધ હોતો નથી. ઈતિહાસમાં એવી ઘણી ઘટનાઓ છે જ્યારે લોકોએ મોડી શરૂઆત કરી હોય અને અને સિધ્ધી મેળવી હોય. શ્રીલા પ્રભુપાદ, આખી દુનિયામાં ફેલાયેલી કૃષ્ણ ચેતના ચળવળના સ્થાપક એક આવી વ્યક્તિ હતાં. ૬૯ વર્ષની ઉંમરે તેઓ ભારતથી અમેરિકા ગયા. ભારત છોડતાં પહેલાં તેમણે ત્રણ પુસ્તકો લખ્યાં હતાં. પછીના બાર વર્ષોમાં ચાર હજારથી વધુને દિક્ષા આપી. અમેરિકાની દરીયાઈ મુસાફરી કરતા પહેલાં તેઓ ક્યારેય ભારતની બહાર ગયા ન હતા. પરંતુ પછીનાં બાર વર્ષોમાં તેઓ કૃષ્ણ ચેતના ચળવળનો પ્રચાર કરતા કેટલીયે વાર આખી દુનિયામાં ફર્યા.

આ નોંધી લો : ભલે તેમના જીવનમાં ક્રાંતિકારી આધ્યાત્મિક સિધ્ધીનો વિસ્ફોટ ઘણો મોડો થયેલો દેખાય, પરંતુ તેમના જીવનના પહેલા ઓગણસીત્તેર વર્ષ તેમણે તેમના જીવનમાં જે સિધ્ધ કર્યું તેની તૈયારીરૂપ હતાં.

૧૫

માફી આપીને તમારી જાતને મુક્ત કરો



ઘણીવાર કહેવાયું છે કે મુશ્કેલીના સમયમાં જે મિત્ર છે, તે હંમેશા માટે મિત્ર છે. એક નાઝી કૉન્સન્ટ્રેશન કેમ્પની ભૂતપૂર્વ વ્યક્તિ તેના એક મિત્રને મળવા આવ્યો જે વર્ષો પહેલાં એવી જ અગ્નીપરીક્ષામાંથી પસાર થયો હતો. સામાન્ય મજા મશ્કરીની આપ-લે કર્યા પછી, તેઓ બંને તેમની અંગત જીંદગી વિશે વાત કરવા લાગ્યા. તેઓમાંથી એક બરાડી ઉઠ્યો, “વેલ, હું એ આખી વસ્તુમાંથી ખરેખર બહાર નથી આવી શક્યો. હું હજી નાઝીઓ માટે ખૂબ જ ધિક્કારની ભાવનાથી ભરેલો છું.”

પ્રશ્નો

૧. બીજાએ આ બાબતમાં શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. "વેલ, તેઓએ હજી તને કેદમાં રાખ્યો છે." બીજા મિત્રએ કહ્યું.

૨. ધિક્કાર ગુલામી લાવે છે. માફી મુક્ત કરે છે. એક વખત શત્રુઓને માફી અપાઈ જાય. પછી આપણને મનની શાંતિ મળે છે અને આપણે આપણાં પરાકાષ્ટાના સ્તરથી કાર્ય કરવા માટે મુક્ત છીએ. ધિક્કાર તણાવ અને હતાશાનું કારણ બને છે જે આપણી ઉત્પાદકતાને નીચે ઉતારે છે.

૧૬

ખંતને તમારો વિશ્વાસુ મિત્ર બનાવો



ગીલ્બર્ટ બેકર એક ઈશ્વર પ્રેમી સૈનિક હતો. જેણે એક વખત પવિત્ર ભૂમિની યાત્રા કરી. તેનાં ભાગ્યમાં હશે એટલે એક સારાકેન વડે તેને કેદી બનાવાયો અને દિવસો સુધી છુપો રખાયો. આ સારાકેનને એક સુંદર પુત્રી હતી જે ગીલ્બર્ટના પ્રેમમાં પડી અને તેની મદદથી તે પાછો લંડન ભાગી ગયો. પરંતુ તેણી ગીલ્બર્ટને ભૂલી ન શકી. એક રાત્રે, તેણીએ તેના ખોવાયેલા પ્રેમને લંડનમાં શોધવા માટે તેના પિતાનું ઘર છોડી દીધું. તે સ્થાને તેણી અજાણી હતી અને ઈંગ્લીશમાં એક શબ્દ પણ બોલી નહોતી શકતી. આ બધાથી પણ ઉપર, તેણી પાસે ગીલ્બર્ટનું સરનામું પણ ન હતું. ઉદાસ છતાં કૃતનિશ્ચયી એવી તેણી તેના નામની બુમો પાડતાં પાડતાં શેરીઓમાં ફરવા લાગી - ગીલ્બર્ટ... ગીલ્બર્ટ... ગીલ્બર્ટ...ગીલ્બર્ટ... દિવસો અને મહિનાઓ વીતી ગયા પરંતુ તેની શોધનું કોઈ પરિણામ ન આવ્યું. પહેલા કરતાં પણ વધુ દૃઢનિશ્ચયથી તેણીએ હજી ચાલુ રાખ્યું. ધીમે ધીમે, આખા શહેરમાં વાત ફેલાઈ ગઈ અને ગીલ્બર્ટના કાને પહોંચી. આ સાંભળીને ગીલ્બર્ટ...

પ્રશ્નો

૧. ગીલ્બર્ટે શું કર્યું તેમ તમને લાગે છે ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. તે તેણીના તેને માટેના પ્રેમથી ખરેખર હલી ગયો હતો, અને તેણીને પરણ્યો,

૨. તેણીની ખંત પ્રશસ્ય છે. ખંત દ્વારા તમે લગભગ બધું જ મેળવી શકો છે. ફરી ફરીને પ્રયાસ કર્યા કરવાથી સૌથી જડ દુર્ગુણ પણ દૂર કરી શકાય છે અને ગુણ વિકસાવી શકાય છે. જો તમે ફરી ફરીને પ્રયત્ન કર્યા કરો તો તમારે માટે કશું જ સિધ્ધ કરવું અશક્ય નથી. આ ખંતનો ગુણ એ આ ગ્રહ પરના બધા જ મહાનતા પ્રાપ્ત કરનારાઓનો એક હોલમાર્ક છે. "જો તમે જીવનમાં સફળતા ઈચ્છતા હોવ તો ખંતને તમારો વિશ્વાસુ મિત્ર, અનુભવને તમારો સલાહકાર, સાવધાનીને મોટો ભાઈ અને આશાને તમારા મુરબ્બી દૂત બનાવો."

(જોસેફ એડીસન)

૧૭

વિવેકી રહો - બીજાનાં હૃદય જીતો



પ્રેસીડેન્ટ લીંકન તેમના વિવેકી અને આતિથ્ય સત્કારવાળા સ્વભાવને કારણે આખી દુનિયામાં જાણીતા હતા. તે ક્યારેય લોકો વચ્ચે ભેદભાવ નહોતા કરતા. એક વખત એક અધિકારી સાથે ફરતા હતા ત્યાં તેઓ એક કાળા ભિખારીને મળ્યા જેણે આદરપૂર્વક તેમનું અભિવાદન કર્યું. બદલામાં પ્રેસીડન્ટે તેમની હેટ તે ભિખારી સામે ઉંચી કરી. અધિકારીએ આશ્ચર્યથી લીંકનને પૂછ્યું, “તમે એ અણઘડ ભિખારી પાસે હેટ કેમ ઉંચી કરી ?” પ્રેસીડન્ટે આનો હસીને જવાબ આપ્યો...

પ્રશ્નો

૧. પ્રેસીડન્ટનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. પ્રેસીડન્ટે જવાબ આપ્યો, "હું ક્યારેય નથી ઈચ્છતો કે કોઈ મારા કરતાં વધારે વિવેકી હોય."

૨. વિવેક બધાનાં હૃદય જીતે છે. જ્યાં વિનમ્રતા છે ત્યાં વિવેક ફૂલેફાલે છે. વિનમ્રતા એ સંતોનો હોલ માર્ક છે. માણસે તેની રોજ-બ-રોજની જીંદગીમાં આ વિવેકનો ગુણ ઉતારવો જોઈએ.

૧૮

તમે જીવતા હો ત્યારે આપો



એક ડુક્કર સતતપણે તેની લોકપ્રિયતાના અભાવનો કકળાટ કરતું હતું. તે હંમેશાં તેની મિત્ર ગાય પાસે જઈને ફરીયાદ કરતું કે લોકો હંમેશાં ગાય માટે કેટલું સારું સારું બોલતા પરંતુ કોઈ પાસે ક્યારેય તેને માટે સારો શબ્દ ન હતો. સાચી વાત કે ગાય દૂધ અને મલાઈ આપતી હતી, પરંતુ તેણે ચાલુ રાખ્યું કે ડુક્કર તો ઘણું વધારે આપતાં હતાં, તેઓ માણસને બેકોન, હેમ અને બ્રશ માટેના બરછટ વાળ આપતાં હતાં. તેણે આવી કદરના અભાવનું કારણ જાણવાની માંગણી કરી. ગાયએ થોડીવાર વિચાર્યું અને કહ્યું,

પ્રશ્નો

૧. ગાયની ટીપ્પણી શું હતી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ગાયએ જવાબ આપ્યો, “કદાચ એવું હશે કે હું જીવતી હોઉં ત્યારે આપું છું જ્યારે તું મૃત્યુ પામ્યા પછી આપે છે.”

૨. કેટલાક લોકો તેઓ જે કમાયા છે તેમાંથી સ્હેજ પણ માણ્યા વગર સંપત્તિ એકઠી કરે છે. તેઓ ભવિષ્ય અને વૃદ્ધાવસ્થા માટે બચાવે છે. મૃત્યુ અનિશ્ચિત હોવાને કારણે, બધાંને અચંબામાં નાખી દે છે. આવે વખતે, એકઠી કરેલી રકમ એ વ્યક્તિ માટે કોઈ કામની નથી જેણે ખર્ચ કર્યા વગર આટલા લોભથી તે બચાવી છે. ખર્ચ કરવો અને શકય હોય તેટલું દાન કરવું વધારે સારું છે. જીવતા હો ત્યારે આપવામાંથી સુખ મેળવો.

૧૯

તમારી દૃઢ માન્યતામાં મક્કમ રહો



એક શનિવારે, ફીલાડેલ્ફીયાના એક અનીશ્વરવાદી લાખોપતી, શ્રી જીરાર્ડે, તેના બધા કારકુનોને બીજે દિવસે નવા આવેલા ઓર્ડરને અપલોડ કરવામાં મદદ કરવા માટે આવવાનું કહ્યું.

એક યુવાન માણસે શાંતિથી જવાબ આપ્યો, "મિ. જીરાર્ડ, હું રવિવારે કામ કરી શકું નહીં." "યુવાન, તું નિયમો જાણે છે ?" મિ. જીરાર્ડે પૂછ્યું.

"હા, જાણું છું, પરંતુ હું રવિવારે કામ કરી શકું નહીં."

"વેલ, તો ટેબલ પરથી ઉભો થઈ જા, અને કેશીયર તારો હિસાબ કરી આપશે."

એક દિવસ, એક બેન્કર જીરાર્ડ પાસે આવ્યો અને પોતાની બેંકમાં એક નવા કેશીયરની પદવી માટે એક માણસની ભલામણ કરવા તેમને કહ્યું, જીરાર્ડ તે પદવી માટે એક માણસની મજબૂત ભલામણ કરી.

પ્રશ્નો

૧. બેંકમાં કેશીયરની પદવી માટે જીરાર્ડે કોની ભલામણ કરી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. જીરાર્ડે બેંકમાં કેશીયરની પદવી માટે પેલા કાઢી મૂકાયેલા માણસની ભલામણ કરી.

૨. ભલે જીરાર્ડે તે માણસને કાઢી મૂક્યો હતો, પરંતુ તેણે તેના ઉત્તમ ચારિત્ર્યને ઓળખ્યું હતું. જે કોઈપણ માણસ તે જે વસ્તુ સાચી માનતો હોય તેને માટે પોતાનાં હિતનું બલીદાન આપી દે તે એક વફાદાર, વિશ્વાસુ પાત્ર કેશીયર બની શકે.

૨૦

આધ્યાત્મિક વિકાસ માટે બધાનો ત્યાગ કરો



એક વખત એક સુમેધ નામનો ખૂબ જ ગંભીર શિષ્ય હતો. તેણે આધ્યાત્મિકતાઓ અર્થ સમજવા ખૂબ જ પ્રયત્ન કર્યો. તેણે પુસ્તકો વાંચ્યાં, દૂર દૂરના પ્રવાસો કર્યા, સંખ્યાબંધ ચિંતન-મનનના કોર્સમાં જોડાયો પરંતુ તેના પ્રયાસોનું કોઈ પરિણામ ન આવ્યું. છેવટે, તે તેના મઠમાંના ગુરુ સાથે જોડાયો અને દર મહિને સુમેધ વિશ્વાસપૂર્વક તેનો ગુરુને પોતાની આધ્યાત્મિક પ્રગતિનો હિસાબ મોકલતો. પહેલા મહિનામાં તેણે લખ્યું, "હું મારી ચેતનાનો વિસ્તાર અનુભવ છું અને બ્રહ્માંડ સાથે મારા ઐક્યનો અનુભવ કરું છું." ગુરુએ નોંધ ફેંકી દીધી. બીજે મહિને તેણે લખ્યું, "મેં છેવટે શોધી કાઢ્યું છે કે શિષ્ય બધી વસ્તુઓમાં હાજર હોય છે." ગુરુ અતિશય નિરાશ થયા. ત્રીજે મહિને તેણે લખ્યું, "એક અને અનેકનું રહસ્ય મારી ભટકતી નજર સામે ખૂલ્લું થઈ ગયું છે." ગુરુએ બગાસું ખાધું. પછીના મહિનાના રીપોર્ટમાં તેણે લખ્યું, "કોઈ જન્મતું નથી, કોઈ જીવતું નથી અને કોઈ મૃત્યુ પામતું નથી." ગુરુએ નાસીપાસ થઈને હાથ ઉંચા કરી દીધા.

ત્યાર પછી, ગુરુને એક વર્ષ ઉપરાંત સુધી તેના તરફથી કંઈ સમાચાર ન મળ્યા અને છેવટે ગુરુએ તેને તેની માસિક નોંધની યાદ અપાવી. આ વખતે તેણે એવું કંઈક લખ્યું કે ગુરુ આનંદથી નાચી ઉઠ્યા.

પ્રશ્નો

૧. સુમેધે શું લખ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. તેણે લખ્યું, "કોને પડી છે ?"

૨. આધ્યાત્મિક પ્રગતિ તમે શું શીખ્યા અથવા તમે શું શોધ્યું તેવી રીતે મપાતી નથી, પરંતુ તમે દુન્યવી આનંદો તથા અપેક્ષાઓનો કેટલો ત્યાગ કરી શકો છો તેના પરથી મપાય છે.

૨૧

પ્રકૃતિ વિશે જાણવા જેવું ઘણું છે



એક પ્રોટેસ્ટન્ટ બીશપે એક વખત ચર્ચ વડે ચલાવાતી શાળાની વાર્ષિક મુલાકાત લીધી. તેઓએ ઘણા લાંબા સમય પછી તેની મુલાકાત લીધી હોવાથી ત્યાં રાત્રીરોકાણ કરવાનું નક્કી કર્યું. ડીનર પછી તેમણે શાળાના પ્રીન્સીપાલ સાથે ગપશપ કરી. ચર્ચા દરમ્યાન બીશપે કહ્યું, “માણસે પ્રકૃતિનાં રહસ્યો ખૂલ્લાં કર્યાં છે અને ખરેખર ઘણી બધી વસ્તુઓની શોધ કરી છે જે સમાજ માટે ઉપયોગી પુરવાર થઈ છે. પરંતુ મને નથી લાગતું કે તેઓ હવે વધારે ખેડાણ કરી શકે. હું દૃઢતાપૂર્વક માનું છું કે દુનિયાનો બહુ તરતમાં જ અંત આવી જશે.”

પ્રિન્સીપાલ અસંમત થયા, “માણસ હજી વધારેને વધારે શોધ કરવાની પ્રક્રિયામાં છે. પચાસ વર્ષોની અંદર માણસ આ ગ્રહ પર ઘણી વધારે વસ્તુઓની શોધ કરવા સક્ષમ બની જશે.”

“શું તમે એકાદનો પણ ઉલ્લેખ કરી શકો છો ?” બીશપે પડકાર ફેંક્યો.

“કેમ, માણસ તરતમાં ઉડવાનું પણ શીખી શકે છે.” પ્રીન્સીપાલે કહ્યું.

“રબીશ !” બીશપે કહ્યું, “જો ઈશ્વરનો ઈરાદો માણસને ઉડાડવાનો હોત તો તેણે ચોક્કસ તેને પાંખો આપી જ હોત. પરંતુ

તે તો તેણે પક્ષીઓ અને જંતુઓને જ આપી કારણ તે માણસને નહીં તેમને ઉડાડવા માંગતો હતો.”

પ્રશ્નો

૧. તમે તો બીશપનું નામ જાણો છો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. બીશપનું નામ ‘રાઈટ’ હતું. તેને ઓર્વીલ અને વીલ્બર નામના બે પુત્રો હતા, જેઓ એરોપ્લેનની શોધ કરીને ઈતિહાસ રચવા તરફ આગળ વધ્યા.

૨. ટેક્નોલોજીને લગતી શોધખોળો માત્ર આશાવાદ અને દૃષ્ટિ દ્વારા જ શક્ય બને છે. માણસે માનવું જોઈએ કે આ ગ્રહ પર પ્રગટ કરવાનું હજી ઘણું છે. સતત સંશોધનો અને કઠીન પરિશ્રમથી માણસ વધુ સારી રીતે પ્રકૃતિનું ખેડાણ કરવા સક્ષમ બની શકે છે, અને પછી તો એક પછી એક શોધખોળો તેને અનુસરશે. જોકે, તેણે આ શોધખોળોનો ઉપયોગ આ ગ્રહ પરની દરેકે દરેક વ્યક્તિ માટે જીવનને વધુ અર્થપૂર્ણ બનાવવામાં કરવો જોઈએ.

૨૨

માયાળુતાથી બોલો



એક ગુનેગાર ઉચાપતના ગુનામાં ત્રણ વર્ષ સજા ભોગવીને ઈંગ્લેન્ડના ડાર્લીંગ્ટનની જેમમાંથી છૂટ્યો હતો.

એક દિવસ, તે એક શેરીમાં મેયર જોન મોરેલ પાસેથી પસાર થયો. તેણે અગાઉ જે કર્યું હતું તેને કારણે ક્ષોભ અનુભવતો અને સંપૂર્ણપણે પીઠેહઠ કરેલા એવો તે ગુનેગાર મેયરનો સામનો ન કરી શક્યો અને તેમને જોયા જ ન હોવાનો ઢોંગ કર્યો. તે ઉતાવળે મેયર પાસેથી પસાર થઈ ગયો. પરંતુ ઓંચિતાનો તેણે તેના કંપતા હાથ પર એક હૂંફાળા હાથનો સ્પર્શ અનુભવ્યો. મેયરે પ્રેમાળ અને કરુણાભર્યા સ્વરે કહ્યું, “હેલો ! તને જોઈને મને ખૂબ આનંદ થયો ! કેમ છે ?” પેલો માણસ હજી જે બન્યું હતું તે સમજી નહોતો શકતો અને તેમની મુલાકાત અધવચ્ચેથી જ પૂરી થઈ ગઈ.

જે.એસ.જોવેટ વડે કહેવાયેલી વાર્તા મુજબ, વર્ષો પછી મોરેલ અકસ્માતે તે જ માણસને બીજા શહેરમાં મળી ગયા. આ વખતે તે યુવાન સાવ બદલાઈ ગયેલી વ્યક્તિ બની ગયો હતો. તેણે પોતે જ મેયરને ઉભા રાખ્યા, તેમની સાથે દૃષ્ટિ મેળવી અને કહ્યું, “સર, હું જેલમાંથી બહાર આવ્યો ત્યારે તમે મારે માટે જે કર્યું તેને માટે હું તમારો આભાર માનવા માગું છું.” આશ્ચર્ય પામીને મેયરે પૂછ્યું, “મેં શું કર્યું ?”

પ્રશ્નો

૧. ગુનેગારનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. "જ્યારે મેં કરેલા ગુના માટે દુનિયાએ મારા તરફ પીઠે ફેરવી લીધી હતી, ત્યારે તમે પ્રથમ મને એક માનવ તરીકે સ્વીકાર્યો. જ્યારે મારું પોતાનું કહેવાય તેવું કોઈ ન હતું ત્યારે તમે મારા તરફ તમારો હાથ લંબાવ્યો. આજે હું જે કાંઈ પણ છું, તે એ દિવસને કારણે જ છું જ્યારે તમે મારા માટે માયાળુ શબ્દો બોલ્યા. તેણે ચોક્કસપણે મારું જીવન બદલી નાખ્યું છે અને હું તમારા સીવાય બીજા કોઈનો આભારી નથી." તે માણસે જવાબ આપ્યો.

૨. એક માયાળુ શબ્દ, એક કરુણાસભર આલીંગન અને એક સ્મીત હંમેશ માટે કોઈકનું જીવન બદલી શકે અને એક મોટો તફાવત ઉભો કરી શકે. કોઈકનાં જીવનમાં આવો તફાવત ઉભો કરી શકવાની આપણામાં શક્તિ છે. ચાલો શક્ય તેટલી વધુ વખત તે શક્તિનો ઉપયોગ કરવાની આપણે પ્રતિજ્ઞા લઈએ.

૨૩

મુર્ખની જેમ કરકસરીયા ન બનો



એક વખત એક માણસને લાંચ લેવા માટે ન્યાયધિશ સમક્ષ લાવવામાં આવ્યો. ન્યાયધિશે તેને પસંદ કરવા માટે સજાઓના વિકલ્પો આપ્યા – પાંચ કિલો ડુંગળી ખાવી, ૫૦ કોરડા ફટકારવા અથવા હજાર રૂપિયાનો દંડ ચૂકવવો. કંજૂસ ગુનેગાર તેના પૈસા છોડવા નહોતો માંગતો તેથી તેણે એ વિકલ્પ લેવાની ના પાડી. જો તે પચાસ કોરડાનો વિકલ્પ લે તો તે પૂરા થાય તે પહેલાં જ મરી જવાની તેને ખાત્રી હતી. આથી તેણે ડુંગળી ખાવાનું પસંદ કર્યું. તે બેથી વધારે ડુંગળી ખાઈ ન શક્યો અને એ વિકલ્પ પણ જતો કરવો પડ્યો. કોરડામાં એવું બન્યું કે તે દસ સુધી પહોંચ્યો ત્યાં સુધીમાં તેણે જે અતિશય પીડા ભોગવી તે તેને રાડ પડાવવા પૂરતી હતી. "મને છૂટો કરો. પ્લીઝ. હું પૈસા ચૂકવી આપીશ, તમે ઈચ્છશો તો વધારે આપીશ !" આમ એ મૂર્ખ માણસે પોતે થોડા પૈસા બચાવવા માંગતો હોવાથી ત્રણે પ્રકારની સજાનો સ્વાદ ચાખ્યો.

પ્રશ્ન

૧. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારો પોતાનો જવાબ વિચાર્યા પછી જ અમારા જવાબ સાથે તેની ચકાસણી કરો.

જવાબ

૧. ઘણા લોકો પૈસાને વધારે પડતું મહત્વ આપે છે અને જીવનનાં બીજાં પાસાંઓને અવગણે છે. જીવનમાં પૈસો જ બધું નથી. પૈસો તમને આનંદ ખરીદી આપી શકે પરંતુ તે ખુશી ન ખરીદી શકે. પૈસા તમને બ્યુટી પાર્લરમાં લઈ જઈ શકે, પરંતુ તે તમને સુંદર ન બનાવી શકે. તે તમારે માટે દવા ખરીદી શકે પરંતુ તમને સંપૂર્ણ આરોગ્ય ન આપી શકે. તે તમારે માટે જીમનેસ્ટીક સાધનો ખરીદી શકે, પરંતુ તમને સારું શરીરસૌષ્ઠવ ન આપી શકે. તેનાથી તમને સારું કોફીન પરવાડી શકે, પરંતુ તે તમને સારું શાંતિપૂર્ણ મૃત્યુ મળશે તેની ખાતરી ન આપી શકે.

૨૪

ઈશ્વરમાં શ્રધ્ધા રાખો પરંતુ કાર્ય શ્રેષ્ઠ કરો



એક વખત એક પાદરી બારી પાસે બેસીને વિધાતા વિશે ધર્મોપદેશ તૈયાર કરી રહ્યા હતા. ત્યારે તેમણે કંઈક અવાજ સાંભળ્યો, જે વિસ્ફોટ જેવો હતો. તરત જ, લોકો વિહવળ થઈને આમ તેમ દોડવા લાગ્યા. બન્યું એમ હતું કે એક બંધ તુટ્યો હતો અને પાણી ધસમસતું ગામમાં આવી રહ્યું હતું. સ્વાભાવિક રીતે, લોકોને સ્થળાંતર કરાવાઈ રહ્યું હતું. પાદરીએ નીચેની શેરીમાં પાણીને ઉપર ચડતું જોયું. છેવટે તો તેઓ પણ એક માણસ હતા, તેમણે પોતાની અંદર વધતી વિહવળતા અનુભવી. પરંતુ ત્યારે તેમણે વિચાર્યું, "અહીં હું વિધાતા વિશે ધર્મોપદેશ તૈયાર કરી રહ્યો છું. કદાચ ઈશ્વર મારી તેના પરની શ્રધ્ધા ચકાસવા માંગે છે. તેમણે મને હું જે બોધ આપું છું તેનો અમલ કરવાની તક આપી છે. હું બીજા બધાની જેમ ભાગી નહીં જાઉં, પરંતુ મને બચાવવા માટે ઈશ્વરની દૂરદૃષ્ટિમાં વિશ્વાસ રાખીને અહીં જ બેસી રહીશ."

ત્યાં સુધીમાં પાણી લગભગ બારી સુધી આવી ગયું હતું. લોકોથી ભરેલી એક હોડી આવી. "ફાધર, કુદી પડો." એમણે બુમ પાડી.

"ના, મારાં બાળકો," ફાધરે વિશ્વાસપૂર્વક કહ્યું, "હું મને બચાવવા માટે ઈશ્વરની શક્તિમાં વિશ્વાસ ધરાવું છું." પાદરી ડરથી પોતાનાં મકાનનાં છાપરાં પર ચડી ગયા. પાણીને છાપરાં સુધી

પહોંચતાં વાર ન લાગી. ફાધરને તેમની સાથે જોડાવાની આજીજી કરતી બીજી ભરેલી બોટ પસાર થઈ. ફરી તેમણે ના પાડી.

જ્યારે પાણી તેમના ઘુંટણ સુધી આવી ગયું ત્યારે એક મોટરબોટમાં એક અધિકારીને તેમને બચાવવા મોકલવામાં આવ્યો. "ના, થેન્ક યુ ઓફીસર." ફાધરે સ્મિત કરીને કહ્યું, "હું ઈશ્વરમાં વિશ્વાસ રાખું છું. તમે જોજો, તેઓ મને ક્યારેય પડવા નહીં દે."

છેવટે ફાધર તણાઈ ગયા અને સ્વર્ગમાં પહોંચ્યા. તેમણે પહેલું કામ ઈશ્વરને ફરીયાદ કરવાનું કર્યું. "મેં તમારામાં વિશ્વાસ રાખ્યો ! મને બચાવવા માટે તમે કેમ કાંઈ ન કર્યું ?"

ભગવાને કહ્યું, "વેલ..."

પ્રશ્નો

૧. ઈશ્વરે પાદરીને શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. "તને ખબર છે, મેં ત્રણ બોટ મોકલી હતી."

૨. ઈશ્વર દરેક વખતે આપણને બચાવવા પોતે જ આવશે તેમ માનવું તે મૂર્ખતા છે. આપણી પોતાની જીંદગીને બચાવવાનો પ્રયત્ન કરવાનું આપણા પોતાના પર લેવું જોઈએ. બાકીનું ઈશ્વર કરશે. આપણે કારણો અને અસરોમાં માનવું જ જોઈએ. સંજોગો મુજબ ઈશ્વરમાં શ્રધ્ધા રાખો અને તમારાથી થાય તેટલું શ્રેષ્ઠ કરો. કહ્યું છે ને કે, **"જેઓ પોતાને મદદ કરે છે તેમને જ ઈશ્વર મદદ કરે છે."**

૨૫

વિનોદ દ્વારા હૃદય હરી લો



એક પ્રેસ કોન્ફરન્સમાં પ્રેસીડન્ટ રુઝવેલ્ટને તેમના જીવનનો સૌથી રસપ્રદ બનાવ યાદ કરવાનું કહેવાયું. પ્રેસીડન્ટ રુઝવેલ્ટને આ ચોક્કસ રમુજી પ્રસંગ યાદ કરવામાં ઘણીવાર મજા આવતી. બન્યું હતું એવું કે જ્યારે પ્રેસીડન્ટ ન્યુયોર્કના પોલીસ કમીશ્નર હતા ત્યારે તેમને પોલીસ ફોર્સ માટે એક આઈરિશ અરજદારનો ઈન્ટરવ્યુ લેવાનું કહેવામાં આવ્યું. રુઝવેલ્ટે તે અરજદારને એક હુલ્લડ મચાવતાં ટોળાંને વિખેરવા માટે તે શું કરશે તેમ પૂછ્યું. અરજદારના ત્વરિત જવાબે તેને માત્ર ફોર્સમાં સ્થાન જ નહીં, પરંતુ તેની ત્વરિત બુધ્ધિ માટે પ્રશંસા પણ જીતી આપી.

પ્રશ્નો

૧. અરજદારનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. અરજદારનો જવાબ હતો કે, “હું ફાળો ઉઘરાવવા માટે મારી હેટ તેમની વચ્ચે ફેરવીશ.”

૨. રમુજવૃત્તિ જીવનને જીવવા જેવું બનાવે છે. જો તમે કોઈકને હસાવવાનું શીખી શકો, તો તમે લોકોને વધારે નજીક લાવી શકો.

૨૬

વૈજ્ઞાનિક સંશોધન પણ પ્રાર્થનાને પ્રકાર છે



એક વખત મહાન ફ્રેન્ચ વૈજ્ઞાનિક પીયરી ક્યુરી માઈક્રોસ્કોપ પર માથું ઢાળીને તેમની પ્રયોગશાળામાં બેઠા હતા. લગભગ એવું લાગતું હતું જાણે તેઓ પ્રાર્થના કરતા હોય. તે ક્ષણે, તેમનો એક વિદ્યાર્થી તેમને મળવા માટે પ્રયોગશાળામાં પ્રવેશ્યો. તેઓ પ્રાર્થના કરે છે તેમ વિચારીને, વિદ્યાર્થી શાંતિથી ત્યાંથી ચાલ્યો જતો હતો. બરાબર ત્યારે જ, ક્યુરીએ માથું ઉંચુ કર્યું અને વિદ્યાર્થીને બૂમ પાડી. વિદ્યાર્થીએ તેમને કહ્યું, “સર, તમે પ્રાર્થના કરતા હોવાથી હું તમને ખલેલ પહોંચાડવા નહોતો માંગતો.”

તે મહાન વૈજ્ઞાનિકે જવાબ આપ્યો :

પ્રશ્નો

૧. વૈજ્ઞાનિકનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. વૈજ્ઞૌનિકે જવાબ આપ્યો : "પ્રિય બાળક, શું કામ એ પ્રાર્થનાનો પ્રકાર નથી ? આ પ્રાર્થના દ્વારા જ આપણે તેમની તરફ લઈ જતા માર્ગ પર ચાલી શકીએ છીએ. આના દ્વારા, ઈશ્વર તેનાં શાશ્વત સત્યો પ્રગટ કરે છે. જ્યારે આપણે પૂજ્યભાવપૂર્વક આપણાં સંશોધનોં કરીએ છીએ, ત્યારે આપણને ઈશ્વરનાં ઘણા રહસ્યોનો ભેટો થાય છે."

૨. દુનિયા આશ્ચર્ય અને રહસ્યોમાં લપેટાયેલી છે. વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા આ દુનિયાનાં ઘણા રહસ્યો છતાં કરાયા છે અને આ રીતે માનવજાતને એક ડગલું આગળ લઈ જવાઈ છે.

૨૭

ધૈર્યનો ગુણ વિકસાવો



સર આઈઝેક ન્યુટન પાસે એક ડાયમન્ડ નામનો ખૂબ જ વહાલો લાગે તેવો પરંતુ તોફાની કુતરો હતો. એક રાત્રે, જ્યારે ન્યુટન ઘેર ન હતા ત્યારે, તે કુતરાએ એક મીણબત્તી પાડી નાખી, જેણે તેમના ટેબલ પરનાં પુસ્તકને આગ લગાડી અને થોડી જ વારમાં તે પુસ્તક અડધા બળેલા કાગળોના ઢગલામાં ફેરવાઈ ગયું. આ પુસ્તક આખા આઠ વર્ષના કઠીન પરિશ્રમ અને પ્રયાસોનું પરિણામ હતું. પરંતુ જ્યારે ન્યુટન ઘેર પાછા ફર્યા અને આ અણધારી આફત જોઈ, ત્યારે આ અકસ્માત માટે તેમની પ્રતિક્રિયા હતી કે...

પ્રશ્નો

૧. ન્યુટનની પ્રતિક્રિયા શું હતી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. સર આઈઝેક ન્યુટને ડાયમન્ડને તેમની પાસે બોલાવ્યો અને કહ્યું, "ડાયમન્ડ, તેં તારા માલિકને જે મુશ્કેલી અને મજુરીમાં મૂકી દીધો છે તેના વિશે તું ઘણું થોડું જાણે છે." પછી તેમણે તે મહાન કાર્ય તરફ મોટાભાગના લોકો જોવે છે તેમ હંમેશ માટે ગુમાવેલા તરીકે ન જોયું. તેઓ બધું ફરી શરૂ કરવા માટે તેમના ટેબલ પર બેસી ગયા.

૨. ધૈર્ય એ સફળતાની ચાવી છે. જે વ્યક્તિ ભાવનાત્મક રીતે વ્યાકુળ થઈ જાય છે તે વસ્તુઓને યોગ્ય દૃષ્ટિએ સમજવા માટે અસક્ષમ બની જાય છે. બીજી તરફ, એક સ્થિરતાવાળી વ્યક્તિ્ પોતાના ભાવનાત્મક જીવન પર નિયંત્રણ રાખી શકે છે અને તેથી તે પોતાની બુધ્ધિનો સર્વોચ્ચ કક્ષાએ ઉપયોગ કરી શકે છે. આવી વ્યક્તિ મુશ્કેલ સંજોગોમાં પણ શાંત રહે છે અને સહેલાઈથી ચિડાઈ જતી નથી. આથી જ તે સાચી વાસ્તવિકતા સાથે તેમના આદર્શોનો સમન્વય કરી શકે છે.

૨૮

સંચિત સંપત્તિનું રહસ્ય શીખો



એક વખત એક ખૂબ જ ધનાઢ્ય ખેડુત હતો, જેની પાસે ઘણા એકર જમીન હતી અને બેંકમાં પણ પુષ્કળ પૈસા હતા. કઠીન પરિશ્રમ અને નિશ્ચયપૂર્વક તે ખેડુતે તેના જીવનકાળ દરમિયાન પુષ્કળ સંપત્તિ મેળવી હતી. તે ઘણાને માટે પ્રેરણાના સ્ત્રોત તરીકે જાણીતો હતો. એક છાપાં માટે તેમના વિશે લેખ તૈયાર કરવાના ઈરાદાથી એક પત્રકારે તેમનો સંપર્ક કર્યો, “સર, અમે તમારા આટલા નામ અને કીર્તિનું રહસ્ય જાણવા ઈચ્છીએ છીએ. પરંતુ પ્રથમ, તમે આટલા બધા પૈસા કેવી રીતે કમાયા તે અમારા વાચકોને કહેશો ?” તે આતુર પત્રકારને તેનું રહસ્ય સમજાવવામાં તે ખેડુતને એક વાકયથી વધારેની જરૂર ન પડી.

પ્રશ્નો

૧. ખેડુતનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. "આ એક ખરેખર લાંબી વાત છે. પહેલાં આપણે થોડાક ગોઠવાઈએ. તું લાઈટ કેમ બંધ નથી કરી દેતો, જેથી આપણે થોડી વિજળીની બચત કરી શકીએ ?" ખેડુતે કહ્યું.

૨. જેઓ તેમના પ્રયાસો અને પરિશ્રમ દ્વારા સંપત્તિ કમાય છે, તેઓ પોતે જ કમાયા છે તેના દરેક ટુકડાનું મુલ્ય કરે છે. તેઓ પોતે જે કમાયા છે તે પૈસે પૈસો બચાવે છે. તેઓ પોતાની બચત બાબતમાં ખૂબ જ ચીકણા હોય છે અને તેઓ કશો બગાડ નથી કરતા તેની ખાતરી રાખે છે. જે કાંઈપણ બચાવાયું છે તેને તેઓ પોતાના વ્યાપારમાં પાછું વાવી દે છે પરંતુ તે વધારે મોટું અને સારું થઈને ઉગે છે.

૨૯

મૌન શું છે ?



એક ગામના પાદરમાં એક ખૂબ જ પ્રખ્યાત મઠ હતો. તે મઠના અધિપતિ તેમના જ્ઞાન અને ડહાપણ માટે વિખ્યાત હતા. તેમની લોકપ્રિયતાને કારણે, લોકો તે પૂજ્ય અધિપતિ તરફ તેમનો આદર દર્શાવવા માટે તે મઠમાં ભીડ જમાવતાં. દુર્ભાગ્યે, આ ભીડને કારણે મઠની શાંતિ અને સ્વસ્થતા છીન્ન-ભિન્ન થઈ ગયાં. શિષ્યો મુંઝાઈ ગયા, પરંતુ ગુરુ શાંતિમાં હતા તેટલા જ આ ઘોંઘાટમાં પણ સંતુષ્ટ હતાં.

તેમના વિરોધ દર્શાવતા શિષ્યોને એક વખત ગુરુએ કહ્યું...

પ્રશ્નો

૧. ગુરુએ તેમના શિષ્યોને શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. "શાંતિ એ અવાજની ગેરહાજરી નથી, પરંતુ પોતાની જાતની ગેરહાજરી છે." ગુરુએ કહ્યું.

૨. અહીં "સ્વ" એટલે માણસની પોતાની અસ્તિત્વની અંગત લાગણી છે. તે માણસની જીંદગી દરમિયાન શું વિચારાયું, અનુભવાયું તથા કરાયું છે તેનો કાર્યક્રમ છે. એક વ્યક્તિનું અંગત અસ્તિત્વ એ તેનું "સ્વ" છે. તેમાં વ્યક્તિની સમસ્યાઓ, ગુસ્સો, ખુશી, દુ:ખ વગેરેનો સમાવેશ થાય છે. પરંતુ માણસે એ યાદ રાખવું જોઈએ કે ચિંતન મનનની અવસ્થા બીજા કશાથી નહીં, પરંતુ "સ્વ"ને બાજુ પર મૂકતાં શીખવામાંથી આવે છે. એ લગભગ પોતાનાં વસ્ત્રોમાંથી બહાર નીકળીને સ્વસ્થતાપૂર્વક બેસવા જેવું છે. તે વિચારો, મહત્વાકાંક્ષાઓ અને ઈચ્છાઓથી વંચિત મગજ છે. જ્યારે કોઈ વિચારો નથી - દુનિયાના કે સ્વ વિશેના પણ - ત્યારે શાંતિ મેળવી શકાય છે.

30

તમારા સિધ્ધાંતોને વળગી રહો



રાષ્ટ્રપિતા, મહાત્મા ગાંધીને ૧૯૩૧માં બ્રીટનમાં ગોળમેજી પરિષદમાં આમંત્રવામાં આવ્યા હતા. મહાત્માએ તેમની કાયમી ધોતી પહેરી અને પરિષદમાં હાજરી આપી. સભ્યો આ પ્રકારની વેશભૂષા જોઈને આઘાત પામી ગયા અને તે વિશે ઘણો દેકારો થયો. બ્રીટીશ લોકો વડે મહાત્મા ગાંધીને ઉતારી પડાયા, ઉપહાસ કરાયો અને અપમાનિત કરાયા, પરંતુ તેનાથી તેમનો આત્મવિશ્વાસ અને સ્વસ્થતા ડગ્યાં નહીં. પ્રેસ કોન્ફરન્સમાં બ્રીટીશ પત્રકારો આ વિશે પ્રશ્નો પૂછીને તેમના પર આક્રમણ કરવાની રાહ જોતા હતા. પરંતુ, તેમને જે જવાબ મળ્યો તે તેઓ જીવનના લાંબા સમય સુધી ભૂલી શકવાના ન હતા. તેનાથી પણ વધુ, બીજે દિવસે તે જવાબ દરેક દૈનિક રાષ્ટ્રીય વર્તમાન પત્રના પહેલા પાના પર ચમક્યો.

પ્રશ્નો

૧. જ્યારે વેશપરિધાન વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે ગાંધીજીનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ગાંધીજીએ માત્ર કહ્યું, "તમે વધારાના ચાર વસ્ત્રો પહેરો છો અને હું ચાર વસ્ત્રો ઓછાં પહેરું છું !"

૨. માત્રા સામાજિક શિષ્ટાચાર ખાતર પોતાના સિધ્ધાંતોને ન ત્યજી દેવાની ગાંધીજીની મક્કમતા અતુટ હતી. તેમનો જવાબ દુનિયાને એ દર્શાવવા માંગતો હતો કે તેણે કેવી રીતે કપડાં પહેરવાં જોઈએ તે વિશે તેઓ પર અંકુશ મૂકી શકાશે નહીં. તેમણે જે રીતે આ જવાબ આપ્યો તે તેમની રમુજવૃત્તિ અને સમજદારી દર્શાવે છે.

૩૧

તમે જે કાંઈપણ કરો છો તેમાં પૂરેપૂરા ડૂબી જાવ



સૂર્યકાંત ત્રિપાઠી નામે એક પ્રખ્યાત હિન્દી લેખક હતા. તેઓ "નિરાલા" તરીકે વિખ્યાત હતા કારણ તેમના બધા લખાણો તેમના તખલ્લુસ "નિરાલા" હેઠળ લખાતાં હતાં.

નિરાલાને બાળકો સાથે રમવું ગમતું. એક દિવસ તેઓ બાળકો સાથે શેરીમાં રમતા હતા. જેમણે અગાઉ નિરાલા ને જોયા ન હતા તેવા કેટલાક લોકો તેમને મળવા આવ્યા અને નિરાલાને જ પૂછ્યું, "અમને નિરાલાનું ઘર દેખાડશો ? અમે તેમની મુલાકાત લેવા આવ્યા છીએ." નિરાલાએ તેમને કહ્યું, "જરા વાર રાહ જોવો, હું થોડીવારમાં તેમનું ઘર દેખાડું." તેમણે રમત ચાલુ રાખી અને પૂરી કર્યા પછી પેલા લોકોને જણાવ્યું કે તેઓ જ નિરાલા હતાં. મુલાકાતીઓને આશ્ચર્ય થયું અને પૂછ્યું, "અમે તમને પૂછ્યું ત્યારે તમે કેમ ન કહ્યું ?"

નિરાલાએ જવાબ આપ્યો...

પ્રશ્નો

૧. નિરાલાનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. નિરાલાએ જવાબ આપ્યો, “તે સમયે હું લેખક નિરાલા ન હતો. હું મિત્રો સાથે મજા કરતા છોકરાઓમાંનો એક હતો.”

૨. પરિસ્થિતિ અને સંજોગો મુજબ તમારાં વ્યક્તિત્વમાં પરિવર્તન લાવો. રમતમાં હોવ ત્યારે બાળક રહો. બાળકો પુખ્ત વ્યક્તિઓ કરતાં વધારે રચનાત્મક હોય છે. વિનમ્રતા વિકસાવો અને આ રીતે તમે તમારી સર્જનાત્મકતા સુધારશો. જ્યારે આપણે બાળકો સાથે મુક્તપણે ભળીએ છીએ ત્યારે આપણે તેમના ગુણો ગ્રહણ કરીએ છીએ. સાદગી અને વિનમ્રતામાં મહાનતા પડેલી છે. નિરાલા પોતાના “સ્વ” થી તદ્દન અભાન થઈને, રમતમાં સંપૂર્ણપણે ગુંથાઈ ગયા હતા. આ એક મહાન ચિંતનાત્મક ટેક્નિક છે. ચિંતન- મનન એ તમે જે કાંઈપણ કરો તેમાં તમારી જાતને સંપૂર્ણપણે ભૂલી જવાની પ્રક્રિયા છે.

૩૨

મોકળાશથી માનવતાનો પ્રેમ અને સેવા કરો



જગ વિખ્યાત પોપ સ્ટાર, કલીફ રીચાર્ડસને એક વખત તેમના જીવનનો સૌથી વિનમ્રતાભર્યો અને સ્પર્શી જાય તેવો અનુભવ કહેવાનું કહેવામાં આવ્યું. જવાબમાં, બંગલાદેશમાં લીધેલી એક બિહારી રેફ્યુજી કેમ્પની તેમણે લીધેલી મુલાકાત સંભારી. તેમણે કહ્યું, "પહેલી સવારે, મેં ઓછામાં ઓછા ડઝન વખત મારા હાથ ધોયા હશે. હું ત્યાં કોઈપણ વસ્તુને અડવા નહોતો માંગતો, લોકોને સુધ્ધાં નહીં. તે કેમ્પમાં રહેલા બધા જ, બાળકો પણ, ઘાવ અને ગુમડાંથી ભરેલાં હતાં. હું એક બાળક તરફ વાંકો વળ્યો હતો, મુખ્યત્વે તો ફોટોગ્રાફરના લાભાર્થે, અને તેની વધારે પડતો નજીક ન જવાય તેના માટે ખૂબ પ્રયત્ન કરતો હતો, જ્યારે અકસ્માતે કોઈક તે બાળકની આંગળી પર ઉભું રહી ગયું અને તે બાળક પીડાથી જોસથી ચીસ પાડી ઉઠ્યું અને મેં..."

પ્રશ્નો

૧. તેણે કેવી પ્રતિક્રિયા આપી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. બાળકે દુ:ખથી ચીસ પાડી અને એક પ્રત્યાઘાતની જેમ, મેં તેની બધી ગંદકી અને વ્રણ વિશે ભૂલી જઈને તેને પકડી લીધું. મને અત્યારે પણ તે મને વળગેલું હુંફાળું શરીર અને તરત જ અટકી ગયેલું રડવાનું યાદ આવે છે. તે ક્ષણે, મને ખબર પડી કે પ્રેમ વિશે મારે પુષ્કળ માત્રામાં શીખવાનું છે, પરંતુ મેં છેવટે શરૂઆત તો કરી હતી, તેનાથી હું ખુશ હતો.તે નાના બાળકના મારા ખભા પર ઢળેલા માથાં સાથે મારા ફીક્કા પડી ગયેલા ચહેરા સાથે ઉભેલો મારો ફોટો એ મારો સૌથી અમુલ્ય ખજાનો છે. તે મારા બેડરૂમ અને બાથરૂમ વચ્ચે લટકી રહ્યો, જ્યાં હું તેને જોવાનું અને યાદ કરવાનું ચૂકી ન શકું.

૨. પ્રેમ જાતિ, દેશ, વંશ કે લીંગ બધા જ અવરોધોને ટપી જાય છે. તે કોઈ રાષ્ટ્રીયતાને ઓળખતો નથી અને પ્રેમ વ્યક્તિને તેના સામાજિક મોભાથી માપતો નથી. આપણે બધાએ આવા કોઈ અવરોધ પકડી રાખ્યા વગર પ્રેમ પ્રદર્શિત કરતાં શીખવું જોઈએ. આ દુનિયામાં કોઈને પણ માત્ર એક રોગ અથવા અનિવાર્ય પરિસ્થિતિને કારણે ઉતારી પાડવા ન જોઈએ. આવા લોકોને હૂંફ અને સુરક્ષા આપવી અને મદદ કરવી તે માણસને પુષ્કળ સંતોષ અને ખુશી આપે છે. ખુશી એ પ્રેમ અને સેવાનું કાયદેસર મળતું ફળ છે.

33

આપણે ધીમે ધીમે મૃત્યુ પામી રહ્યા છીએ તે સાદાં સત્યને સમજો



એક સવારે સ્ટુડીયોમાં પ્રવેશતાં કોઈકે ચાર્લ્સ બોયરને તે દિવસે તેને કેવું લાગે છે તેમ પૂછ્યું. ખૂબ આનંદથી ચાર્લ્સ બોયરે જવાબ આપ્યો, "ધીમે ધીમે મરી રહ્યો છું." જેણે પ્રશ્ન પૂછ્યો હતો તે વ્યક્તિ આઘાત પામી ગઈ. તેણે આગળ ઉમેર્યું, "તમને શું થયું છે ?" બોયરે જવાબ આપ્યો...

પ્રશ્નો

૧. ચાર્લ્સ બોયરનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. "હું જનમ્યો તે જ દિવસે મેં મૃત્યુ પામવાનું શરૂ કર્યું."

૨. માણસનાં જીવનમાં મૃત્યુ એ સૌથી નિશ્ચિત વસ્તુ છે, અને છતાં આ એ જ વસ્તુ છે જ સ્વીકારવી તેને સૌથી મુશ્કેલ લાગે છે. આપણે એવું માનવા નથી ઈચ્છતા કે એક દિવસ આપણું અસ્તિત્વ અટકી જશે. પરંતુ એ સત્ય છે કે આપણે જન્મ લઈએ તે જ ક્ષણે આપણી મૃત્યુ તરફની યાત્રા શરૂ કરીએ છીએ. જે આ સાદા સત્યને સમજશે તે ક્યારેય મૃત્યુથી નહીં ડરે.

૩૪

પ્રેમ અને વહાલ વડે તમારું સૌંદર્ય અભિવ્યક્ત કરો



એક નાની બાળકી એક વખત યુનાઈટેડ સ્ટેટ્સના પ્રેસીડન્ટ અબ્રાહમ લીંકન વિશે ભણતી હતી. તેઓ વ્યક્તિ તરીકે કેવા દેખાતા હશે તેવો તેણીને વિચાર આવ્યો અને તેણે તેના પિતાને પૂછ્યું. તેના પિતાએ કહ્યું, "મને ડર છે કે પ્રમુખ લીંકન ખાસ દેખાવડા નથી." એ નાની બાળકીએ એ જ છાપ હંમેશ માટે પોતાની સાથે રાખી, પરંતુ વર્તમાન પત્રમાં તેમના વિશે જે લખાયું હતું તેનાથી તે અતિશય પ્રભાવિત થઈ હતી. એક દિવસ, ખૂબ જ આગ્રહ પછી, તેણીના પિતા તેને વ્હાઈટ હાઉસમાં પ્રમુખને મળવા લઈ ગયા. લીંકને તેને ખોળામાં બેસાડી અને તેમની કાયમી સજ્જન અને વિનોદી રીતે તેણી સાથે થોડીવાર વાતો કરી. ઓચિંતી તે બાળકીએ તેના પિતા તરફ રાડ પાડી અને કશુંક કહ્યું.

પ્રશ્નો

૧. તે બાળકીએ તેના પિતાને શું કહ્યું ?
૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. બાળકીએ તેના પિતાને કહ્યું કે, “તે મેં ક્યારેય પણ જોયો હોય તેવો સૌથી રૂપાળો માણસ છે.”

૨. વ્યક્તિનાં કાર્યો અને તેનો સ્વભાવ બે વ્યક્તિઓ વચ્ચેના બધા અવરોધો તોડી નાખે છે.

એક નિર્ભેળ ચારિત્રય બાહ્ય દેખાવ કરતાં ઉપર ઉઠે છે. આપણે બધાએ એક વ્યક્તિમાં આનું મુલ્ય કરતાં શીખવું જોઈએ. એક વ્યક્તિ તેના દેખાવને કારણે નહીં પરંતુ તેણે કયાં સારાં કાર્યો કર્યાં છે તેના પરથી સુંદર દેખાય છે. સુંદર વ્યક્તિ જે કરે છે તે સુંદર છે.

૩૫

પ્રેરિત કરવાની રીત શીખો



જેને અતિશય આળસુ મજુરોની ટોળીનો હવાલો સોંપવામાં આવ્યો હતો તેવા એક ફોરમેને તેમને એક વિશાળ સ્ટીલ મીલ નજીક દસ ફૂટના બાકોરાં ખોદવાનું કહ્યું. એ આળસુ મજુરોને જ્યારે અહીં કે ત્યાં ખોદવાનું કહેવામાં આવતું ત્યારે વળી વિરોધ કરતા. સમય પસાર થતો ગયો તેમ તેમણે ખોદવાનું ચાલુ રાખ્યું અને છેવટે તેમણે નવ બાકોરાં ખોદી નાખ્યાં. કારખાનાં પાસે શા માટે તેમની પાસે આટલા બધા ખાડા ખોદાવવામાં આવતા હતા તે તેઓ સમજી ન શકયા. તેઓ વ્યગ્ર, થાકેલા અને ખૂબ જ ઉશ્કેરાયેલા થઈ ગયા. તેમણે ત્યાં જ અટકી જવાનું અને વધારે કામ ન કરવાનું નક્કી કર્યું. તેઓ નીકળવાના જ હતા, કે તે ફોરમેને તેમને કંઈક કહ્યું, જેનાથી તેઓ તેમને બધો ઉશ્કેરાટ અને થાક ભૂલી ને પાછા કામ માટે ઉછળી પડ્યા.

પ્રશ્નો

૧. ફોરમેને તેમને શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ફોરમેને તેમને કહ્યું કે વાસ્તવમાં તે એક ટુટેલો પાઈપ શોધી રહ્યો હતો, જે આ મજુરો રહેતા હતા તે રહેઠાણોમાં પાણી પૂરો પાડતો હતો. મજુરો તરત જ પાછા કામે લાગી ગયા.

૨. નિશ્ચિત લક્ષ્ય વગરનું કાર્ય એ માત્ર પ્રેરણા ન આપનાર જ નથી, પરંતુ મુશ્કેલ પણ છે. બીજી તરફ, જ્યારે એક માણસ તે જે કરે છે તેનો હેતુ જાણતો હોય ત્યારે તે પોતે જે કરે છે તેના તરફ વધુ પ્રમાણિક અને ઉદ્યમશીલ થઈને વધારે ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. ચોક્કસ હેતુની ગેરહાજરીમાં, પૂર્ણ સમર્પિતતા સાથે કામે લાગવું એ ઘણું જ મુશ્કેલ છે. આની બીજી દૃષ્ટિ એ છે કે જ્યારે એક માણસ માને છે કે એક ચોક્કસ પ્રવૃત્તિમાંથી તે કંઈક પ્રાપ્ત કરવાનો છે ત્યારે તેનો ઉત્સાહ આપોઆપ જ વધે છે.

૩૬

એક સંબંધને કેવી રીતે મજબૂત કરવો



એક માનસશાસ્ત્રના પ્રોફેસર તેમની તજજ્ઞતા, ઉંડા જ્ઞાન અને વ્યવહારુ ડહાપણ માટે પ્રખ્યાત હતા. એક વખત તેમના કેટલાક વિદ્યાર્થીઓ વચ્ચે એક પ્રચંડ ઝઘડો ઉભો થયો. તેઓ બધા જ ખૂબ જ કડવાશપૂર્વક લડ્યા અને હવામાં લાંબો સમય પુષ્કળ દ્વેષભાવ અને ધિક્કાર રહ્યાં. બીજા વિદ્યાર્થીઓ કોલેજના વાતાવરણમાં શાંતિ અને નિર્મળતા સ્થાપવા વિશે ઘણા ચિંતિત હતા. કેટલાકે ઉકેલ માટે મનોવિજ્ઞાનના પ્રોફેસરનો સંપર્ક કર્યો. એવું મનાતું કે તેમની પાસે વિદ્યાર્થીઓમાં પ્રેમ અને સંવાદિતા લાવવાની ખાતરીબંધ પધ્ધતિ છે. તેમણે તે ભલા પ્રોફેસરને આ ધિક્કાર અને અવિશ્વાસનો ઉકેલ શોધવામાં તેમને મદદ કરવાની વિનંતી કરી. પ્રોફેસરે નીચે મુજબના ઉકેલો સૂચવ્યા.

પ્રશ્નો

૧. પ્રોફેસરે આપેલા ઉકેલો કયા હતા ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. પ્રોફેસરે પોતાની રીતો ખૂલ્લી કરી, "જ્યારે પણ તમે કોઈની સાથે હોવ અથવા કોઈના વિશે વિચારતા હોવ, ત્યારે પોતાની જાતને કહો,હું મૃત્યુ પામી રહ્યો છું, અને આ વ્યક્તિ પણ મૃત્યુ પામી રહી છે.' આ શબ્દોનાં સત્યને માનસિક રીતે અનુભવવાનો પ્રયાસ કરો. જો તમારામાંના બધા આ કરવા માટે સંમત થશે તો કોઈ કડવાશ રહેશે નહીં અને શુધ્ધ સંવાદિતા વધશે."

૨. કોઈ છેક અંદરથી નથી માનતું કે તે એક દિવસ મૃત્યુ પામશે. જોકે, બધા જ એ 'જાણે' છે કે તેણે એક યા બીજા દિવસે મરવાનું તો છે જ, પરંતુ પોતે મરવાના છે તે કોઈ અનુભવવા કે માનવા નથી માગતું. કોઈ પોતાના મૃત્યુમાં નથી માનતું તે સત્યમાંથી આ દુનિયાની બધી સમસ્યાઓ ઉભી થાય છે. જે વ્યક્તિને વારંવાર તેના મૃત્યુની યાદ અપાવાય છે તે ક્યારેય બીજી વ્યક્તિ તરફ ધિક્કાર કે દ્વેષભાવ નહીં વિકસાવે. "હું મૃત્યુ પામવાનો છું અને પેલી વ્યક્તિપણ મૃત્યુ પામવાની છે તે વિચાર દરેક જણને વધુ સારી વ્યક્તિમાં પરિવર્તિત કરશે. માત્ર ત્યારે જ ખરો પ્રેમ પ્રવર્તશે."

૩૭

રંગભેદના પૂર્વગ્રહમાંથી શ્રેષ્ઠતા દ્વારા બહાર આવો



એક વખત એક નાનો કાળો છોકરો હતો જે ઘણા અત્યાચારો અને વંશીય ભેદભાવનો સાક્ષી બન્યો હતો. તેના સંબંધીઓ, પરિવારજનો અને મિત્રો ને માત્ર તેમના રંગને કારણે ત્રાસ અપાતો હતો તેમજ હેરાન કરાતા હતા. તે એક વખત એક મેળામાં ગયો અને એક ફુગ્ગાવાળા પાસે ઉભો રહ્યો જેની પાસે જાત જાતના રંગના ઘણા બધા ફુગ્ગા હતા. તે ફુગ્ગાવાળાએ એક લાલ ફુગ્ગાને છુટ્ટો કર્યો અને આકાશમાં ઉંચે ઉડાડ્યો, અને એ રીતે બાળકોને થોડા ફુગ્ગા ખરીદવા આકર્ષ્યા. પછી, તેણે એક ભૂરો ફુગ્ગો છૂટો કર્યો, પછી પીળો અને પછી સફેદ. તે બધા જ અદૃશ્ય થઈ ગયા ત્યાં સુધી આકાશમાં લહેરાતા ગયા. તે નાનો કાળો છોકરો કાળા ફુગ્ગા સામે લાંબો સમય સુધી જોતો ઉભો રહ્યો અને પછી પૂછ્યું, “શું, આ કાળો ફુગ્ગો પણ બીજા બધા જેટલો જ ઉંચે ઉડી શકશે ?”

પ્રશ્નો

૧. ફુગ્ગાવાળાએ શું જવાબ આપ્યો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. “હા, ચોક્કસ. એ રંગને કારણે નથી પરંતુ તેની અંદર જે છે તે તેમને આટલે ઉંચે ઉડાડે છે.”

૨. સામાજિક પરસ્પર પ્રક્રિયાના ઉપરછલ્લા સ્તરે, ચામડીના રંગથી તફાવત પડી શકાતો હશે. વંશીય ભેદભાવ માનવતાના પાયાનું જ અપમાન કરતો હોવાથી હંમેશનું સૌથી ખરાબ સામાજિક દુષણ છે. જન્મ અને મૃત્યુમાં માણસ સમાન છે અને તેમને હંમેશાં તેવી રીતે જ ટ્રીટ કરવા જોઈએ. ભલે તેમની જાતિ, રંગ કે વંશ ગમે તે હોય. જ્યાં શ્રેષ્ઠતા પ્રવર્તે છે ત્યાં વંશીય ભેદભાવ પ્રસરી ન શકે.

૩૮

કોઈ પ્રયાસ વ્યર્થ નથી જતો



થોમસ એડીસન એક વખત સ્ટોરેજ બેટરીમાં જસતને સ્થાને બીજી વસ્તુ મુકી જોવા પર સંશોધન કરી રહ્યા હતા. આ પ્રવૃત્તિમાં તેમણે વ્યાપકપણે કાર્ય કર્યું અને લગભગ ૧૦,૦૦૦ જેટલા પ્રયોગો કર્યા. પરંતુ દુર્ભાગ્યે, કંઈ કામ ન બન્યું. એક દિવસ એક મિત્રએ તેને તે આવા વ્યર્થ પ્રયાસોથી ક્યારેય નાહિંમત થયાનું અનુભવે છે, તેમ પૂછ્યું. એડીસનના જવાબે આ વ્યક્તિનાં જીવનને નવું પરિમાણ આપ્યું.

પ્રશ્નો

૧. એડીસને શો જવાબ આપ્યો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. એડીસને જવાબ આપ્યો, “વ્યર્થ પ્રયાસો ? આ પ્રયોગો

જરાય વ્યર્થ નથી. છેવટે મેં એટલું તો શોધ્યું જ છે કે ૧૦,૦૦૦ વસ્તુઓ સ્ટોરેજ બેટરીમાં જસતને સ્થાને કામ કરી શકે નહીં."

૨. કામનું અંતિમ પરિણામ ગમે તે આવે, કોઈપણ કામ નાનું કે મોટું હોતું નથી. આપણે કામના દરેક ભાગને હકારાત્મક પ્રકાશમાં જોતાં શીખવું જોઈએ, ભલે પરિણામ ગમે તે હોય. એડીસને તેના પ્રયાસોમાં કોઈ તડજોડ ન કરી, પરંતુ છતાં તેમની નિષ્ફળતાથી અલિપ્ત હતા. જ્યારે નાની નિષ્ફળતાઓ તરફ તમે તમારી દૃષ્ટિ બદલતાં શીખો ત્યારે તમે એક યા બીજાં બિંદુએ ચોક્કસપણે તમારી સફળતાના માર્ગ પર ચાલી નીકળ્યા છો. સફળતા અચાનક અથવા કોઈ આઘાત વગર નથી આવતી. તે સમય, કઠીન પરિશ્રમ અને મોટી વસ્તુઓ કરવાની દૃષ્ટિ માંગે છે.

૩૯

તમે નિંદાને કેવી રીતે ટાળો છો ?



એક વખત એક વિખ્યાત સંગીતકાર તેમના દેખાવની વારંવાર થતી ટીકાથી ખૂબ જ નાહિંમત થઈ ગયા હતા. એક અનુભવી હોવાને કારણે, આ ટીકાએ તેમના પર પ્રચંડ રીતે અસર કરી, અને તેઓ પોતાનો બધો આત્મવિશ્વાસ ગુમાવી રહ્યા હોય તેવું લાગવા માંડ્યું. તેઓ થોડી વાતચીત અને સલાહ માટે તેમના આધ્યાત્મિક ગુરુને મળવા ગયા. ગુરુએ કહ્યું, "ટીકાખોરો માણસનાં જીવનમાં ઘણા મહત્વની ભૂમિકા ભજવે છે. તેઓ તમને એ કહે છે જે તમારા મિત્રો ક્યારેય નહીં કહે. તેમને વધારે પડતું મહત્વ ન આપો, પરંતુ તે તમારો દેખાવ એક યા બીજી રીતે કેવી રીતે વધુ સારો કરી શકે તે વિશે વિચારો. જો તે તમારા વિકાસમાં ફાળો આપી શકે, તો ખરેખર તો તેઓ તમારી તરફેણ કરે છે, નહીં ?"

ગુરુએ સંગીતકારને કશુંક બીજું પણ કહ્યું.

પ્રશ્નો

૧. ગુરુએ સંગીતકારને મનાવવા માટે શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ગુરુએ કહ્યું, “એક ટીકાકારને માન આપવા માટે ક્યારેય કોઈ પૂતળું નથી ઉભું કરાયું. પુતળાંઓ ટીકાનો ભોગ બનનાર માટે હોય છે.”

૨. ટીકાને અવગણવાનો શ્રેષ્ઠ માર્ગ કશું ન કરવું, કશું ન કહેવું અને કશું ન હોવું એ છે. ટીકાઓ માત્ર તેના પર ફેંકાય છે જે સમાજમાં કશોક ઉપયોગી ફાળો આપે છે. માત્ર કર્તાઓની ટીકા થાય છે, કંઈ ન કરનાર નહીં. ટીકા જેટલી વધારે તેટલો વ્યક્તિનો ફાળો વધારે હોઈ શકે. માટે, માણસે ટીકા થવાથી નાહિંમત ન થવું જોઈએ. તે ઉપરાંત, રચનાત્મક રીતે જોતાં શીખો, જેથી તે માત્ર તમારી પ્રગતિમાં ફાળો આપી શકે.

૪૦

કાયદાનો આદર કરો



૧૯૨૩ની સાલ હતી. ગાંધીજી યરવડા જેલમાં સજા ભોગવી રહ્યા હતા. તે દિવસોમાં મુલાકાતીઓને માત્ર નિશ્ચિત કરાયેલા સમયે સાંજે વ્યક્તિઓને મળવાની છૂટ અપાતી. એક દિવસ કસ્તુરબા ગાંધીજીને મળવા આવ્યાં. જેલના નિયમો અનુસાર, કેદીઓને માત્ર વોર્ડનની હાજરીમાં જ તેમના સગાંવહાલાં સાથે બોલવાની છૂટ હતી. પરંતુ, ગાંધીજી પ્રખ્યાત નેતા હોવાથી, વોર્ડન ત્યાં ઉભો ન રહ્યો.

જ્યારે જવાનો સમય થયો ત્યારે વોર્ડન તેમને જાણ કરવા આવ્યો. તે એ જોઈને આઘાત પામ્યા કે કસ્તુરબા અને ગાંધીજી બંને આ બધા સમય દરમ્યાન એક પણ શબ્દ ઉચ્ચાર્યા વગર પુતળાંની જેમ સ્થીર ઉભાં હતાં.

"તમે બંને કેમ આટલાં મુંગા છો ? કોઈ સમસ્યા છે ?" વોર્ડને પૂછ્યું.

ગાંધીજીએ જવાબ આપ્યો...

પ્રશ્નો

૧. ગાંધીજીનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ગાંધીજીએ જવાબ આપ્યો, “હું જેલના નિયમોની બાબતમાં સભાન છું. હું મારા સાથી કેદીઓથી અલગ નથી. તો, મને શા માટે મારી પત્ની સાથે એકાંતમાં વાત કરવાનો વિશેષાધીકાર આપવામાં આવે, જ્યારે બીજા તેમ ન કરી શકતા હોય ? મને ખાતરી છે કે મારી પત્ની મારા મત સાથે સંમત છે કારણ કે તેણી પણ સમાનતામાં માને છે. તમે ચાલ્યા ગયા તેથી અમે એકબીજા સાથે વાતો ન કરી કારણ કે તો અમે જેલના કાયદાનો ભંગ કર્યો હોત.”

૨. આવા મહાન ગુણોને કારણે જ ગાંધીજી મહાત્મા કહેવાયા. તેઓ તેમની લોકપ્રિયતાનો ફાયદો નહોતા ઉઠાવતા. તેઓ એક સામાન્ય માણસ અને કાયદાથી બંધાયેલ નાગરિકની જેમ કાયદો પાળતા. આ જ તેમની મહાનતા હતી.

૪૧

તમારા બાળકને પ્રોત્સાહિત કરો



એક દસ વર્ષનો બાળક કોઈક દિવસ ગાયક બનવાની ઉત્કટ ઈચ્છા ધરાવતો હતો. એક દિવસ તે અવાજનાં ઓડીશન માટે ગયો, પરંતુ તેને સાવે સાવ નકારવામાં આવ્યો અને એમ કહેવામાં આવ્યું કે તેનો અવાજ બારીનાં શટર સાથે અથડાતા પવન જેવો હતો. તેની માતા એક ગરીબ ખેડુત સ્ત્રી હોવા છતાં, તેના પુત્રની પ્રતિભાથી સભાન હતી, અને તેણે તે છોકરાને પોતાનાં લક્ષ્ય તરફ કામ ચાલુ રાખવા પ્રોત્સાહિત કર્યો. માત્ર તેણીના સતત પ્રોત્સાહન અને વિશ્વાસને કારણે જ તે નાનો બાળક આગળ વધતો ગયો અને તેના સુમધુર અવાજથી આખી દુનિયા જીતી... તે સદાકાળ સૌથી મહાન ગાયક-એન્ટીકો કારુસો જ હતા, બીજું કોઈ નહીં.

પ્રશ્ન

૧. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારો પોતાનો જવાબ વિચાર્યા પછી જ અમારા જવાબ સાથે તેની ચકાસણી કરો.

જવાબ

૧. બાળકોના વિકાસમાં માતા-પિતા મહત્વની ભૂમિકા ભજવે છે. માતા-પિતા વડે ઉચ્ચારાયેલ દરેક શબ્દ તેમના મન પર અમીટ છાપ છોડે છે. આ સંદર્ભમાં નીચેની કવિતા ટાંકવા લાયક છે.

"જો એક બાળક ટીકા સાથે જીવે છે, તે વખોડતાં શીખે છે.

જો એક બાળક દુશ્મનાવટ સાથે જીવે છે, તે લડતાં શીખે છે.

જો એક બાળક ઉપહાસ સાથે જીવે છે, તે શરમાળ બનતાં શીખે છે.

જો એક બાળક શરમ સાથે જીવે છે, તે અપરાધી અનુભવતાં શીખે છે.

જો એક બાળક સહનશીલતા સાથે જીવે છે, તે ધૈર્યવાન બનતાં શીખે છે.

જો એક બાળક પ્રોત્સાહન સાથે જીવે છે, તે આત્મવિશ્વાસ શીખે છે.

જો એક બાળક પ્રોત્સાહન સાથે જીવે છે, તે આત્મવિશ્વાસ શીખે છે.

જો એક બાળક વખાણ સાથે જીવે છે, તે પ્રશંસા કરતાં શીખે છે.

જો એક બાળક પ્રમાણિક વ્યવહાર સાથે જીવે છે, તે ન્યાય શીખે છે.

જો એક બાળક સુરક્ષા સાથે જીવે છે, તે વિશ્વાસ સાથે જીવતાં શીખે છે.

જો એક બાળક પરવાનગી સાથે જીવે છે, તે પોતાની જાતને ગમાડતાં શીખે છે.

જો એક બાળક સ્વીકાર અને મૈત્રી સાથે જીવે છે, તે આ દુનિયામાં પ્રેમ શોધતાં શીખે છે."

– ડોરોથી લો હોલ્ટ.

૪૨

ખરી વિનમ્રતાનો જુસ્સો વિકસાવો



એક વિખ્યાત સર્જન એક વખત સર્જરી કરવા માટે ઓપરેશન થીયેટરમાં જતાં પહેલાં પ્રાર્થના કરતા જોવામાં આવ્યા. તેમને સહાય કરનાર નર્સને નવાઈ લાગી, "ડોક્ટર, મને લાગે છે કે એક સર્જને માત્ર તેની પોતાની ક્ષમતા પર જ આધાર રાખવો જોઈએ." સર્જને જવાબ આપ્યો :

પ્રશ્નો

૧. સર્જનનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. સર્જને જવાબ આપ્યો : "સર્જન માત્ર માણસ છે. તે પોતાની મેળે ચમત્કારો કરી શકતો નથી. મને ખાતરી છે કે માત્ર માણસની બુદ્ધિ અને આવડત કરતાં કશુંક વધુ દૃઢ-મજબૂત ન

હોત, તો વિજ્ઞાન આટલી પ્રગતિ કરી શક્યું ન હોત. જ્યારે હું ઓપરેશન પહેલાં પ્રાર્થના કરું છું ત્યારે હું ઈશ્વરની એટલો પાસે હોવાનું અનુભવું છું કે મને અનુભવાય છે કે દરેક સર્જરીમાં તેમનો હાથ મને માર્ગદર્શન આપે છે."

૨. ડો. એલેક્ષીસ કારેલ તેમના પુસ્તકમાં "મેન ધ અનનોન" પ્રાર્થનાની અમાપ શક્તિ ખૂલ્લી કરે છે. તેઓ કહે છે, "પ્રાર્થના એ માણસ ઉત્પાદિત કરી શકે તેવું ઉર્જાનું સૌથી શકિતશાળી સ્વરૂપ છે. તે પૃથ્વી પરનાં ગુરુત્વાકર્ષણ જેટલું જ વાસ્તવિક બળ છે." એક તબીબ તરીકે, મેં માત્ર પ્રાર્થનાનાં બળે અચૂક મૃત્યુમાંથી દરદીઓને ઉભા થતા જોયા છે. તેઓ પ્રાર્થનાના નિર્મળ પ્રયાસ વડે દીર્ઘકાલીન રોગોમાંથી સાજા થયા છે. રેડીયમની જેમ પ્રાર્થના પણ તેજસ્વીતા, સ્વ-ઉત્પાદિત ઉર્જાનો સ્ત્રોત છે જે બધી ઉર્જાના અનંત સ્ત્રોતને તેમની જાતે સંબોધવાથી મળે છે. જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણે આપણી જાતને બ્રહ્માંડમાં હાજર અખૂટ શક્તિ સાથે જોડીએ છીએ."

૪૩

એક ડગલું આગળ જાવ



એક સીનેમા થીયેટરમાં કામ કરતો એક ઝાડુવાળો તેની ફરજમાં ખૂબ જ સમયસર, નિયમિત અને સમર્પિત હતો. તે માત્ર આ ફરજો જ નહોતો નિભાવતો, પરંતુ થીયેટરની સુરક્ષા પાછળ પણ ધ્યાન આપતો હતો.

ઘણી બધી વખત મેનેજર અને સહાયક મેનેજર પણ તેને તેમની ફરજો સંભાળવા કહેતા અને તેઓ ઘણીવાર કામમાંથી રજા લઈ લેતા. આ ઝાડુવાળો તેમની ફરજો પણ તેટલી જ સારી રીતે નિભાવતો અને તેને જે વધારાનું કામ કરવું પડતું. તેમાં ક્યારેય એક વખત પણ કામચોરી નહોતો કરતો. એક વખત થીયેટરનો માલિક ઓચિંતી તપાસ માટે આવ્યો અને જ્યારે મેનેજર અને સહાયક મેનેજર આજુબાજુ ન હતા ત્યારે થીયેટરની સારસંભાળ માટે પૂછ્યું, ઝાડુવાળાએ જવાબ આપ્યો...

પ્રશ્નો

૧. ઝાડુવાળાનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. "સર, હું કરું છું." ઝાડુવાળાએ જવાબ આપ્યો. તેનો જવાબ સાંભળીને તે ઝાડુવાળાને તરત જ થીયેટરનો નવો મેનેજર બનાવી દેવામા આવ્યો.

૨. દુનિયાને ઘૂસણીયા માણસોની જરૂર છે - એવા લોકો જે પરિણામ આપે. જ્યારે તમે પરિણામો પેદા કરો ત્યારે તમારી નાત, જાત રંગ કે લાયકાત પણ ગમે તે હોય, સમાજ વડે તમને સ્વીકારવામાં આવે છે. દુનિયા નિષ્ઠા અને સમર્પિતતાવાળા માણસો શોધે છે. તમારી પાસેથી જે કરવાની અપેક્ષા રખાય છે તેને સમર્પિત રહો અને જીવનમાં વધુ સફળ થવા માટે થોડું વધારાનું કાર્ય કરવા માટે એક ડગલું આગળ વધો.

૪૪

એકબીજા માટે કાળજી ધરાવો



બે ભાઈઓ, એક કુંવારો અને બીજો પરીણિત, એક ખેતરના માલિક હતા, જેની ફળદ્રુપ જમીન પુષ્કળ પાક ઉપજાવતી હતી. બંને ભાઈઓ તે પાકને ઘેર લઈ જતાં પહેલાં હંમેશાં બે સરખા ભાગ કરતા. અડધો ભાગ એક ભાઈને ઘેર જતો અને અડધો બીજાને ઘેર જતો. શરૂઆતમાં બધું સરખું ચાલ્યું. પછી, પ્રસંગોપાત, પરીણિત ભાઈએ વિચારવાનું શરૂ કર્યું, "આ બરાબર નથી. મારો ભાઈ પરીણિત નથી અને તે ખેતરની ઉપજનો અડધો ભાગ લઈ જાય છે અને પત્ની અને ત્રણ બાળકોવાળો એક હું છું. મારી વૃદ્ધાવસ્થા માટે મારે જરૂરી બધી સુરક્ષા છે. પરંતુ, જ્યારે મારો બીચારો ભાઈ વૃદ્ધ થશે ત્યારે તેની સંભાળ કોણ લેશે ? તેણે અત્યારે તે બચાવે છે તેના કરતાં ભવિષ્ય માટે વધારે બચાવવાની જરૂર છે, આથી તેની જરૂરીયાત મારા કરતાં દેખીતી રીતે વધુ છે."

એ વિચાર સાથે, તે પથારીમાંથી બહાર આવ્યો છાનોમાનો તેના ભાઈને ઘેર જઈને તેના કોઠારમાં અનાજ ભરેલી એક ગુણ મૂકી આવ્યો.

અપરિણીત ભાઈ પણ નિંદરમાંથી જાગી ગયો અને વિચારવા લાગ્યો, "આ બીલ્કુલ બરાબર નથી. મારા ભાઈને પત્ની અને ત્રણ બાળકો છે, અને મને ખાતરી છે કે તેને ઉપજની જે

માત્રા મળે છે તે તેને માટે પૂરતી નથી. મારા વહાલા ભાઈની જેમ મારા પર કોઈ આધારિત નથી અને એક અપરીણિત માણસને ખરેખર કેટલું અનાજ જોઈએ ? મારા ભાઈની જરૂરિયાત દેખીતી રીતે જ મારા કરતાં વધારે છે.” તે તરત જ પથારીમાંથી ઉભો થયો અને અનાજ ભરેલી ગુણ તેના ભાઈને કોઠારમાં મૂકી આવ્યો.

એક દિવસ એવું બન્યું કે જ્યારે તેઓ અનાજની ગુણ એકબીજાના કોઠારમાં મૂકવા માટે દોડી રહ્યા હતા, ત્યારે એકબીજા સાથે અથડાયા અને તરત જ મૃત્યુ પામ્યા.

તેમના મૃત્યુ પછી ઘણા વર્ષો પછી, વાત બહાર આવી. ગામના લોકો જે જગ્યાએ તે બે ભાઈઓ મૃત્યુ પામ્યા હતા તે જ સ્થળે મંદિર બાંધવા ઈચ્છતા હતા.

પ્રશ્નો

૧. તેમણે મંદિર બનાવવા માટે કઈ જગ્યા પસંદ કરી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. તેમણે જે જગ્યાએ તે બંને ભાઈઓ મૃત્યુને ભેટ્યા હતા તે જગ્યા પસંદ કરી, કારણ કે તેમને તેમના ગામમાં બીજું કોઈ સ્થળ તે જગ્યા કરતાં વધુ પવિત્ર ન લાગ્યું.

૨. ગૌરવશીલ પ્રેમ પોતાની જાતને ત્યાગ રૂપે અભિવ્યક્ત કરે છે. પ્રેમ એ નિ:સ્વાર્થતા સીવાય બીજું કંઈ જ નથી.

૪૫

સ્વ-ત્યાગ દ્વારા ખૂશી મેળવો



સ હાયક સેનાનો મહાન નેતા રોબર્ટ લી એક વખત ટ્રેઈન દ્વારા તેના થોડાક સૈનિકો અને અધિકારીઓ સાથે મુસાફરી કરી રહ્યો હતો. જ્યારે ટ્રેઈન એક સ્ટેશન પર ઉભી રહી ત્યારે એક ગરીબ સ્ત્રી તે ડબ્બામાં પ્રવેશી. એક પણ સીટ ખાલી ન હતી અને કોઈએ પોતાની સીટ આપવાની તૈયારી પણ ન દર્શાવી. તેથી, જ્યાં સુધી રોબર્ટે તેણીને ન જોઈ અને પોતાની સીટ ન આપી, ત્યાં સુધી તેણીને ઉભા રહેવું પડયું. તરત જ, ડબ્બામાંના બધા જ ઉભા થઈ ગયા અને રોબર્ટને પોતાની સીટ ઓફર કરી. ત્યારે લી એ કંઈક એવું કહ્યું જેણે તેમને બધાને શરમમાં મૂકી દીધાં.

પ્રશ્નો

૧. તેણે તેના બધા અધિકારીઓ અને સૈનિકોને શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. તેણે કહ્યું, "ના, સજ્જનો, જો તમે તમારી જગ્યા એક ગરીબ સ્ત્રીને ન આપી શકો, તો હું પણ તમારી પાસેથી નહીં સ્વીકારું."

૨. રોબર્ટ લીની વિનમ્રતા અને ઉદારતા ખૂબ જ પ્રશસ્ય છે. મજબૂત ખુશી બીજાને માટે પોતાની સગવડનો આત્મભોગ અને ત્યાગમાંથી આવે છે.

૪૬

અભ્યાસ, અભ્યાસ, અભ્યાસ...



"ધલાઈટ ઓફ ધ વર્લ્ડ" ના પ્રખ્યાત ચિત્રકાર, હોલમેન હન્ટ ને એક વખત એક પ્રશંસક-ચિત્રકારે તેમના જેવા સંપૂર્ણ ફ્રીહેન્ડ વર્તુળો દોરવાની રીત પૂછી. હન્ટે તે કલાકારને જે ગુપ્ત રીત કહી, તેણે સફળતાની પાયાની ચાવી પ્રગટ કરી. તેમણે કહ્યું...

પ્રશ્નો

૧. હોલમેન હન્ટે કયું રહસ્ય પ્રગટ કર્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો,

જવાબો

૧. તેણે કહ્યું, "એ ખૂબ સાદું છે. તમારે માત્ર ચાલીસ વર્ષો સુધી આઠ કલાક અભ્યાસ કરવાની જરૂર છે."

૨. અભ્યાસ માણસને સંપૂર્ણ બનાવે છે. આ બેઢંગું વિધાન લાગે છે છતાં, કોઈપણ ક્ષેત્રમાં સફળતા માટેનો આ અચૂક મંત્ર છે. અભ્યાસ કરવાનું ચાલુ રાખો.

૪૭

પ્રાર્થના તમને ઈશ્વરની વધુ નજીક લાવે છે



એક સમયે, સમ્રાટ અકબરનાં વિશાળ રાજ્યમાં એક ગરીબ છતાં સુખી એવું ખેડુત દંપત્તિ રહેતું હતું, જેઓ એકબીજાને અતિશય પ્રેમ કરતાં હતાં. એક દિવસ, તેમના પર દુર્ભાગ્ય એ હુમલો કર્યો અને પતિ ભયાનક રીતે બીમાર પડ્યો. બધા ડોક્ટરો એ તેના સાજા થવાની આશા છોડી દીધી અને તેની પત્નીને અતિ ખરાબ સમાચાર માટે તૈયાર થવાનું કહ્યું. તેના પતિને બચાવવા માટે બીજું કોઈ કંઈ જ કરી શકે તેમ ન હોવાથી, તે સ્ત્રીએ તેનાં હૃદયમાં આશા અને આત્માનાં બળ સાથે અલ્લાહનાં દ્વાર ખખડાવવાનું નક્કી કર્યું. તેણી સર્જનહારની પોતાની જ સામે ઘુંટણ ટેકવવા સીધી મસ્જીદે જવા નીકળી. ફાટેલા કપડાંથી માથું ઢાંકી, નીચે માથે તેણી તેના મનમાં તેણીના પતિના સ્મિત સાથેના ચિત્ર અને દૃષ્ટિમાં અલ્લાહની હાજરી સાથે, મસ્જીદની અંદર ચાલી. તેની લાગણીઓ બુઠી થઈ ગઈ હતી, તે બીજું કંઈ જ જોઈ કે અનુભવી શકતી ન હતી. તેણી મસ્જીદ તરફ જઈ રહી ત્યારે તે સમ્રાટ અકબરના પોતા જ ઉપર જ લપસીને લથડી, જેઓ ત્યાં નમાજ અદા કરવા બેઠા હતા. આઘાત અને ગુસ્સાથી તેમણે જાણે તેણીને મારવા માટે ઉંચો કર્યો હોય તેવા અડધા ઉંચા કરેલા હાથ સાથે તેમણે બુમ પાડી. તે શાંત અને સ્વસ્થ સ્ત્રીએ તેમના તરફ જોયું અને નિર્ભયપણે કહ્યું.

પ્રશ્નો

૧. તેણીએ સમ્રાટને શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. તે સ્ત્રીએ કહ્યું, "જહાંપનાહ, હું મારા પતિના વિચારોમાં એટલી ખોવાયેલી હતી કે હું જ્યારે તમારા પર લથડી ત્યારે પણ મેં તમને જોયા ન હતા. તમે પણ અલ્લાહને નમાજ અદા કરતી વખતે એટલા જ સમાધિમાં હશો કારણ કે આ દુનિયામાં તે સૌથી વધુ મુલ્યવાન છે. તો પછી તમે મને કેવી રીતે જોઈ ?"

૨. સમ્રાટ શરમથી મૌન થઈ ગયા અને પછીથી તેમના મિત્રો પાસે કબુલ કર્યું કે એ ખેડુત સ્ત્રી, જે નહોતી વિદ્વાન કે નહોતી "મુલ્લા", તેણે તેમને પ્રાર્થનાનો ખરો અર્થ શીખવ્યો. પ્રાર્થના ઈશ્વરનાં વખાણમાં બોલાયેલી થોડી પંક્તિઓ નથી, પરંતુ સંપૂર્ણ સમર્પણ અને વચનબધ્ધતાથી પ્રભુ સાથે ઐક્ય સાધવું, તે છે.

૪૮

તમે જે કાંઈ પણ કરો તેના પર ધ્યાન કેન્દ્રિત કરો



બેબહેનપણીઓ એક હાઈવે પર વાહન ચલાવતી હતી. જ્યારે તેમનાંમાંથી એક ડ્રાઈવીંગ કરતી હતી ત્યારે બીજી તેની બાજુમાં બેસીને સતત વાતો કરતી હતી. જે સ્ત્રી ડ્રાઈવીંગ કરતી હતી તેણે તેના એક પણ પ્રશ્નનો જવાબ ન આપ્યો અને સંપૂર્ણ મૌન જાળવ્યું. વાતોડીયણ સ્ત્રીએ તેણીને બોલતી કરવાના તેના બધા જ પ્રયાસો કર્યો, પરંતુ વ્યર્થ. છેવટે, ડ્રાઈવને અંતે તેણીએ ટીપ્પણી કરી, “આખી મુસાફરી દરમિયાન તું વિચિત્ર રીતે મુંગી રહી. તારા મનમાં ચોક્કસ કોઈ મહત્વની વાત હોવી જોઈએ. તે શું છે તે મને કહીશ ?”

પ્રશ્નો

૧. મોટર ચલાવતી સ્ત્રીનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. તેણીએ જવાબ આપ્યો, "હા, તારી અને મારી જીંદગી."

૨. આ વાર્તા એકાગ્રતાની જરૂરિયાત પ્રગટ કરે છે. આપણે અમુક બાબતો પર અવિભાજ્ય ધ્યાન આપવું જોઈએ, ખાસ કરીને જેમાં જીવન સામેલ હોય. કેટલીક વખત વાહન ચલાવતી વખતે લોકો હસે છે, વાતો કરે છે અને મજાક કરે છે. આ વસ્તુ ઘણા બધા લોકોનાં જીવન જોખમમાં મૂકે છે - મોટરમાં બેઠેલાં અને બહાર હોય તેમના પણ. એકાગ્ર થયેલું ધ્યાન બુધ્ધિને તીક્ષ્ણ બનાવે છે. વ્યક્તિની બુધ્ધિનું બળ તેની એકાગ્રતાનાં બળને સમાન હોય છે. તમે જે કાંઈપણ કરો તેના ઉપર પૂરું ધ્યાન આપો. જો એક બુધ્ધિશાળી મગજ ભટક્યા કરે તો તેનો કોઈ અર્થ નથી, જ્યારે એક એકાગ્ર મન માટે કશું જ અશક્ય નથી.

૪૯

પ્રમાણિકતા શ્રેષ્ઠ નીતિ છે



ન્યુયોર્કની સેન્ટ્રલ નેશનલ બેંક ઓફ યોર્કર્સ તેની ત્વરિત સેવા અને ઉત્તમ દૃષ્ટિ માટે પ્રખ્યાત હતી. તેના ગ્રાહકો ઘણા મોટા પ્રમાણમાં હતા અને બેંક ગ્રાહકો સાથે વિશ્વાસ અને પ્રમાણિકતાપૂર્વક કાર્ય કરતી. બેંક એ સાબિત કરવા માગતી હતી કે સામાન્ય જનતા પર પણ તેમની પ્રમાણિકતા માટે વિશ્વાસ મૂકી શકાય. આ સાબિત કરવા માટે બેંકે લોકો બદલામાં સમાન મુલ્યની ચલણી નોટો મૂકીને પરચૂરણ લઈ શકે તે માટે મોટું બાઉલ ભરીને પરચૂરણ મૂક્યું. તેના પર કોઈ દેખરેખ ન હતી અને આ પ્રબંધ માત્ર લોકોની પ્રમાણિકતા પર જ કામ કરવા માટે હતો. પ્રયોગના પહેલા જ દિવસના અંતે બેંકે જોયું કે...

પ્રશ્નો

૧. પ્રથમ દિવસના અંતે બેંકે શું જોયું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. બેંકને પાઈએ પાઈનો તાળો મળી ગયો.

૨. એકંદરે, લોકો પ્રમાણિક અને વિશ્વાસપાત્ર હોય છે. લોકોનો માત્ર એક ઘણો નાનો ભાગ અપ્રમાણિક અને ગુનેગાર બને છે. લોકો પર અવિશ્વાસ કરવા કરતાં વિશ્વાસ મુકવો તે વધારે સારું છે.

૫૦

હૃદયની વિશાળતા વિકસાવો



ધર્મગુરુ રોમેલ્ક એક માયાળુ હૃદયના માણસ હતા, જેઓ લોકોની નાત-જાત અને વ્યવસાય પર લક્ષ આપ્યા વગર દરેકની ખૂબ જ કાળજી લેતા. એક દિવસ, તેઓ તેમના બગીચામાં બેઠા હતા ત્યારે, એક ભીખારી તેમના દરવાજે આવ્યો. દુર્ભાગ્યે, ધર્મગુરુ પાસે તેને આપવા માટે એક પણ પૈસો ન હતો. તેમણે તેમની પત્નીનું ખાનું ફંફોસ્યું, તેમાંથી એક વીંટી લીધી અને તે તેને આપી દીધી. જ્યારે તેણી પાછી ફરી ત્યારે તેણીએ જોયું કે તેની વીંટી ગુમ હતી, આથી તેણીએ દેકારો બોલાવ્યો. તેના પતિ પાસેથી તેણે શું કર્યું હતું તે જાણીને, તેણીએ તેમને તે ભીખારીની પાછળ દોડવાનું કહ્યું કારણ કે તે વીંટીની કિંમત પચાસ દિનાર હતી.

ધર્મગુરુ તે ભીખારીની પાછળ હાંફળા ફાંફળા થઈને દોડ્યા, અને છેવટે તેને પકડી પાડ્યો.

પ્રશ્નો

૧. ધર્મગુરુ એ ભિખારીને શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ધર્મગુરુએ તેને કહ્યું, “મને હમણાં જ ખબર પડી છે કે વીંટી પચાસ દિનારની છે. ધ્યાન રાખજે કે કોઈ તને તેનાથી ઓછા આપીને છેતરી ન જાય.”

૨. આ વાર્તામાંના ધર્મગુરુ જેવા કેટલાક માયાળુ હૃદયના અને ઉદાર લોકોને કારણે જ દુનિયા ટકી રહી છે.

૫૧

સાચી પ્રાર્થના શું છે ?



એક શાણો માણસ તેના શિષ્યોને નિયમિત વ્યાખ્યાનો આપતો. તે ખૂબ જ વિદ્વાન હતો અને હંમેશાં તેમની સાથે સારી અને હકારાત્મક વાતોનું આદાન-પ્રદાન કરતો. એક દિવસ તે પોતાની યુવાવસ્થામાં પ્રાર્થનાની જે ટેવો હતી તેના વિશે વાત કરતો હતો, "તે સમયે હું ક્રાંતિકારી હતો અને મારી બધી પ્રાર્થના ઈશ્વરને દુનિયા બદલવાની વિનંતી કરતી હતી, હું મધ્યવયે પહોંચ્યો ત્યારે મારી પ્રાર્થના મારા પરિવાર અને મિત્રોમાં બદલાવ માટેની હતી. પરંતુ, હવે જ્યારે હું વૃદ્ધ થયો છું, મારી પ્રાર્થના અલગ છે."

પ્રશ્નો

૧. જ્યારે તે શાણો માણસ વૃદ્ધ થયો ત્યારે તેની પ્રાર્થના શું થઈ ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો,

જવાબો

૧. જ્યારે તે શાણો માણસ વૃદ્ધ થયો ત્યારે તેની પ્રાર્થના ઈશ્વરને એક વિનંતી હતી કે ઈશ્વર તેના પર પોતાનાં સ્વને બદલવાની કૃપા વરસાવે.

૨. આખી દુનિયાને બદલવાની ઈચ્છા રાખવી તે નિરર્થક છે. પ્રાર્થના એ સ્વયં સૂચનોનો એક પ્રકાર છે, જે પોતાના પર ચમત્કાર કરે છે, બીજા પર નહીં. તે માણસ ઉત્પાદિત કરી શકે તેવી સૌથી શક્તિશાળી ઊર્જા છે. એલેક્ષીસ કારેલ તેને આ રીતે મૂકે છે, "એક માનવ મન અને શરીર પર પ્રાર્થનાનો પ્રભાવ એટલો જ પ્રદર્શિત કરી શકાય છે જેટલો અંત: સ્ત્રાવી ગ્રંથીઓનો. તેના પરિણામોને વધેલા શારીરિક ઉલ્લાસ, બુદ્ધિને લગતો વધુ ઉત્સાહ, સૈદ્ધાંતિક શક્તિ અને માનવ સંબંધોમાં છુપાયેલી વાસ્તવિકતાઓની વધુ ઉંડી સમજણની રીતે માપી શકાય છે. સાચી પ્રાર્થના એ જીવનની રીત છે : અને સૌથી સાચું જીવન એ શબ્દસ: એક પ્રાર્થના છે."

૫૨

દબાણ અને તણાવ ઘટાડો



દુનિયાના સૌથી મોટાં વ્યાપારી હિતોમાંથી એકના મેનેજીંગ ડાયરેક્ટર એક સવારે તેમના ગ્રાહક સાથે વાત કરતા તેમની ન્યુયોર્કની ઓફીસમાં બેઠા હતા. અચાનક તેમની સેક્રેટરી, તેણીના હાથમાં મહત્વના દેખાતા દસ્તાવેજોના વીંટા સાથે પરેશાન થઈને તેમના રૂમમમાં આવી. તેણીએ તેના ઉપરી પર પ્રભાવ પાડવા માટે સમસ્યાના ભયાવહ પ્રકાર વિશે ઉત્તેજીત થઈને ખૂબ જ લંબાણપૂર્વક વાત કરી. મેનેજીંગ ડાયરેક્ટરે કહ્યું, “મીસીસ જોન્સ, નિયમ ત્રણ ફરી વાંચો તો.”

સેક્રેટરી ચમકી ગઈ. રૂમ છોડી જતાં પહેલાં તેણે કાગળો તરફ જોયું અને સ્મિત કર્યું. કુતુહલથી જીતાયેલા તે ગ્રાહકે મેનેજીંગ ડાયરેક્ટરને નિયમ ત્રણ સમજાવવા કહ્યું.

પ્રશ્નો

૧. નિયમ ત્રણ શું હતો ?

૨. નિયમ એક અને બે શું હતા ?

૩. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. નિયમ ત્રણ પોતાની જાતને વધારે પડતી ગંભીરતાથી ન લેવા વિશે હતો.

૨. કંપનીમાં માત્ર ત્રીજો નિયમ જ હતો, બીજા કોઈ નિયમ ન હતા.

૩. આ વાર્તા એ વાત પર ભાર મૂકે છે કે કશું જ વધારે પડતી ગંભીરતાથી લેવાય છે ત્યારે લોકો આપોઆપ જ દબાણ અને તણાવથી પીડાય છે અને જ્યારે એક વ્યક્તિ દબાણ અને તણાવથી પીડાય છે ત્યારે તેની ઉત્પાદન શક્તિ નીચી હોય છે. જો વ્યક્તિ પોતાની કાર્યક્ષમતા સુધારવા માંગે છે તો વ્યક્તિ ત્યારે દબાણથી અને તણાવથી મુક્ત હોવી જરૂરી છે.

૫૩

લોકોમાં વિશ્વાસ મૂકો, તેઓ વિશ્વાસુ બનશે



એક છોકરો તેની ચોરીની આદતને કારણે તેના વર્ગમાં કુખ્યાત બન્યો હતો. શિક્ષક તેની સાથે આ બાબત વાત કરીને તેને સુધારવા માગતા હતા, પરંતુ, તે બદલાતો જ નહતો. તેણી સજા કરવામાં માનતી ન હોવા છતાં, તે જાણતી હતી કે વાત વધુ વણસે તે પહેલાં આ વિશે કંઈક તો કરવું જ પડશે.

એક વખત તેણીએ તેને બોલાવ્યો અને વર્ગ માટે કોઈક વસ્તુઓ ખરીદવા માટે તેને પૈસા આપ્યા. જ્યારે છોકરો વસ્તુઓ અને વધેલા પૈસા લઈને પાછો આવ્યો ત્યારે શિક્ષકે તે ગણ્યા પણ વગર તે લઈ લીધા. તેણે વર્ગમાં તે છોકરાની પ્રમાણિકતા અને વિશ્વાસનીયતાનાં વખાણ કર્યાં. આ સાંભળીને તે છોકરાને આઘાત લાગ્યો, કારણ કે તેણે ખરેખર તેણીએ આપેલા પૈસામાંથી થોડાક ચોર્યા જ હતા. તેને તેની ભૂલનો ખ્યાલ આવ્યો અને પછી ક્યારેય એક પૈસો પણ ચોર્યો નહીં.

પ્રશ્ન

૧. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારો પોતાનો જવાબ વિચાર્યા પછી જ અમારા જવાબ સાથે તેની ચકાસણી કરો,

જવાબ

૧. શિક્ષકે તે છોકરાને દર્શાવ્યું કે તે ખરેખર તેના પર વિશ્વાસ રાખતી હતી અને આ ઘટનાએ તેને એક નવી વ્યક્તિ બનાવ્યો. વિશ્વાસ લોકોનાં નવઘડતરમાં ચમત્કાર સર્જી શકે છે.

૫૪

એક સુશિક્ષિત માણસ કોણ છે ?



એક વખત એક ગામડાની છોકરી કુંવારી માતા બની. ગ્રામવાસીઓ આઘાત પામી ગયા અને તેમણે તે છોકરીને તે બાળકના પિતાનું નામ પ્રગટ કરવાનું દબાણ કરવા માટે કેટલાક કોરડા ફટકારવાની સજા કરી. બધાનાં આશ્ચર્ય વચ્ચે તેણીએ દુનિયાને કહ્યું કે, તે ગામની ભાગોળે રહેતો ઝેન ગુરુ હતો બીજું કોઈ નહીં. ગામના લોકો તેના મઠ પર ગયા, તોછડાઈથી તેના ધ્યાનમાં ખલેલ પાડી અને તેને દંભી તરીકે જાહેર કર્યો, "તેં અમારા ગામની એક છોકરી વિરુદ્ધ પાપ કર્યું છે. તારે માતા અને બાળકની સંભાળ લેવી પડશે." ગુરુએ માત્ર એટલું જ કહ્યું, "એમ છે ?"

તેણે બાળકને પોતાના હાથમાં લીધું અને ખૂબ જ પ્રેમ અને વહાલથી તેની દેખભાળ લીધી. પરંતુ તેનું નામ કાયમ માટે કલંકિત થઈ ગયું. તેના બધા શિષ્યો એક પછી એક તેને છોડી ગયા. એક વર્ષ સુધી આવું ચાલ્યું, જેના અંતે છોકરી આ વધારે સહન ન કરી શકી.

તેણી ગ્રામવાસીઓ પાસે પાછી ગઈ અને કબુલ કર્યું કે તેણી જૂઠ્ઠું બોલી હતી. તે બાળકનો પિતા તે ઝેન ગુરુ નહીં પરંતુ તેનો પડોશી હતો. ગ્રામવાસીઓ ગુરુ પાસે ગયા અને જે બન્યું હતું તે જણાવ્યું. તેણે જવાબ આપ્યો...

પ્રશ્નો

૧. ગુરુની પ્રતિક્રિયા શું હતી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ગુરુએ માત્ર એટલું જ કહ્યું, "એમ છે ?"

૨. જ્યારે તેના પર દોષારોપણ કરવામાં આવ્યું ત્યારે તેણે કરેલું એક માત્ર વિધાન હતું, "એમ છે ?" જે વ્યક્તિ પ્રશંસા અને દોષને સમાનતાથી લે છે તે ખરેખર સુશિક્ષિત છે. ભલે તેને માટે અતિશય માનસિક બળની જરૂર પડે છે. છતાં, માણસે હંમેશાં મનની આવી અવસ્થા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

૫૫

કઠોર પરિશ્રમ દ્વારા મહાન વસ્તુઓ પ્રાપ્ત કરો



ભારતના છેલ્લા વાઈસરોય, લોર્ડ લુઈસ માઉન્ટબેટન તેમની તેજસ્વીતા અને સૌથી ગુંચવણભરી સમસ્યાઓ સાથે કામ કરવા માટેની તેમની અદ્ભુત ક્ષમતા માટે આખી દુનિયામાં પ્રખ્યાત હતા. એક વખત તેઓ એક પ્રેસ કોન્ફરન્સમાં હતા અને કેટલાક પ્રશ્નોનો ખૂબ જ કુનેહપૂર્વક સામનો કરી રહ્યા હતા. પત્રકારોમાંના એકે તેમની પ્રશંસા કરી અને તેમની બધી સિદ્ધિઓનું રહસ્ય પૂછ્યું. આ વખતે, લોર્ડ માઉન્ટબેટને જે જવાબ આપ્યો તેનાથી તેમને હાજર રહેલા દરેકે ઉભા થઈને વધાવી લીધા.

પ્રશ્નો

૧. તેમનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. લોર્ડ માઉન્ટબેટને કહ્યું, "સત્યએ છે કે હું તો એક ખૂબ જ સામાન્ય વ્યક્તિ છું અને જો મેં કોઈ સફળતા મેળવી છે તો તે માત્ર કઠીન પરિશ્રમ અને પ્રમાણિકતાને કારણે છે."

૨. સફળતા માત્ર કઠીન પરિશ્રમ અને સમર્પિતતાથી પ્રાપ્ત થાય છે. જો તમે તમારાં લક્ષ્ય તરફ કામ કરવાનું ચાલુ રાખો, તો એવું કંઈજ નથી જે તમારા વડે સિદ્ધ ન થાય. કઠીન પરિશ્રમ એ સફળતાની માળાનો દોરો છે.

૫૬

ક્યારેય પ્રયાસ છોડી ન દેવા



દુર્ઘટનાઓ આપણા હૃદય પર ઉઝરડા છોડી જાય છે, પરંતુ તેમની હંમેશાં આપણને સંલગ્ન કંઈક શીખવવાની એક રીત હોય છે. ૧૯૧૪માં એડીસનનાં કારખાનાંઓ આગમાં સંપૂર્ણપણે નાશ પામ્યાં, જે વીસ લાખ ડોલર્સ કરતાં વધુનાં સાધનો ગુમાવવાનું કારણ બન્યાં. જ્યારે કારખાનું ભયંકર જ્વાળાઓની ચપેટમાં આવી ગયું હતું, ત્યારે એડીસનનો પુત્ર વિહ્વળ થઈને તેના પિતાને શોધતો હતો. તેણે તેના પિતાને આગની નજીક ઉભેલા જોયા અને તેનું હૃદય તેના વૃદ્ધ પિતા માટે ભરાઈ આવ્યું. એડીસને તેના પુત્રને જોયો અને કહ્યું, “તારી માતા ક્યાં છે ? તેણીને આ દૃશ્ય જોવા બોલાવ. તેણી તેની આખી જીંદગીમાં ફરી ક્યારેય આવું દૃશ્ય નથી જોવાની.” તેની પત્ની આવી અને હોનારત જોઈ. બીજે દિવસે બંને ચાલવા ગયાં. તેની પ્રભાવશાળી ફેક્ટરીના ભંગાર પાસેથી પસાર થતાં, ૬૭ વર્ષના એડીસને તેની પત્નીને એવું કંઈક કહ્યું જેથી તેણીના ઝાંખા પડી ગયેલા ચહેરા પર ખોવાયેલું સ્મિત ઝબકી ઉઠ્યું.

પ્રશ્નો

૧. એડીસને તેની પત્નીને શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. એડીસને કહ્યું, "હોનારતનું ઘણું મુલ્ય છે. આપણી બધી ભૂલો બળી ગઈ છે. ઈશ્વરનો આભાર, આપણે નવેસરથી શરૂ કરી શકશું."

૨. ક્યારેય હારી ન જાવ એ બોધપાઠ આ વાર્તામાંથી આપણે શીખીએ છીએ. હારને સકારાત્મક પ્રકાશમાં જોવી તે ફરી સફળતા તરફ જવાની ચાવી છે. વૈજ્ઞાનિક સંશોધનોની દુનિયામાં એડીસનનું નામ હંમેશા માટે સુવર્ણ અક્ષરોમાં લખાશે.

૫૭

વાર્તાઓ અને બોધકથાઓની કાર્યકુશળતા



એક ગુરુ વાર્તાઓ અને બોધકથાઓ દ્વારા તેમના બોધ આપતા, અને તેમના શિષ્યોને તે ખૂબ ગમતું. તેઓ હંમેશાં તેમના બોધપાઠો ખૂબ જ ધ્યાન અને અતિશય આનંદથી સાંભળતા. પરંતુ, હંમેશા પ્રાસંગિક હતાશા આવતી કારણ કે શિષ્યો કશુંક ઉંડું જ્ઞાન મેળવવા ઈચ્છતા. તેમની બધી ફરીયાદો છતાં, ગુરુ ચળ્યા નહીં અને તેમના વાંધાનો તેમની પાસે એક જ જવાબ હતો.

પ્રશ્નો

૧. ગુરુનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ગુરુએ કહ્યું, “મારા વ્હાલા શિષ્યો, તમારે હજી એ સમજવાનું છે કે માણસ અને સત્ય વચ્ચેનું સૌથી ટૂંકું અંતર વાર્તા

છે.”

૨. વાર્તાઓ ગ્રાફીકની રીતે સત્ય પહોંચાડે છે. ભલે આપણે મોટેભાગે વાર્તાઓ બાળકો સાથે જોડીએ છીએ, છતાં ગહન સત્ય સમજાવવાની તેની શક્તિને આપણે ઓછી ન આંકવી જોઈએ.

૫૮

તમને ચૂકવાય છે તેના કરતાં વધુ કાર્ય કરો



એક કંપનીના મેનેજીંગ ડાયરેક્ટરની એક સેક્રેટરી હતી, જે ઘણા સમયથી તેમને માટે કાર્ય કરતી હતી. એક દિવસ, તેમણે આટલાં બધા વર્ષો સુધી તેણીએ કરેલા પરિશ્રમ બદલ તેણીને પગાર વધારો આપવાનો નિર્ણય કર્યો. આ સારા સમાચારથી તેણીને આશ્ચર્યચકિત કરી દેવા માટે, તેણે પોતાનો નિર્ણય એક કાગળ પર લખ્યો, તેણીની ચેમ્બરમાં ગયા અને એ નોંધ ટાઈપ કરવા કહ્યું. તે મહિલાએ માત્ર તે કાગળ પર નજર નાખી અને પોતાનું કામ ચાલુ રાખ્યું. હકીકતમાં, તેણે પોતાનું ટાઈપ કરવાનું કામ પૂરું પણ ન કર્યું અને તે નોંધ જેમ હતી તેમ છોડી દીધી. બોસની નોંધની વાત હતી ત્યાં સુધી, તેણે તેના પર ધ્યાન પણ ન આપ્યું.

પ્રશ્નો

૧. ઉપરીની પ્રતિક્રિયા શું હતી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ઉપરીએ તરત જ તેની સેક્રેટરીને બઢતી આપવાનો પોતાનો નિર્ણય બદલી નાખ્યો. એક કર્મચારીને તેને પ્રેરિત કરવા માટે અને એ રીતે તેની ઉત્પાદકતા વધારવા માટે બઢતી આપવામાં આવે છે. જોકે, આ ભલાં વર્તન તરફની ઉપેક્ષા તે વ્યક્તિને તે નિર્ણય લેવા બદલ પસ્તાવો કરાવે છે. પોતાની બેદરકારીને કારણે, સેક્રેટરીએ બઢતીની તક ગુમાવી.

૨. દરેક રોજગાર આપનાર એવી વ્યક્તિને કામ રાખવા માગે છે જે તેમણે કરવાનું હોય તેના કરતાં થોડુંક વધારાનું કામ કરે. સાચી સમર્પિતતા અને વચનબદ્ધતા હંમેશાં લાંબા સમયે વળતર આપે છે.

૫૯

ઈશ્વર તેને મદદ કરે છે, જે પોતાને મદદ કરે છે



એક ગરીબ સ્ત્રીને તેના પતિએ છોડી દીધી. આ સાંભળીને, તેણી પાડોશણ તેનાં આંસુ લુછવા અને તેણીને આશ્વાસન આપવા દોડી ગઈ. તેણીનાં આશ્ચર્ય વચ્ચે, તેણીએ એક વિહ્વળ અને નિ:સહાય સ્ત્રીને બદલે એક ખુશ, આનંદી અને આત્મવિશ્વાસુ સ્ત્રી જોઈ. “તું ખૂબ જ ખુશ અને અસર પામ્યા વગરની દેખાય છે. તને તારા ભવિષ્ય વિશે ચિંતા નથી થતી ? તું તારી જાતને કેવી રીતે ટેકો આપીશ ? તારી પાસે ટેકા માટેનો કોઈ માર્ગ છે ?” તે બીજી સ્ત્રીનો જવાબ પોતે જ એક બોધપાઠ હતો.

પ્રશ્નો

૧. તે છોડી દેવાયેલી સ્ત્રીનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. તે સ્ત્રીએ જવાબ આપ્યો, "જીવનમાં મારી પાસે ત્રણ મુખ્ય ટેકારૂપ ઘટકો છે : મારા હાથ, મારી સારી તંદુરસ્તી અને ઈશ્વર. મને બીજા કોઈના ટેકાની જરૂર નથી."

૨. આ સ્ત્રીની વાર્તા મને નીચેની કવિતા યાદ અપાવે છે :

"ન રાખો આધાર બીજા પર, રાખો તમારી જાત પર,
વિશ્વાસ તમારા પોતાના પ્રયાસ પર રાખવો,
પરવશતા બીજાની ઈચ્છા પર, માત્ર આપે છે પીડા
ખૂશી ખરી તો પડેલી છે, સ્વ-શ્રધ્ધામાં."

૬૦

માફી આપતાં શીખો



શાળાના એક બાળકને ગંભીર ભૂલ કરવા બદલ આચાર્ય પાસે મોકલવામાં આવ્યો. બધી હકીકત સાંભળ્યા પછી, આચાર્ય એ એક કોરી નોટબુક કાઢી અને છોકરાનું નામ લખ્યું. ફરીયાદ લખતાં લખતાં, તેમણે તે છોકરાને કહ્યું...

પ્રશ્નો

૧. આચાર્યએ છોકરાને શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. આચાર્યએ નોટબુકમાં પેન્સીલથી નોંધ કરી, અને છોકરાને કહ્યું કે : “હું આ નોંધ પેન્સીલથી કરું છું અને તારી ભૂલને બહુ ગંભીરતાથી નહીં લઉં. ખરેખર તો, જો આ વર્ષમાં તને ફરી વખત મારી પાસે મોકલવામાં નહીં આવે. તો હું આને મારી

ચોપડીમાંથી ભૂંસી નાખીશ અને કોઈને તેના વિશે કંઈ જ ખબર નહીં પડે.”

૨. દયા એ એક મહાન ગુણ છે અને બધાએ તે મનમાં ઉતારવાનો પ્રયાસ કરવો જોઈએ.

૬૧

તમારી પાસે જે છે તેનાથી સંતુષ્ટ રહો



એક કવેકરે એક વખત તેની જમીનના ખાલી ટુકડા પર એક લખાણ મૂક્યું, “આ જમીન એવી વ્યક્તિ માટે છે જે ખરેખર જીવનમાં સંતુષ્ટ હોય,”

નજીકમાં રહેતો એક સમૃદ્ધ ખેડૂત આ વાંચવા ઉભો રહ્યો અને વિચાર્યું, “મારો પ્રિય મિત્ર એવો આ કવેકર તેની જમીન છોડવા માંગે છે. તેથી બીજો કોઈ કરે તે પહેલાં મને તેના પર દાવો કરવા દે. મારી પાસે મને ક્યારેય જોઈએ તે બધું જ છે, આથી હું ચોક્કસ લાયક છું.”

આ વિચાર સાથે તે કવેકર પાસે ગયો અને ત્યાં કેમ આવ્યો હતો તે સમજાવ્યું, “તો તું જીવનમાં સંતુષ્ટ છે ?” કવેકરે પૂછ્યું.

“હા, ચોક્કસ, કારણ કે મારે જરૂર હોય તે બધું જ મારી પાસે છે.” કવેકરે તેની વિનંતીનો પ્રત્યાઘાત આપ્યો.

પ્રશ્નો

૧. કવેકરનો પ્રત્યાઘાત શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. "મિત્ર, જો તું જીવનમાં આટલો બધો સંતુષ્ટ છે, તો તારે જમીન શું કામ જોઈએ છે ?"

૨. જ્યારે બીજા સંપત્તિ માટે ઝંખે છે, ત્યારે સુશિક્ષિત લોકો તેમની પાસે જે કાંઈપણ છે તેનાથી સંતુષ્ટ છે. થોડાકથી પણ સંતુષ્ટ હોવું તે રાજા જેટલા ધનિક હોવા બરાબર છે.

૬૨

એક વ્યક્તિની અદ્વિતિયતા સ્વીકારો



લંડનની એક ગલીમાં ચલાતા બે માણસો એક કેથેડ્રલ પાસેથી પસાર થયા. કેથેડ્રલમાં સંગીત વગાડાતું હતું. એક માણસે કહ્યું, "સંગીત સાંભળ. તે અદ્ભૂત નથી ?" બીજા માણસે જવાબ આપ્યો :

પ્રશ્નો

૧. બીજા માણસનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો,

જવાબો

૧. બીજા માણસે જવાબ આપ્યો, "કયું સંગીત ? મને તો કોઈ સંગીત સંભળાતું નથી. કેથેડ્રલમાંથી તો ખૂબ જ અવાજ આવે છે. તે બધા સંગીતને અવરોધે છે."

૨. બધા કહે છે તેમ, જે ચીજ એક માણસનો ખોરાક છે તે બીજા માટે ઝેર છે. લોકોને જુદી જુદી વસ્તુઓ ગમે છે, તેમની પસંદ જુદી જુદી હોય છે. આ દુનિયામાં દરેક માણસને તેની અગ્રતાઓ પસંદ અને નક્કી કરવાનો અધિકાર છે.

૬૩

અનુમાન કામ આવતું નથી



એક પાદરીને બાળકો અને કૂતરાઓનો ખૂબ શોખ હતો. તેઓ નિયમિતપણે તેના આજુબાજુનાં કૂતરાંઓને ખાવાનું ખવરાવતો. બાળકોમાં અતિશય લોકપ્રિય હોવાને કારણે તે તેમની બધાની સાથે ખૂબ જ સારી રીતે ભળી ગયો. એ તેનો જન્મદિવસ હતો, તેથી બધા બાળકો ખૂબ જ ઉત્તેજનાથી તેમને માટે જન્મદિવસની શુભેચ્છાઓ તથા ભેટ લઈને આવ્યાં. ફાધરે નાનકડી મારી પાસેથી ભેટ લીધી અને કહ્યું, “મને લાગે છે કે તું મારે માટે પુસ્તક લાવી છે.” (મારીના પિતા ગામમાં પુસ્તકોની દુકાન ચલાવતા હતા.)

“હા, તમને કેવી રીતે ખબર પડી ?”

“ફાધર હંમેશાં જાણતા હોય છે !” ફાધરે ગર્વથી કહ્યું.

“અને ટોમી, તું મારે માટે સ્વેટર લાવ્યો છે.” ફાધર ટોમીએ તેમના તરફ ધરેલું પાર્સલ લેતાં બોલ્યા. (ટોમીના પિતાને ગરમ કપડાંનો વેપાર હતો.) “એ ખરું છે, ફાધર, તમે કેવી રીતે જાણ્યું ?”

“ફાધર હંમેશાં જાણતા હોય છે !” ફાધરે ફરી જવાબ આપ્યો અને બોબીનાં બોક્ષ સુધી આમ જ ચાલ્યું. તેના બોક્ષ પર વિંટાળેલો કાગળ ભીનો હતો. (બોબીના પિતા દારૂ વેંચતા હતા.)

આથી ફાધરે કહ્યું, "હં... તો તું મારે માટે વાઈન અથવા દારૂની બોટલ લાવ્યો છે, અને તેમાંથી થોડુંક છલકાવ્યું છે."

"ફાધર, ખોટું !"

ફાધરની આંગળીઓ ભીની થઈ ગઈ હતી અને તેમણે એક આંગળી મોઢામાં મૂકી જોઈ, પરંતુ જવાબ શોધી ન શક્યા.

પ્રશ્નો

૧. ફાધર માટે બોબીની ભેટ શું હતી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો...

જવાબો

૧. બોબીએ ફાધરને એક ગલુડીયું ભેટ કર્યું હતું.

૨. કોઈ સર્વજ્ઞ હોવાનો દાવો ન કરી શકે.

૬૪

પૈસામાં શક્તિ છે



એક વખત એક માણસે પૈસાની શક્તિ વિશે તેના મિત્ર સાથે શરત લગાડી. તેણે દલીલ કરી કે પૈસો બધું જ ખરીદી શકે. આ સાબિત કરવા માટે તે છેકરો મોટા ચર્ચના પાદરી સુધી ગયો અને કહ્યું, "ફાધર ગઈકાલે મારો કૂતરો ગુજરી ગયો. હું તેની યાદમાં 'પ્રાર્થના' રાખી શકું ?"

ફાધર સ્વાભાવિક રીતે જ તેની વિનંતીથી ગુસ્સે થઈ ગયા. "અમે અહીં પ્રાણીઓ માટે પ્રાર્થના રાખવા દેતા નથી. તારે રસ્તાની નીચે આવેલા નવા સંપ્રદાયમાં પ્રયાસ કરવો જોઈએ. કદાચ તેઓ તારા મૃત કૂતરા માટે પ્રાર્થના કરશે."

તે માણસે આશા ન છોડી અને આગ્રહ ચાલુ રાખ્યો. તેના મિત્રનાં ઘણા જ આશ્ચર્ય વચ્ચે, ફાધર સંમત થયા અને મિત્ર શરત હારી ગયો,

પ્રશ્નો

૧. માણસે ફાધરને શું કહ્યું તેમ તમને લાગે છે ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવણો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. તે માણસે ફાધરને કહ્યું, “હું ખરેખર તે કૂતરાને ખૂબ ચાહું છું અને તેને સરસ વિદાય આપવાનું મને ગમશે. આવા પ્રસંગે કયા રીત રિવાજો કરવા જોઈએ તે મને ખબર નથી, પરંતુ શું તમને લાગે છે કે પાંચ હજાર ડોલર પૂરતા થઈ પડશે ?”

૨. પૈસાની શક્તિ એક સંતનાં મન પર પણ કબજો કરી શકે છે. છેવટનાં વિશ્લેષણમાં, દરેક જણ શક્ય તેટલા વધુ પૈસા મેળવવા ઝંખે છે. તે લગભગ આપણે ઈચ્છીએ તે બધું જ ખરીદી શકે છે.

૬૫

વિનયી રહો - તમે એક મૈત્રી લણી શકો



એક માણસે એક દિવસ માટે એક ટેક્ષી ભાડે લીધી. શહેરમાં ફરી લીધા પછી, જ્યારે તેણે પૈસા ચૂકવવા માટે તેનું પાકીટ બહાર કાઢ્યું ત્યારે ટેક્ષી ડ્રાઈવરે તેમની પાસેથી પૈસા લેવાની ના પાડી.

પ્રશ્નો

૧. ટેક્ષી ડ્રાઈવરે પૈસા લેવાની કેમ ના પાડી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાનો જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ટેક્ષી ડ્રાઈવરે કહ્યું, "હું ૨૦ વર્ષથી ટેક્ષી ચલાવું છું. આ આખાં વીસ વર્ષોમાં તમે પહેલા છો જે મારા તરફ આટલા નમ્ર અને વિવેકી રહ્યા. તમારામાં માં મેળવેલા એક મિત્ર પાસેથી હું પૈસા ન લઈ શકું."

૨. જે વિવેક વાવે છે તે મૈત્રી લણે છે; જે માયાળુતા વાવે છે તે પ્રેમ એકઠો કરે છે; જેણે એક મિત્રની મૈત્રી જીતી છે તેણે દુનિયા જીતી છે.

૬૬

માફી આપવાનો ગુણ વિકસાવો



એક વખત રાજા લુઈ ચૌદમા ના પુત્રને દુશ્મન રાષ્ટ્ર વડે કેદી બનાવાયો અને તેને યાતના ખંડમાં મોકલાયો. ફ્રેન્ચ ડુફીનને એક સૌથી મુશ્કેલ જેલર વડે કેદમાં રખાયો હતો. જેલર આ બીચારા નિ:સહાય બાળક પર, તેણે રાજાના પરિવારમાં જન્મ લીધો હોવાને કારણે, પોતાના હાથ અજમાવવાની રાહ જોતો હતો. દરરોજ જેલર યાતનામાં થોડો વધારો કરતો, અને દરેક વખતે, બાળક ઈશ્વરને પ્રાર્થના કરતાં તે સહી લેતો.

એક દિવસ જેલરે તેને પૂછ્યું, "જો વેન્ડેઓન્સ તને છોડી મૂકશે તો તું શું કરીશ ? તું મારી સાથે શું કરીશ ? તું મને ફાંસીએ લટકાડી દઈશ ?"

પ્રશ્નો

૧. તે નાના બાળકનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. બાળક હસ્યો અને કહ્યું : "હું તને માફ કરીશ."

૨. માફી આપવી તે માણસનો એક ઉમદા ગુણ છે. સાલેસના સંત ફ્રાન્સીસ કહે છે તેમ, "જો, કોઈ ધિક્કારમાં હોય તેવી વ્યક્તિ મારી ડાબી આંખ ખેંચી લેશે, તો મને લાગે છે કે હું મારી જમણી આંખ વડે તેની તરફ માયાળુતાથી જોઈ શકીશ. જો તે બીજી આંખ પણ ખેંચી કાઢશે, તો મારી પાસે હજી હૃદય તો હશે જ, જેનાથી હું તેને પ્રેમ કરીશ."

૬૭

યથાર્થ વર્તમાનને માણો



આએક અતિ સુવિખ્યાત ધર્મગુરુ મોકરોની વાત છે. તે તેનાં શાણપણ અને હૂંફ માટે જાણીતા હતા. તેઓ તેમના ઘણા શિષ્યોને હતાશા અને હતોત્સાહ હાલતમાં છોડીને એક અકસ્માતમાં મૃત્યુ પામ્યા. બીજા ધર્મગુરુ મેન્ડેલે એક વખત તેમના મઠની મુલાકાત લીધી અને તે મૃત્યુ પામેલા ધર્મગુરુ માટે તેમના બધા જ શિષ્યોમાં રહેલો ઉભરાતો પ્રેમ જોઈને તેઓ દિગમૂઢ થઈ ગયા. તેમણે ત્યાં તેમના એક શિષ્યને પૂછ્યું, “તમારા શિક્ષક કઈ વસ્તુને મહત્વ આપતા ?”

શિષ્યએ એક ક્ષણ તેના વિશે વિચાર કર્યો , અને એક જવાબ આપ્યો જેણે ધર્મગુરુ મોકરો કેટલા મહાન હતા તેનો તે ધર્મગુરુને ખ્યાલ આપ્યો.

પ્રશ્નો

૧. શિષ્યનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. શિષ્યએ જવાબ આપ્યો. "ધર્મગુરુ મોકરો તે ક્ષણે તેઓ જે કોઈ પણ વસ્તુ કરતા હોય તેને પુષ્કળ મહત્વ આપતા."

૨. વર્તમાનમાં રહેવામાં પવિત્રતા રહેલી છે. વર્તમાન ક્ષણ વિશે જાગૃત હોવું તે સુશિક્ષિતતા લાવે છે. જે વ્યક્તિ ભૂતકાળને ભૂલીને અને ભવિષ્ય તરફ તટસ્થ થઈને, વર્તમાનમાં જીવે છે, તે શાણપણનો માણસ છે. તમારું આજનું કામ આજે જ કરી લેવું તે આવતીકાલનાં કામ માટેની ઉત્તમ તૈયારી છે. આવનારી જીંદગી માટેની શ્રેષ્ઠ તૈયારી આજ અને અત્યારમાં જીવીને કરી શકાય છે. તમારા સૌથી ઉચ્ચ અને શ્રેષ્ઠ માટે જીવો. મૃત્યુ પામેલા ભૂતકાળને સીલ કરી દેતાં, ન જન્મેલાં ભવિષ્ય વિશે ચિંતા ન કરતાં શીખો, પરંતુ યથાર્થ વર્તમાનને જીવો અને માણો.

૬૮

સરખામણી ન કરો



એક સુંદર નાનકડી ચકલી એક વડનાં ઝાડની ટોચ પર રહેતી હતી. તે આકાશમાં ઉડતાં બીજાં બધા પક્ષીઓને જોતી અને તેમની સરખામણીએ પોતે ઘણી નાની હોવાનું અનુભવતી. તે પોતે જેવી દેખાતી હતી તેને ધિક્કારતી હતી, "તમે મોરને આટલા સુંદર રંગ આપ્યા, બુલબુલને આટલો સુમધુર અવાજ આપ્યો, પરંતુ મને, તમે મને કંઈ જ ન આપ્યું. કેમ ?" ઈશ્વરે આનો જવાબ આપ્યો.

પ્રશ્નો

૧. ઈશ્વરનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો,

જવાબો

૧. ઈશ્વરે કહ્યું, "તને સહન કરવા માટે નહોતી બનાવાઈ

અને તું એ જ મૂર્ખ જેવી ભૂલ કરે છે, જેવી માણસ જાત સામાન્ય રીતે કરે છે. તું માત્ર તું જ રહે તો તું જ શ્રેષ્ઠ હશે. તારી અદ્વિતીયતા સમજ અને તને જેવી બનાવવાની હતી તેવી જ રહીને મજા કર."

૨. દરેક વ્યક્તિ ઈશ્વરની કલ્પના મુજબ સર્જાઈ છે. તેણે દરેકે દરેક સર્જનને અદ્વિતિય બનાવ્યું છે. આપણે આ હકીકતને સકારાત્મક જીવનબળ તરીકે જોતાં શીખવું જોઈએ, કશાક એવા તરીકે નહીં જે એક ને ઉતરતું અને બીજાને ચડીયાતું બનાવે છે. મોટાભાગના લોકો લઘુતાની લાગણી સાથે જીવીને તેમની જીંદગી નિષ્ફળ બનાવે છે, અને આવી રીતે પોતાની અને ખુશીની વચ્ચે અવરોધો મૂકે છે.

૬૯

આપવામાં આનંદ મેળવો



યુ. એસ.એ. એમ્પોરીયાના પ્રખ્યાત સાધુ વીલીયમ એલમ વ્હાઈટે તેનાં વતનનાં શહેરને ૫૦ એકરનો વૃક્ષ ખચિત પ્લોટ એક બગીચાની સાઈટ તરીકે ભેટ આપ્યો. તેમ કરતી વખતે મિ. વ્હાઈટે જાહેર કર્યું કે, "મારી પાસે જે મુઠ્ઠી ભરીને ડોલર્સ છે, જેમાંથી હું છૂટકારો મેળવું છું તેમાં આ છેલ્લી કીક છે, મેં લોકોને એ શીખવવાનો પ્રયત્ન કર્યો છે કે દરેક ડોલરની ત્રણ કીક હોય છે, જે સૌથી અદ્ભૂત લાગણી આપે છે."

પ્રશ્નો

૧. દરેક ડોલરની એ ત્રણ 'કીક' કઈ છે ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો,

જવાબો

૧. તેણે કહ્યું, "એ ત્રણ કીક છે - એક જ્યારે તમે તેને કમાવ,

બીજી જ્યારે તે તમારી પાસે હોય અને ત્રીજી જ્યારે તમે તેને આપી દો.”

૨. મુર્ખાઓ કમાય છે અને તેમના પૈસાનો સંચય કરે છે. કમાવું અને પોતાની મહેનતનાં ફળ માણવાં તે સ્વાભાવિક છે. જોકે, મહાન માણસો એ છે જેઓ કમાય છે અને પછી તે પૈસા સમાજના અને માનવતાના ઉત્કર્ષ માટે ખર્ચે છે. આપવામાં મહાન આનંદ છે, જે માત્ર શાણા માણસો જ સમજે છે.

૭૦

આપવાના આનંદનો અનુભવ કરો



મોટર ઉદ્યોગના પિતામહ હેન્રી ફોર્ડ એક વખત ડબ્લીનમાં રજાઓ ગાળી રહ્યા હતા. એક અનાથ આશ્રમમાંથી પ્રતિનીધીમંડળ તેમની હોટેલ પર નવી ઈમારત માટે કંઈક ફાળો માગવા આવ્યું. મિ. ફોર્ડ આ ઉમદા કાર્ય માટે તરત જ ૨૦૦૦ પાઉન્ડનો ચેક લખી આપ્યો. બીજી સવારે, ડબ્લીનનાં વર્તમાન પત્રએ ફોર્ડે આઈરીશ અનાથ આશ્રમ માટે ૨૦,૦૦૦ પાઉન્ડનું દાન આપ્યાની હેડલાઈન પ્રથમ પાનાં પર આપી. તે સવારે, અનાથ આશ્રમના ડાયરેક્ટર ફોર્ડના કમરામાં માફી માગવા દોડી આવ્યા અને તે વર્તમાનપત્રને સુધારો કરવા માટે તેના એડીટરને ફોન કરવાની ઓફર કરી.

"કંઈ વાંધો નહીં" ફોર્ડે બીજો ૧૮૦૦૦ પાઉન્ડનો ચેક લખતાં કહ્યું, "માત્ર એક શરતે તમને આ ચેક મળી શકે છે."

પ્રશ્નો

૧. શરત શું હતી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ફોર્ડે કહ્યું, જ્યારે નવા મકાનનું ઉદ્ઘાટન થાય, ત્યારે મને તેના પર આ લખાણ જોઈએ છે : "હું એક અજાણ્યો હતો અને તમે મને આશ્રય આપ્યો છે." ("I was a stranger and you took me in")

૨. એક મોટા માણસ બનવા માટે બધી વસ્તુ હોવી જરૂરી છે. ફોર્ડ ઉદારતાની સાથો સાથ જ રમૂજવૃત્તિ પણ દર્શાવી... જ્યારે 'Take in' નો અર્થ આશ્રય આપ્યો થાય છે ત્યારે તેનો અર્થ મૂર્ખ બનાવ્યો અથવા છેતર્યો એવો પણ થાય છે.

૭૧

તમારાં બાળકનું શિક્ષણ ક્યારે શરૂ કરવું જોઈએ ?



એક વખત એક યુવાન માતા "મારે મારાં બાળકની તાલીમ ક્યારે શરૂ કરવી જોઈએ ?" તેમ પૂછવા માટે એરીસ્ટોટલનો સંપર્ક કર્યો, એરીસ્ટોટલે પૂછ્યું, "બાળક કેવડું છે ?" તેણીએ જવાબ આપ્યો કે બાળક પાંચ વર્ષનું છે. તે જ ક્ષણે એરીસ્ટોટલ બૂમ પાડી ઊઠ્યા...

પ્રશ્નો

૧. એરીસ્ટોટલે શું બૂમ પાડી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. એરીસ્ટોટલે બૂમ પાડી, "ઘેર દોડ, તું આમ પણ પાંચ વર્ષ મોડી છે."

૨. બાળકનું શિક્ષણ તેના જન્મની સાથે જ શરૂ થાય છે. બાળક પર પ્રાથમિક પ્રભાવ તેનાં માતા-પિતાનો હોય છે કારણ કે તેઓ તેને 'ઘર' નામની શાળામાં સારાં મૂલ્યો શીખવે છે.

૭૨

જ્ઞાનનું મૂલ્ય સમજો



એક વખત એક કારખાનાંમાં મહત્વનું મશીન કામ કરતું બંધ પડી ગયું. પરિણામે, આખાં કારખાનાનું બધું જ કામ ઠપ થઈ ગયું. કારખાનાના બધા જ ફોરમેન અને ઈજનેરોએ તેને કામ કરતું કરવાના બધા જ પ્રયાસો કરી જોયા, પરંતુ વ્યર્થ, છેવટે, મશીનને ઠીક કરવા એક તજજ્ઞને બોલાવવામાં આવ્યો. મશીનની પૂરેપૂરી ચકાસણી કર્યા પછી તેણે એક હથોડો લીધો અને મશીનની એક ચોક્કસ જગ્યાએ તે ઠોક્યો. એ જ ક્ષણે મશીન સરળતાથી કામ કરવા લાગ્યું.

તજજ્ઞએ આ કામ માટે ૧૦,૦૦૦ રૂપિયાનું બીલ મોકલ્યું. દેખીતી રીતે જ તે તજજ્ઞને પૂછવામાં આવ્યું કે માત્ર હથોડો ઉપાડીને એક ચોક્કસ જગ્યાએ ઘા મારવા માટે એને તે પણ માત્ર એક જ વખત, તેમણે શા માટે આટલા બધા પૈસા ચૂકવવા જોઈએ. તજજ્ઞને બીલમાં સુધારો કર્યો અને ચૂકવણી માટે કારખાનામાં પાછું મોકલી આપ્યું.

પ્રશ્નો

૧. તજજ્ઞને બીલમાં કરેલો સુધારો શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. બીલની સુધારેલી આવૃત્તિ નીચે મુજબ છે :

મશીન પર હથોડો ઠોકવાનો ચાર્જ	- ૦,૦૦૫ રૂ.
ક્યાં મારવું તે જાણવાનો ચાર્જ	- ૯,૯૯૫ રૂ.
કુલ	- ૧૦,૦૦૦ રૂ.

૨. જ્ઞાન એ શક્તિ છે. જ્ઞાન સંપાદન કરવા માટે પુષ્કળ પરિશ્રમ, બુદ્ધિ અને પ્રયાસોની જરૂર પડે છે. માણસ તજજ્ઞને માત્ર તેના સમય માટે નહીં, તેની તજજ્ઞતા માટે પૈસા ચૂકવે છે.

૧૩

ઉંમર તમે તમારા મનમાં વિચારો તેટલી હોય છે



થોમસ એડીસન એવા ઓછા લોકોમાંના એક હતા જેઓ દૃઢતાપૂર્વક માનતા હતા કે ઉંમર તો તમે તમારા મનમાં જેટલી વિચારો તેટલી હોય છે, અને તમે પોતે વિચારો તેટલા જ મોટા હોવ છો. તેમના એંસીમા જન્મ દિવસે એક નજીકના મિત્રએ સૂચન કર્યું કે હવે તેમણે તેમની ગતિમાં ધીમા પડવું જોઈએ અને તેમના પોતાના માટે સમય કાઢવાનું શરૂ કરવું જોઈએ, “તમારે કોઈક પ્રકારનો શોખ કેળવવો જોઈએ. ગોલ્ફ શરૂ કરવાનું કેવું રહેશે ?” મિત્રએ કહ્યું. એડીસને જવાબ આપ્યો....

પ્રશ્નો

૧. એડીસને તેમના મિત્રને શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. એડીસને કહ્યું, "હજી હું એટલો વૃદ્ધ થયો નથી."

૨. એંસી વર્ષની પાકટવયે પણ એડીસને પોતે ઘણા નાના હોવા વિશે રમુજ કરી. ઉંમર તમે પૃથ્વી પર ગાળેલાં વર્ષોની સંખ્યા પર આધારિત નથી. ઉલટાનું તમે તે વર્ષો કેવી રીતે ગાળ્યાં તેના પર આધારિત છે. જેઓ જીવમાં કશુંક મહાન સિદ્ધ કરવાની સળગતી ઈચ્છા ધરાવે છે તેમને માટે ઉમરનો કોઈ બાધ નથી.

૭૪

ચતુર બનો



દૂરની ભૂમિ પરના એક મહા શાસકને કોબીજ ખાવી ખૂબ જ ગમતી હતી. તેને તે ગમે તે સ્વરૂપે ખાવામાં મજા આવતી અને વારંવાર તેના રસોઈયાને કોબીજ બનાવવાનું કહેતા. બિચારો રસોઈયો તેના માલિકને ખુશ કરવા માટે કોબીજની શક્ય તેટલી વિવિધ વાનગીઓ બનાવવાનો પ્રયાસ કરતો. એક વખત, વધારે પડતી કોબીજ ખાવાના કારણે માલિકનું પેટ બગડી ગયું. તેણે તરત જ પોતાનું વલણ બદલ્યું, હવે એવો દાવો કર્યો કે કોબીજ એ દુનિયાની સૌથી ભયાનક વસ્તુ છે. આ વખતે પણ, રસોઈયો તેમની સાથે સમંત થયો. રાજા રસોઈયાનાં ગુલામી માનસથી ગુસ્સે થયો અને પૂછ્યું કે તેમના બંને વિધાનો સાથે કેવી રીતે સંમત થઈ શકે ? રસોઈયાએ જવા આપ્યો :

પ્રશ્નો

૧. રસોઈયાનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. રસોઈયાએ જવાબ આપ્યો : “હું તમારો નોકર છું. મહારાજ, કોબીજનો નહીં.”

૨. ચતુરાઈ હૃદય જીતે છે.

૭૫

અભ્યાસ સંપૂર્ણ બનાવે છે



પ્રખ્યાત વાયોલીનવાદક પેડરવ્સ્કી જ્યારે તેમની સફળતાની ટોચે હતા ત્યારે પણ, દરરોજ દસથી બાર કલાક અભ્યાસ કરતા. એક વખત તેમનાં કાર્યક્રમ પછી તેમના એક ચાહકે, જે પોતે પણ વાયોલીન વાદક હતો, તેમને તેમની સફળતાનું રહસ્ય પૂછયું. પેડરવ્સ્કીએ તેને કહ્યું....

પ્રશ્નો

૧. પેડરવ્સ્કીની સફળતાનું રહસ્ય શું હતું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. તેમણે કહ્યું, "હું વિશ્વાસપૂર્વક કહું છું કે જો હું એક દિવસ માટે પણ મારા અભ્યાસમાં બેદરકાર રહું, તો હું તફાવત જોઈ શકું છું. જો હું બે દિવસ બેદરકાર રહું, તો મારા ટીકાખોરો

જોઈ શકે છે અને જો હું ત્રણથી વધુ દિવસ માટે બેદરકાર રહું તો આખી દુનિયા તે જાણે છે !"

૨. સાચા અર્થમાં સફળ બનવા માટે, તમારે સતતપણે તમારી કળાની ધાર કાઢવી જોઈએ અને સફળતાને તમને પ્રસન્ન બનાવવા ન દેવી જોઈએ. કલાકારનાં સાધનોનો નિયમિત ઉપયોગ કરવામાં ન આવે તો તેને કાટ લાગતાં કે બીનઉપયોગી થઈ જતાં વાર લાગતી નથી.

૭૬

તમે તમારો વર્તમાન અને ભવિષ્ય બંને છો



એક એશોઆરામનું જીવન જીવતો માણસ હતાશા અને દુ:ખ અનુભવતો હતો. તે એક મહત્વાકાંક્ષી માણસ હોવા છતાં, પદ્ધતિસર તેનાં લક્ષ્ય પર કામ કરતો ન હતો. તે તેનાં લક્ષ્યને આગળ ધકેલ્યા કરતો, અને આ પ્રક્રિયામાં પોતાના વર્તમાનના સગડ ખોઈ બેસતો. સ્વાભાવિક રીતે તેનાં કામ પર અસર પડતી હતી. પરિણામે તે દુ:ખી થઈ ગયો. તેણે વધુ સારી રીતે તેની સમસ્યા ચકાસવાનો અને સમજવાનો પ્રયત્ન કર્યો, પરંતુ કોઈક રીતે તે તેનાં કામકાજની અવ્યવસ્થિત અવસ્થા માટે બરાબર શું જવાબદાર છે તે નક્કી ન કરી શક્યો.

છેવટે, તેણે એક જાણકાર વ્યક્તિનો સંપર્ક કર્યો અને તેને પોતાની સમસ્યા વિશે કહ્યું. તેને સાંભળ્યા પછી, જ્ઞાની પુરુષે ટીપ્પણી કરી...

પ્રશ્નો

૧. જ્ઞાની પુરુષની ટીપ્પણી શું હતી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. જ્ઞાન પુરુષે કહ્યું, "તારા મનની નાખુશ અવસ્થાનું કારણ બીજું કંઈ જ નહીં, પરંતુ તું પોતે જ છે. જ્યારે તારું લક્ષ્ય તારી સામે એકદમ સ્પષ્ટ જ છે, ત્યારે તું મૃગજળનો પીછો કરી રહ્યો છે એ વસ્તુ સમજ કે જો તારી નજર દૂરની વસ્તુ પર ટકેલી છે, તો તું ચોક્કસપણે તારું પગલું ચૂકી જ જવાનો છે."

૨. આપણામાંના મોટાભાગના પોતાની જાતને એવું વિચારીને છેતરીએ છીએ કે જો આપણે આપણાં ભાવી લક્ષ્યોને સિદ્ધ કરી લેશું તો આપણે સુખી થઈ જશું. આપણને એ ખ્યાલ નથી આવતો કે આપણે આપણા વર્તમાન અને ભવિષ્ય પર એક સરખું ધ્યાન આપીને સામનો કરવાનો છે. આપણને ત્યાં સુખ મળશે તેવી આશા રાખીને આપણે આપણા ગંતવ્ય સ્થાન ભણી નજર ન રાખવી જોઈએ. સાચી ખુશી તમને તમારા લક્ષ્યના માર્ગમાં જતાં, મુસાફરી દરમિયાન મળે છે. મુસાફરીને અંતે નહીં.

૭૭

હળવા મિજાજમાં પ્રેરણા



જ્યારે મંદી તેના શીખર પર હતી ત્યારે ઉદ્યોગોનું અધ:પતન થઈ રહ્યું હતું. ટકી રહેવાનું ઘણું મુશ્કેલ થઈ ગયું હતું. એક કંપનીના પ્રેસિડન્ટે તેના બધા જ કર્મચારીઓ માટે એક મહત્ત્વની જાહેરાત કરી.

પ્રશ્નો

૧. જાહેરાત શું હતી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. જાહેરાત આ મુજબ હતી :

બધા કર્મચારીઓ જોગ : વધતી હરીફાઈ અને વ્યાપારમાં ટકી રહેવાની ઈચ્છાને કારણે અમને એક નવી નીતિ ઘડવાની જરૂર જણાઈ છે. અમે તમને, આ સંસ્થાના આદરણીય કર્મચારીઓને

પૂછીએ છીએ કે, તમે ઓફીસમાં આવો અને પાછા જાવ તેની વચ્ચે ક્યાંક, શું તમે થોડો સમય બાજુમાં કાઢી શકો છો. અલબત્ત, આનો અર્થ સામાન્ય રીતે ઘણી જ મહત્વની પ્રવૃત્તિઓ, જેવી કે, ભોજનનો વિરામ, કોફીનો વિરામ, આરામનો સમય, વાર્તા બેઠક, ટીકીટ-વેંચવી, વેકેશનનું આયોજન, મિત્રોને મહત્વના ફોન કોલ્સ, અને ક્રીકેટ મેચના શક્ય પરિણામો પર ચર્ચા વગેરેનું વધારે પડતું ઉલ્લંઘન કરવાનો નથી. અને અમારા દરેક કર્મચારીને આ **"કાર્ય વિરામ" તરીકે** જાણીતા સમયનો ઉપયોગ કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં તેમનો સહયોગ આપવા વિનંતી કરીએ છીએ.

૨. ઘણા કર્મચારીઓ તેમના કામને પૂરતી ગંભીરતાથી લેતા નથી. તેમની બેદરકારીનું ચોખ્ખું પરિણામ કંપનીની ખોટ તરફ દોરી જાય છે. પ્રેસીડાન્ટ વડે કારાયેલી જાહેરાત એક રચનાત્મક ઉપાય છે. કર્મચારીઓએ આ હળવા મિજાજમાં કરાયેલ જાહેરતની પ્રશંસા કરી. તેમણે મુદ્દાને ગંભીરતાથી લીધો અને કંપની માટે વિશાળ નફો ઉત્પાદિત કરવા માટે કઠીન પરિશ્રમ કરવાનું શરૂ કર્યું.

૭૮

આપણે જ્ઞાન કેવી રીતે મેળવીએ



એક જ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છતા માણસે ગુરુની શોધમાં લાંબી મુસાફરી શરૂ કરી. એક સાહસભરી મુસાફરી પછી તેને એક ગુરુ મળ્યા જે એક જ્ઞાની આત્મા હતા. તેમની વચ્ચે નીચે મુજબ વાતચીત થઈ :

"મારે જ્ઞાન માટે ક્યાં શોધ કરવી જોઈએ ?"

"અહીં જ"

"તે ક્યારે બનશે"

"તે અત્યારે જ બની રહ્યું છે"

''તો મને તેનો અનુભવ કેમ નથી થતો ?"

"કારણકે તું જોતો નથી !"

"મારે શું શોધવું જોઈએ ?"

"કંઈ જ નહીં, માત્ર જો !"

"શેના તરફ ?"

"તારી આંખ જેના પર ઠરે તે કાંઈપણ"

"મારે કોઈ વિશિષ્ટ રીતે જોવું જોઈએ ?"

"ના, સામાન્ય રીતે ચાલી જશે."

"પરંતુ હું હમેશાં સામાન્ય રીતે નથી જોતો ?"

"ના"

"તમે એમ શા માટે કહો છો ?"

“છેવટે, ગુરુએ તેનો જવાબ આપ્યો.”

પ્રશ્નો

૧. છેવટે ગુરુનો જવાબ શું છે ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો...

જવાબો

૧. “કારણ કે, જોવા માટે તારે અહીં હોવું જોઈએ. તું મોટેભાગે ક્યાંક બીજે હોય છે,” ગુરુએ કહ્યું.

૨. આ વાર્તા માનવ મનના ભટકતા રહેવાના સ્વભાવની ઘટનાને બહાર લાવે છે. માનવ મન એક નટખટ વાંદરા જેવું છે, જે એક જગ્યાએથી બીજી જગ્યાએ, એક વ્યક્તિથી બીજી વ્યક્તિ અને એક વિચાર પરથી બીજા વિચાર પર કૂદયા કરે છે. જો આપણે મનનાં કાર્યનું અવલોકન કરીએ તો તે કેટલી ઝડપથી એક વસ્તુ પરથી બીજી પર જાય છે તે જોઈ શકીએ. જ્ઞાન સંપૂર્ણપણે અને અને વર્તમાનમાં રહેવામાં રહેલું છે. મનની જ્ઞાની અવસ્થા પ્રાપ્ત કરવા માટે, માણસે તેનાં મગજને અહીં અને અત્યારેમાં જીવવાની તાલીમ આપવી જોઈએ.

૭૯

તમારી ચિંતાઓ પર વિજય મેળવો



જેને ભૌતિક વસ્તુઓ પર ચિંતા કરવાની આદત હતી એવી એક સ્ત્રીને એક હીરાજડીત કંગન સાચવવા આપવામાં આવ્યું. તેણીની બહેનપણી પ્રવાસે જતી હતી અને પોતાની ગેરહાજરીમાં આ કંગનની સારી રીતે સંભાળ લેવા માટે તેણે આ બહેનપણી પર વિશ્વાસ મૂક્યો. આ સ્ત્રી કંગનની સુરક્ષિતતા વિશે ચિંતીત હોવાથી તેણીએ તેને મૂકવા માટે એક વધુ મજબૂત દાબડો ખરીદવાનું નક્કી કર્યું. પરંતુ તે જે ઝવેરી પાસે દાબડો ખરીદવા ગઈ, તેણે માત્ર તે કંગન તરફ એક નજર નાખી અને કહ્યું...

પ્રશ્નો

૧. ઝવેરીએ શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ઝવેરીએ માહિતી આપી કે કંગન નવા દાબડાને લાયક ન હતું. તેણે તેણીએ કહ્યું કે બધા જ હીરા નકલી હતા. તે મહિલા પહેલાં તો આ વાત સાંભળીને એકદમ દીગ્મૂઢ થઈ ગઈ, પરંતુ પછી બોલી, "ઈશ્વરનો આભાર, મારી બધી ચિંતા હવે પૂરી થઈ ગઈ."

૨. આપણે જીવનમાં કેટલીક બીનજરૂરી બાબતોને વધારે પડતું મહત્વ આપીએ છીએ, અને આથી આપણે પોતાને માટે ચિંતા સર્જીએ છીએ. પરંતુ, આ સમસ્યાનો ઉકેલ આપણા પોતાના હાથમાં જ પડેલો છે. માત્ર જ્યારે આપણે સભાનપણે તેનો અંત લાવવાનું નક્કી કરીએ છીએ, ત્યારે આપણે ખરેખર જ આપણી ચિંતાઓનો અંત લાવીએ છીએ.

૮૦

તમે ઘણું ઓછું જાણો છો તે જાણો



એક દિવસ, મહાન વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડીસનને યુવાન વિદ્યાર્થીઓને વક્તવ્ય આપવા અને પ્રોત્સાહિત કરવા માટે એક શાળામાં આમંત્રવામાં આવ્યા. એડીસનને તેમની સાથે સમય ગાળવામાં મજા આવી. તેમણે વિદ્યાર્થીઓને વિજ્ઞાનનાં ક્ષેત્રમાં કરેલા તેમનાં પ્રયોગો વિશે કહ્યું. વિદ્યાર્થીઓ પણ આવા મહાન વ્યક્તિને મળવા માટે ખૂબ ઉત્તેજીત હતા, અને તેમણે ઘણા પ્રશ્નો પૂછ્યા. એડીસને દરેકે દરેક પ્રશ્નના ખૂબ જ ધૈર્યપૂર્વક જવાબ આપ્યા. વિદ્યાર્થીઓમાંથી એકે પૂછ્યું, "તમે આટલું બધું જ્ઞાન કેવી રીતે મેળવ્યું ?"

અને એડીસને જવાબ આપ્યો...

પ્રશ્નો

૧. એડીસનનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. એડીસને જવાબ આપ્યો, "હું જે નથી જાણતો પરંતુ શીખવા ખૂબ જ ઉત્સુક છું, તેવું બીજાઓને જણાવીને."

૨. ડહાપણ અને જ્ઞાન સૌ પ્રથમ વિનમ્રતામાંથી અને પછી કોઈ પણ રૂપે સતતપણે જ્ઞાન ઈચ્છવામાંથી આવે છે. વ્યક્તિ કશુંક નવું શીખવા માટે લગભગ વિહ્વળ જેવી હોવી જોઈએ. જે ક્ષણે તમે તમારી જાતને વિદ્વાન અથવા ડાહ્યા માનવા લાગો, ત્યારે જ તમારા ભાવિ પતન તરફની તમારી યાત્રા શરૂ થઈ જાય છે. મિથ્યાભિમાન એ પોતાની જાતને ખતમ કરવાનો નિશ્ચિત માર્ગ છે. આ સંદર્ભમાં આઈઝેક ન્યુટનના શબ્દો ટાંકવા યોગ્ય છે,

"હું દુનિયા સામે કેવો દેખાઈશ તે હું જાણતો નથી, પરંતુ મારી જાત સામે, હું જ્યારે સત્યનો વણ ખેડાયેલો આખો સમુદ્ર આપણી સામે પડેલો હોય ત્યારે, દરીયા કિનારે રમતા અને સુંવાળા પથ્થરો અથવા સામાન્ય કરતાં વધુ સુંદર છીપલાંની શોધમાં મારી જાતનું વારંવાર ધ્યાનભંગ કરતો, એવો નાનકડો બાળક જ છું." મહાન લોકોની આવી વિનમ્રતા જ છે, જે કદાચ તેમની મહાનતાનું રહસ્ય છે.

૮૧

તમારાં જીવનની દરેક ક્ષણને સર્વોત્તમ બનાવો



સોક્રેટીસ જેલમાં હતા અને બીજી સવારે તેમને ફાંસી દેવાની હતી. બરાબર ત્યારે જ, તેમણે એક સાથી કેદીને એક પ્રખ્યાત કવીની ઘણી મુશ્કેલ કવિતા ગાતો સાંભળ્યો. આ સાંભળીને સોક્રેટીસે તેને તે કવિતા પોતાને શીખવવા યાચના કરી. “હવે તારે શા માટે શીખવું જોઈએ ? આવતી કાલે તારે મૃત્યુ નથી પામવાનું ?” ગાયકે પૂછ્યું. જેનો સોક્રેટીસે જવાબ આપ્યો :

પ્રશ્નો

૧. સોક્રેટીસનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. “જેથી હું જીવનમાં વધુ એક વસ્તુ શીખ્યો છું તેવી

સમજણ સાથે શાંતિથી મૃત્યુ પામી શકું." એ તે મહાન દાર્શનિકનો જવાબ હતો.

૨. આ સુંદર પૃથ્વી પર આપણે ગુજારીએ છીએ તે દરેક ક્ષણ માટે આપણે ઈશ્વરનો પાડ માનવો જોઈએ. સોક્રેટીસ જેવી વ્યક્તિઓએ તેમની જાગૃત અવસ્થાની દરેક ક્ષણને એક સર્વોત્તમ કૃતિ બનાવી. દરેક ક્ષણ આપણને શીખવા અને વિકસવાની તક પૂરી પાડે છે.

૮૨

બે પત્ની હોવાની વિકટ પરિસ્થિતિ



કરીમનાં હમણાં જ લગ્ન થયાં હતાં. તે તેનું પરીણિત જીવન ઘણી ખુશીથી વિતાવી રહ્યો હતો. એક દિવસ એક કરીયાણાની દુકાને તેને તેનો મિત્ર સલીમ મળી ગયો. કરીમ તેના મિત્રને તેની પરીણિત જીંદગી અને પોતે ખુશ હતો તે વિશે કહેવા લાગ્યો. હવે, સલીમને બે પત્નીઓ હતી. તેણે કરીમને કહ્યું કે જો તે એકને પરણીને ખુશ હતો, તો જો તે ફરી એક વખત પરણે તો તેનો લગ્નજીવનનો આનંદ ચોક્કસપણે બેવડાઈ જશે.

કરીમ તરત જ તૈયાર થઈ ગયો અને વધુ એક વખત લગ્ન કર્યાં. બીજા લગ્ન પછી કરીમ મોટી મુસીબતમાં આવી પડ્યો. બંનેમાંથી એક પણ સ્ત્રી તેની સાથે રહેવા તૈયાર ન હતી. પહેલી એટલા માટે કે તે બીજી સ્ત્રીને પરણ્યો હતો, અને બીજી એટલા માટે કે તેને પહેલેથી જ એક પત્ની હતી.

હતોત્સાહ થઈને, કરીમ રાત ગુજારવા માટે એક મસ્જીદમાં ગયો. ત્યાં તેણે મસ્જીદની ઓસરીમાં સલીમને આરામથી સૂતેલો જોયો. કરીમે તેને જગાડ્યો અને પૂછ્યું કે જ્યારે તેને બે પત્નીઓ હતી, તો તે અહીં કેમ સૂતો હતો? સલીમે જવાબ આપ્યો...

પ્રશ્નો

૧. સલીમનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. સલીમે કહ્યું, "મને આ મસ્જીદમાં ખૂબ જ એકલું લાગતું હતું, અને અહીં કોઈકની કંપનીની સખત જરૂર હતી."

૨. બીજાની સલાહ મુજબ દોરવાઈ ન જાવ. કોઈ પણ નિર્ણય લો તે પહેલાં તેની તરફેણ અને વિરુદ્ધનાં કારણો વિશે વિચારો.

૮૩

પાટાને માનચંદ્રકમાં ફેરવો



જવાહરલાલ નહેરુનાં વૃદ્ધ માતા, શ્રીમતી સ્વરૂપરાણી પોતે એક મહાન દેશભક્ત હતાં અને દેશના આઝાદીના સંઘર્ષ માટે તેમણે પૂષ્કળ કામ કર્યું હતું. એક વખત, એક રાજકીય સરઘસની આગેવાની લેતી વખતે, કોઈક તોફાની તત્વ વડે તેમને માથા પર વાગ્યું. તેણી બેભાન થઈને જમીન પર પડી ગયાં અને ઘડઘડાટ લોહી વહેવા લાગ્યું. પછીથી, એક પોલીસ અધિકારી પોતાની મોટરમાં તેમણે તેમને ઘેર આનંદભવન લઈ ગયો. દેખીતી રીતે જવાહરલાલ આ ઘટનાથી ખૂબ વ્યગ્ર અને ચિંતિત પણ હતા. એક મહિના પછી, નહેરુને બરેલીની જેલમાં રાખવામાં આવ્યા હતા અને સ્વરૂપરાણી હજી તેમના માથા પર બાંધેલા પાટા સાથે તેમની મુલાકાતે ગયાં. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે ઘાવ રૂઝાયો ન હોવા છતાં જવાહરલાલને મળવા આવવાની તકલીફ તેમણે શા માટે લીધી, તો તેણીએ પોતાની ઈજા વિશે રમૂજ કરી અને કહ્યું...

પ્રશ્નો

૧. તેણીએ શું કહ્યું ?
૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. તેમણે કહ્યું, "આ મારે માટે માત્ર પાટો નથી, માનનો પાટો છે. મને તેનો ખૂબ જ ગર્વ છે અને લોકોનું તેના તરફ ધ્યાન ખેંચવામાં મજા આવે છે."

૨. દેશનાં ભલાં માટે સહન કરેલો કોઈપણ ઘાવ એ માનનો પાટો છે, અને અતિશાય ગર્વની બાબત છે. લોકોએ સ્વેચ્છાએ દેશ માટે પોતાની જાત ધરી દીધી છે. તેઓ એવાં ઉદાહરણો છે, જે આપણે અનુસરવાં જોઈએ.

૮૪

દંભથી દૂર રહો



એક શિક્ષીકા એક શાણપણનાં પુસ્તકની સાથે પોતાના વર્ગમાં એક ચોકલેટનો ડબ્બો પણ લાવ્યાં. તેમણે તે બંને પોતાનાં ટેબલ પર બાજુ બાજુમાં મૂક્યા અને પોતાના વિદ્યાર્થીઓને બંનેમાંથી એક પસંદ કરવાનું કહ્યું. બધા વિદ્યાર્થીઓ તે શાણપણનાં પુસ્તકની આસપાસ ટોળે વળ્યા અને તે પુસ્તક વાંચવું કેટલું રસપ્રદ હશે તેના પર ગંભીરતાથી બોલવા લાગ્યાં. જોકે, તેઓમાં એક એવો હતો જણે ચોકલેટનો ડબ્બો ખોલ્યો અને ખૂબ જ આનંદથી તેમને ઝડપથી ખાવા લાગ્યો. બીજા બધા વિદ્યાર્થીઓની શંકાશીલ નજર ધ્યાનમાં લઈને, શિક્ષિકાએ ટીપ્પીણી કરી :

પ્રશ્નો

૧. શિક્ષિકાની ટીપ્પણી શું હતી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. "હું ચોકલેટના ડબ્બામાં શાણપણ પુસ્તકમાં છે તેટલું જ શાણપણ જોઉં છું." શિક્ષિકાએ કહ્યું.

૨. જે વિદ્યાર્થીએ ચોકલેટનો ડબ્બો પસંદ કર્યો તે હૃદયથી સાચો હતો. દંભની જીંદગી લાંબી હોતી નથી. આપણે દંભથી દુર રહેતાં અને આપણા હૃદયના ખરા અવાજને ગળે લગાડતાં શીખવું જોઈએ.

૮૫
સંપૂર્ણતાનું લક્ષ્ય રાખો



થોમસ ગ્રેની સર્વોત્તમ કવિતા "એલેજી રીટન ઈન અ કન્ટ્રી ચર્ચયાર્ડ" એ એક અતિશય પ્રખ્યાત કવિતા છે, એટલી બધી કે તેને બ્રીટીશ સંગ્રહાલયમાં સ્થાન મળ્યું છે. પરંતુ, હજી ઘણા એવા લોકો છે, જે એ નથી જાણતા કે તેની પંચોતેરમી આવૃત્તિ સુધી, કવિ પોતાના કાર્યથી સંતુષ્ટ ન હતા.

પ્રશ્ન

૧. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારો પોતાનો જવાબ વિચાર્યા પછી જ અમારા જવાબ સાથે તેની ચકાસણી કરો.

જવાબ

૧. સંપૂર્ણતા સહેલાઈથી પ્રાપ્ત થતી નથી. તમે જે કાંઈ પણ કરો તેમાં સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે અમર વચનબદ્ધતા અને ઉંડા જોમની જરૂર પડે છે. જો તમે સંપૂર્ણતાનું લક્ષ્ય રાખો અને તેના

તરફ અથાક પરિશ્રમ કરો, તો એવું કશું જ નથી જે તમને તેનાથી દૂર રાખી શકે.

૮૬

તમે ભાગ્ય અને દૈવ વચ્ચે કેવી રીતે ભેદ પારખી શકો ?



એક વખત એક દુ:ખી સ્ત્રી હતી, જે પોતાનાં દૈવ વિશે ફરીયાદ કરવા ગુરુ પાસે ગઈ. ગુરુ તેણીને કહ્યું, “પરંતુ તારું પ્રારબ્ધ તો તું પોતે જ બનાવે છે.” સ્ત્રીએ જવાબ આપ્યો, “પરંતુ, સ્ત્રી તરીકે જન્મી હોવા માટે ચક્કસપણે હું જવાબદાર નથી જ ને ?” ગુરુએ માત્ર કહ્યું...

પ્રશ્નો

૧. ગુરુએ શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ગુરુએ કહ્યું, “એક સ્ત્રી તરીકે તારો જન્મ એ તારું પ્રારબ્ધ છે. તેને તું બદલી શકે નહીં. પરંતુ તારાં પ્રારબ્ધમાંથી તું જે

બનાવે તે તારું ભાગ્ય છે.”

૨. વિધાતા - દૈવ એ જીવનની હકીકત છે. તેમાં કોઈ અંધ શ્રધ્ધા નથી. આપણા જીવનમાં ઘણી બધી વસ્તુઓ આપણી જાણકારી અને નિયંત્રણ વગર બને છે. આવી વસ્તુઓ દૈવની શ્રેણીમાં આવે છે. જન્મ એ વિધાતા છે. તેવી જ રીતે મૃત્યુ એ પણ વિધાતા છે. તેઓ નિયંત્રણમાં નથી. પરંતુ ભાગ્ય આપણા હાથમાં છે. તેને આપણા વિચારો, લાગણીઓ તથા ક્રિયાઓ વડે આકાર અપાય છે.

૮૭

આશાવાદી રહો



આ બે બાલદીઓની વાર્તા છે જેઓ દરરોજ સવારે એક કૂવા પર જતી હતી. "આ એક કંગાળ જીવન છે, જ્યારે હું કૂવામાંથી બહાર આવું ત્યારે ભલે ગમે તેટલી છલોછલ ભરેલી હોઉં, હું હંમેશાં ખાલી જ પાછી જાઉં છું." બીજી બાલદીએ આનંદપૂર્વક કહ્યું, "મેં આ વાત ક્યારેય એ રીતે નહોતી વિચારી, પરંતુ..."

પ્રશ્નો

૧. બીજી બાલદીનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. "મને એ વાત એટલી અદ્ભૂત લાગે છે કે, ભલે હું ગમે તેટલી વાર પાછી કૂવા પાસે જતી હોઉં, મને હંમેશાં એવું લાગે છે

કે હું ફરી એક વખત કોઈકની તરસ છીપાવવા માટે તૈયાર છું."

૨. જીવન દરેકને એકસમાન તક આપે છે, પરંતુ તેના તરફ આપણે કેવી રીતે જોઈએ છીએ અને તેમાંથી આપણે શું નિપજાવીએ છીએ તે આપણા દરેક પર છે. આપણે એક આશાવાદી મિજાજ કેળવવો જોઈએ, અને બધી વસ્તુની હંમેશાં સકારાત્મક બાજુ જોવી જોઈએ. જો આપણે બેસી જઈએ અને આપણા શરીરો, મગજો અથવા આપણે જેનો સામનો કરીએ છીએ તે પરિસ્થિતિઓ ઉપર વિલાપ કરીએ, તો આપણે માત્ર સ્વ-દયામાં આળોટ્યા કરશું અને આપણું જીવન બરબાદ કરશું.

૮૮

પ્રમાણિક હૃદયથી માફી આપો



એક આશ્રમમાં એક પવિત્ર સાધુ હતો. જેની પાસે એક દુર્લભ કિંમતનું પુરાતન બાઈબલ હતું. એક વખત એક માણસ તે સાધુની મુલાકાત લેવા આશ્રમમાં આવ્યો. તે પવિત્ર સાધુનો શિષ્ય બનવાના ઈરાદાથી આવ્યો હતો છતાં, તેને તરત જ તે બાઈબલ ચોરવાની લાલચ થઈ આવી. જ્યારે તે પવિત્ર સાધુ ધર્મગ્રંથો વાંચવા માટે ગયા, ત્યારે તેમણે જોયું કે તે બાઈબલ ખોવાયું હતું, અને તરત જ સમજી ગયા કે મુલાકાતી તે લઈ ગયો હતો. પરંતુ તેમણે એ ડરથી કોઈને તેની પાછળ ન મોકલ્યો કે તેનાથી કદાચ તેના ચોરીનાં પાપમાં ખોટું બોલવાના પાપનો વધારો થાય.

હવે જે માણસે તે પુસ્તક ચોર્યું હતું તે તેને વેંચવા માટે એક પુરાતન વસ્તુઓની દુકાને ગયો. તે તેને માટે ૧૦૦ પાઉન્ડ મેળવવા ઈચ્છતો હતો. દુકાનદારે કહ્યું, “મને તે પુસ્તક આપ, જેથી મને ખબર પડે કે તે એટલા પૈસાને લાયક છે કે નહીં.” નસીબમાં એવું જ હશે, તેથી તે માણસ તે પુસ્તકને તે પવિત્ર સાધુ પાસે લઈ ગયો અને પૂછ્યું, “સર, આ જોઈ જાવ અને મને કહો કે શું તે ૧૦૦ પાઉન્ડ જેટલા પૈસા ચૂકવવા માટે લાયક છે ?”

તે પવિત્ર માણસે કહ્યું, “તે એક મહાન મુલ્યવાળું સુંદર પુસ્તક છે અને ૧૦૦ પાઉન્ડમાં ઘણો સારો સોદો છે.”

આથી તે દુકાનદાર તે વેંચનાર પાસે પાછો ગયો અને કહ્યું, "લે તારા પૈસા. મેં આ પુસ્તક આશ્રમમાં છે તે પવિત્ર માણસને દેખાડ્યું, અને તેમણે કહ્યું કે આ તેટલા પૈસાને લાયક છે."

પેલો માણસ દીગ્મૂઢ થઈ ગયો, "તેમણે માત્ર એટલું જ કહ્યું ? તેમણે બીજું કંઈ કહ્યું ?"

"ના, તેમણે એક પણ શબ્દ કહ્યો નથી. તું કેમ પૂછે છે ?"

પ્રશ્નો

૧. જેણે પુસ્તક ચોર્યું હતું અને તે વેંચવા માગતો હતો તે માણસની પ્રતિક્રિયા શું હતી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. તે માણસે કહ્યું, "મારું મન બદલાઈ ગયું છે અને હવે છેવટે હું આ પુસ્તક વેંચવા નથી માગતો." તે પાછો તે પવિત્ર માણસ પાસે ગયો, તેમના ચરણોમાં પડી ગયો અને માફીની યાચના કરી. તેણે તે પવિત્ર માણસને પુસ્તક પાછું લઈ લેવા વિનંતી કરી. "ના, ભાઈ. તું તે રાખ. તે મારા તરફથી તને ભેટ છે." પરંતુ તે માણસે કહ્યું, "જો તમે તે પાછી નહીં લો તો મને શાંતિ નહીં મળે." ત્યાર પછી તે માણસ તે આશ્રમમાં જોડાઈ ગયો અને બાકીનું જીવન તે પવિત્ર માણસની સેવા કરી.

૨. માફી સૌથી કઠીન ગુનેગારોને પણ સુધારી નાખે છે. તેનો ઘણો વધારે સકારાત્મક પ્રભાવ છે અને એક ભૂલને સુધારવામાં ઘણી સારી રીતે કામ કરે છે. "ભિક્ષાના અનેક પ્રકાર છે, જેને આપવાથી તે આપણને આપણાં પાપો માટે માફી મેળવવામાં મદદ મળે છે; પરંતુ જેના વડે આપણે એક પાપ જે આપણા પોતાની

સામે થયેલું હોય તેને હૃદયપૂર્વક માફી આપવા જેટલી બીજી મહાન માફી કોઈ નથી.”

– હિપ્પોના સંત ઓગસ્ટાઈન

૮૯

કિંમત જેટલી ઉંચી, મુલ્ય તેટલું વધારે



એક વખત એક દંપતિ પાસે એક સુંદર ડાલ્મેન્શીયન શ્વાન પાળેલી હતી. થોડા વર્ષો પછી આ કૂતરી સગર્ભા બની અને તેણે પાંચ સુંદર ગલુડીયાંઓને જન્મ આપ્યાં. હવે આ દંપતિ તેમણે તાજેતરમાં મેળવેલાં આ પાંચ આકર્ષક ગલુડીયાંથી કેવી રીતે છૂટકારો મેળવવો તેની દ્વિધામાં પડ્યા હતાં. તે માણસે ઘણા લોકોને તે ભેટ તરીકે લેવા વિશે વાત કરી પરંતુ કોઈને રસ ન હતો. તેમણે સ્થાનિક રેડીયો પર પણ આ જાહેર કર્યું, પરંતુ દુર્ભાગ્યે, કોઈ ખરીદદાર ન મળ્યો. છેવટે, જ્યારે એક પડોશીએ તેમની મુલાકાત લીધી ત્યારે તેમને આ સમસ્યા વિશે જણાવ્યું. તેણે તેમને તેમના ગલુડીયાંને કેવી રીતે ઠેકાણે પાડવાં તે સલાહ આપી.

પ્રશ્નો

૧. પડોશીએ આપેલી સલાહ શું હતી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. પડોશીએ તે દંપતિને એવી જાહેરખબર કરવાની સલાહ આપી કે ગલુડીયાં દરેકના ૨૫ ડોલર્સ લેખે વેંચવાના છે.

૨. જે વસ્તુ મફતમાં અપાય તેનું કોઈ મુલ્ય હોતું નથી. કીંમત જેટલી વધારે ઉંચી તેટલું વસ્તુનું મુલ્ય વધારે.

૯૦

ઉદાહરણ બેસાડો



અમેરીકન ક્રાંતિની લડાઈ દરમિયાન, યુદ્ધ માટેની તૈયારીઓ ચાલતી હતી. આવાં એક સ્થળે નાગરિક પરિધાનમાં રહેલા એક માણસે એક કોર્પોરલને ઘમંડથી તેના માણસને એક ભારે બીમ ઉપાડવાનું કહેતાં સાંભળ્યો. તે માણસ કોર્પોરલ પાસે ગયો અને તેને પૂછ્યું કે તે પોતે કેમ તે માણસ સાથે તે વજન ઉપાડવામાં જોડાતો નથી. કોર્પોરલે પ્રહાર કર્યો, "પરંતુ હું એક કોર્પોરલ છું." તે સમયે, તે નાગરીક પરિધાનમાં રહેલા માણસે તે સૈનિકને તે કાર્યમાં મદદ કરી. પછી તે પેલા કોર્પોરલ પાસે ગયો અને એવું કશુંક કહ્યું કે જેનાથી તે સાવ અવાચક થઈ ગયો...

પ્રશ્નો

૧. પેલા માણસે કોર્પોરલને શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. "મિ. કોર્પોરલ, જ્યારે પણ કોઈ કામ કરવા માટે તમારી પાસે પૂરતા માણસો ન હોય ત્યારે તમારા કમાન્ડર-ઈન-ચીફને બોલાવી લેજો, અને બધી જ મદદ કરવામાં મને ઘણો જ આનંદ થશે." આમ કહેવા સાથે જયોર્જ વોશીંગ્ટને પોતાનો કોટ પહેરી લીધો અને તે જગ્યા છોડી ગયા.

૨. જે વ્યક્તિ દરેક વ્યક્તિને માનપૂર્વક સંબોધે છે તેનામાં ગૌરવ પ્રતિબીંબિત થાય છે. કોઈપણ કામ કોઈ માણસ માટે વધારે પડતું મોટું કે વધારે પડતું નાનું નથી. કામ કરવાથી શરમાયા વગર, દરેક વડે કામ થવું જોઈએ,

૯૧

ચતુર બનો



હેન્રી વાર્ડ બીચર એક નોંધપાત્ર ધર્મોપદેશક હતા. એવા ઘણા લોકો હતા, જે તેમને ચાહતા હતા, પરંતુ એવા પણ ઘણા હતા જે તેમને વખોડતા હતા. બીચર ખાસ તો પોતાની ત્વરિત રમૂજી બુદ્ધિ માટે જાણીતા હતા. જે તેમના બોધમાં પ્રતિબીંબિત થતી હતી. આ મહાન ઉપદેશકને કોઈ સહેલાઈથી મૂર્ખ બનાવી ન શકતું. વાર્ડ બીચર અવાર-નવાર 'માસ'નું સંચાલન કરતા અને લોકોને સાચા માર્ગ પર લાવવાનો ઉત્તમ પ્રયાસ કરતા. આવા મેળાવડાઓમાં તેઓ લોકોને તેમની સમસ્યાઓ એક કાગળ પર લખવા અને પાસેનાં બોક્ષમાં નાખવાં કહેતા. પછી તેઓ એક પછી એક તે બધી મોટેથી વાંચતા અને તેના ઉપાયો કહેતા. એક દિવસ તેમને એક કાગળ વાળું એક કવર મળ્યું જેમાં વચ્ચોવચ માત્ર એક જ શબ્દ લખેલો હતો, "મૂર્ખ" પછી વાર્ડ બીચરે એક જાહેર નિવેદન કર્યું જેના પર બધા માણસોએ અટ્ટહાસ્ય કર્યું...

પ્રશ્નો

૧. બીચરે શું જાહેરાત કરી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. તેમણે નિવેદન કર્યું કે, આજના દિવસ સુધી તેમને ઘણા પત્રો મળ્યા હતા, જેમાં લેખક પોતાની સહી કરવાનું ભૂલી ગયા હતા. પરંતુ આ એવી પ્રથમ ઘટના હતી કે જેમાં, લેખકે માત્ર પોતાનું નામ લખ્યું હતું અને કાગળ લખવાનું ભૂલી ગયા હોય.

૨. અજાણ્યા લેખકને નમ્રતાપૂર્વક ઠપકો દેવાની આ તેમની રીત હતી.

૯૨

પ્રભાવશાળી રીતે ભૂલો સ્વીકારો



ડૉ. સેમ્યુઅલ જોન્સને એક ડીક્ષનેરી બહાર પાડી, જે જનતા તેમજ ટીકાકારો વડે ખૂબ સારી રીતે સ્વીકારાઈ. આ પ્રકાશનની સફળતા ઉજવવા માટે, ડૉ. જોન્સનના માનમાં એક ભવ્ય પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું. પાર્ટી દરમિયાન, દરેક વ્યક્તિએ ડીક્ષનેરીની ગુણવત્તાનાં વખાણ કર્યાં. ડૉ.જોન્સને પણ ત્યાં હાજર રહેલા લોકોને તેમના છેલ્લા કાર્ય વિશે બુદ્ધિપૂર્વકની વાતો કરીને ખુશ કર્યા. જ્યારે દરેક વ્યક્તિ ડીક્ષનેરીનાં વખાણ કરતું હતું ત્યારે એક વૃદ્ધ સ્ત્રીએ તેમાં હસ્તક્ષેપ કર્યો, અને આશ્ચર્ય વ્યક્ત કર્યું કે આ મહાન વિદ્વાનનાં કાર્યમાં ખરેખર એક ભૂલ હતી, અને તેણે તેભૂલ ટાંકી બતાવી. પછી તેણીએ પૂછ્યું, "આ ચૂકને તમે કેવી રીતે સમજાવો છો ?" ત્યાં હાજર રહેલા બધા આ તોછડાઈથી આઘાત પામી ગયા. તેઓ ડૉ. જોન્સનના જવાબ માટે વ્યગ્રતાથી રાહ જોવા લાગ્યા.

પ્રશ્નો

૧. ડૉ. જોન્સનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. ડો. જોન્સને ઠંડકથી જવાબ આપ્યો, "દુર્લક્ષ, મેડમ, શુદ્ધ દુર્લક્ષ. મારી નમ્ર માફીનો સ્વીકાર કરો."

૨. ડો. જોન્સનની નમ્રતા કદર કરવા લાયક છે. વિનમ્રતા એ મહાન માણસની પ્રથમ કસોટી છે. એક નમ્ર માણસ તેની મર્યાદાને કારણે ભૂલ થઈ હોવાની શક્યતાને સ્વીકારે છે. તેને એવું કબુલ કરવામાં અપમાન નથી લાગતું, કે તે જે જાણે છે તે ઘણું ઓછું છે, અને હજી જે શીખવાનું છે તે અમાપ છે.

૯૩

મધ્યમ માર્ગને અનુસરો



જયારે બુદ્ધ પ્રથમ વખત તેમની આધ્યાત્મિક શોધ ઉપર નીકળ્યા, ત્યારે તેમણે ઘણા દેહદમનનો મહાવરો કર્યો . આધ્યાત્મિક જ્ઞાનનો માર્ગ ચોક્કસપણે ગુલાબની પથારી જેવો ન હતો. તે સમયે તેઓ માનતા હતા કે, આધ્યાત્મિકતાનો દરવાજો તપ અને આત્મસંયમ દ્વારા મળતો હતો. આ કરવા માટે, તેઓ પોતાના પર ઘણા કઠોર બનતા હતા. એક દિવસ તેઓ એક વૃક્ષ નીચે ઉંડા ધ્યાનમાં બેઠા હતા. એકબીજા સાથે વાત કરતા બે સંગીતકારોએ તેમના ધ્યાનમાં ખલેલ પાડી. એક સંગીતકાર બીજાને કહેતો હતો : "તારા સીતારના તારને વધારે પડતા ટાઈટ ન બાંધ, જેથી તે તૂટી જાય. એટલા બધા બધા ઢીલા પણ ન રાખવા જોઈએ, નહીંતર તેમાંથી સંગીત જ નહીં ઉત્પન્ન થાય." આ શબ્દોએ બુદ્ધ સમક્ષ ગહન રહસ્ય છતું કર્યું, અને તેમણે તે મુજબ પોતાનું જીવન બદલાવ્યું.

પ્રશ્નો

૧. સંગીતકારોની વાતમાંથી બુદ્ધ શું શીખ્યા ?
૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. કશું અતિશય ન કરો. જો સફળ થવા ઈચ્છતા હોવ તો મધ્યમ માર્ગને અનુસરો.

૨. વધારે પડતું કરેલું બધું ખરાબ છે. મધ્યમ રીતે કરેલી બધી વસ્તુ પાસે અંત સુધી યોગ્ય રીતે અમલ થાય તેવી વધારે તક છે.

૯૪

કરોડો રૂપિયા પણ એક ક્ષણ ખરીદી શકતા નથી



એક સમયે એક મખ્ખીચૂસ માણસ હતો, જેણે તેના આખા જીવન દરમિયાન પૈસા એકઠા જ કર્યા હતા અને ક્યારેય ખર્ચ કર્યા ન હતા. તેણે પાંચ લાખ દિનાર એકઠા કર્યા હતા અને એક ઉડાઉ જીવનશૈલી વાળું આખું વર્ષ વિતાવવાની રાહ જોતો હતો. પરંતુ, વધુ સમય જાય તે પહેલાં, મૃત્યુનો દૂત તેને પોતાની સાથે લઈ જવા માટે આવી પહોંચ્યો. તે કંજૂસે યાચના અને આજીજી કરી અને પૃથ્વી પર થોડો વધુ સમય આપવા માટે હજારો દલીલો કરી, "મને ત્રણ દિવસનું જીવન આપ, બદલામાં હું તને મારી બધી સંપત્તિનો અડધો ભાગ આપી દઈશ." તે માણસે કહ્યું. દૂતે આમાનું કશું સાંભળ્યું નહીં. "હું તને યાચના કરું છું કે મને માત્ર એક જ દિવસ આપ, તો હું આટલી મહેનત અને ગદ્ધાવૈતરાંથી એકઠું કરેલું બધું જ તને આપી દઈશ." દૂત હજી અડગ હતો.

પછી, તે માણસે દૂતને વંશજ માટે એક ચીઠ્ઠી લખવા માટે થોડી ક્ષણો આપવાની આજીજી કરી. દૂતે તે ઈચ્છા માટે છૂટ આપી. તેને નીચે મુજબ લખ્યું :

પ્રશ્નો

૧. કંજૂસ વડે લખાયેલી ચિઠ્ઠી શું હતી ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. કંજૂસની ચીઠ્ઠીમાં લખ્યું હતું, “જેને આ ચીઠ્ઠી મળે તેવા કોઈને પણ : જો તમારી પાસે જીવવા માટે પૂરતું હોય, તો પૈસા એકઠા કરવા પાછળ તમારું જીવન ન વેડફશો, જીવો ! મારા આટલા બધા પાંચ લાખ દિનાર પણ મારા માટે જીવનની એક ક્ષણ ન ખરીદી શક્યા.”

૨. તે કંજૂસની ચીઠ્ઠી પોતે જ આ વાર્તાનો સંદેશ છે. દરેક માટે મૃત્યુનો સમય અનિશ્ચિત હોવાથી, એક ચોક્કસ મર્યાદાથી આગળ સંપત્તિ એકઠી કરવામાં આપણો સમય બરબાદ કરવાનો કોઈ અર્થ નથી.

૯૫

તમે જે ઈચ્છો છો તેને માટે સાવધાન રહો



એક જમાનામાં એક ગરીબ વૃદ્ધ માણસ હતો, જે તેની આજીવિકા માટે ભારે લાકડાં એકથી બીજા સ્થળે ઉંચકી જતો હતો. એક દિવસ, તે તેની પીઠ પર બોજ સાથે જતો હતો ત્યાં તે થાકી ગયો. તે નજીકની નદીના કિનારે બેઠો અને કહ્યું, “હું આનાથી એટલો બધો થાકી અને કંટાળી ગયો છું. હું ઈચ્છું છું કે હમણાં જ મૃત્યુ આવે અને મને આમાંથી છોડાવે.” તે જ ક્ષણે, મૃત્યુ પાછળથી સરકી આવ્યું. “હું આવી ગયું છું. હું શું કરું તેવું તું ઈચ્છે છે ?” એ વૃદ્ધ એટલો આશ્ચર્ય ચકિત થઈ ગયો કે તેનાં શબ્દો ખોવાઈ ગયા.

પ્રશ્નો

૧. વૃદ્ધે શું જવાબ આપ્યો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. વૃદ્ધે કહ્યું, "તું આ લાકડીનો ભારો પાછો મારી પીઠ પર મૂકી દે તેવું હું ઈચ્છું છું."

૨. આ વાર્તામાંથી બે વસ્તુઓ મેળવી શકાય. એક એ કે કોઈ ખરેખર મૃત્યુ પામવા નથી ઈચ્છતું, સીવાય કે તેઓ એક ક્ષણની ઉત્તેજનામાં આત્મહત્યા કરી લે. બીજી વાત એ છે કે આપણે જે કાંઈપણ ઈચ્છશું તેવી ફળ પ્રાપ્તિ થશે. આથી આપણે જે ઈચ્છા કરીએ તેને વિશે સાવધાન રહેવું જોઈએ અને આપણી ઈચ્છાઓને સંભાળપૂર્વક પસંદ કરવી જોઈએ.

૯૬

વ્યવહારુ ડહાપણ વિકસાવો



એક અભણ મોચીને શિક્ષિત લોકો તરફ પૂર્વગ્રહ હતો. એક વખત એક કોલેજના પ્રોફેસરે તેની મુલાકાત લીધી, જેમની પાસે બુટની માત્ર એક જ જોડ હતી અને તેમણે તે મોચીને તે તાત્કાલિક સમારી આપવા કહ્યું, “હવે બંધ કરવાનો સમય થયો છે”, મોચીએ કહ્યું, ‘‘તેને હમણાં જ સમારવા તે મારે માટે શક્ય નથી. તમે તેને માટે કાલે આવો તો કેવું ?” “મારી પાસે બુટની એક જ જોડ છે અને બુટ વગર હું ચાલી નથી શકતો.”

“સારું, હું તમને એક દિવસ માટે વપરાયેલા બુટ આપીશ.”

“શું, હું કોઈ બીજાના બુટ પહેરું ? તું મને શું સમજે છે ?”

મોચીએ પ્રોફેસરને એક જવાબ આપ્યો, જેનાથી તે અવાચક થઈ ગયા.

પ્રશ્નો

૧. મોચીનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. મોચીએ કહ્યું, “જ્યારે તમને તમારા મગજમાં બીજાના વિચારો ભરવાનો વાંધો નથી, તો તમારા પગમાં બીજાના બુટ હોવા સામે શું કામ વિરોધ કરો છો ?”

૨. પુસ્તકીયા જ્ઞાન કરતાં વ્યવહારુ ડહાપણ ઘણું વધારે ચડીયાતું છે.

૯૭

તમારાં મગજનો ઉપયોગ કરતાં શીખો



એક સ્ત્રીને તેના પતિએ એક નવું ઈલેક્ટ્રીક સાધન ભેટ કર્યું. એ સાધન કેટલું ગુંચવણભર્યું હતું તે સમજવા માટે તેણે તે ખોલી નાખ્યું. પછી સૂચનાપત્રની મદદથી તેણીએ તે ગુંચવણભરી વસ્તુને પાછી એકઠી કરીને બંધ કરવા માટે કલાકો સુધી મહેનત કરી, પરંતુ છેવટે પડતું મૂક્યું અને તેના બધા ભાગો રસોડાંના ટેબલ પર છોડી દીધા અને જ્યારે તેણી થોડા કલાકો પછી પાછી રસોડામાં ગઈ, ત્યારે તેની નોકરાણીએ તેને પાછું સરખું કરીને મૂકેલું અને તરત જ ઉપયોગમાં લેવાય તેવી સ્થિતિમાં તે સાધનને જોવાથી થયેલાં તેણીનાં આશ્ચર્યથી કલ્પના કરો. “તું વાંચી પણ નથી શકતી, તો આવું કરી કેવી રીતે શકી ?” તે બૂમ પાડી ઉઠી. નોકરાણીએ જે જવાબ આપ્યો તેનાથી તેણી દીગ્મૂઢ થઈ ગઈ.

પ્રશ્નો

૧. નોકરાણીનો જવાબ શું હતો ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. નોકરાણીએ કહ્યું, "વેલ, મેડમ, જ્યારે તમને વાંચતાં ન આવડતું હોય, ત્યારે તમારે તમને મગજનો ઉપયોગ કરવાની ફરજ પડે છે."

૨. દરેકને વિચારવાની શક્તિનું પ્રદાન થયેલું છે. કહેવાતા અભણ લોકો તેનો પુષ્કળ પ્રમાણમાં ઉપયોગ કરે છે કારણ કે શિક્ષણના અભાવને કારણે તેઓ બીજાના વિચારો જાણી શકતા નથી. અભાનપણે, તેઓ વ્યવહારુ ડહાપણ વિકસાવે છે. કેટલીક વખત, અભણપણને પણ છૂપા આશીર્વાદ ગણી શકાય છે. જોકે, આનાથી એવું સૂચન નથી કરાતું કે બધાએ અભણ રહેવું જોઈએ.

૯૮

કઈ વસ્તુ તમને પવિત્ર બનાવે છે ?



એક જાપાનીઝ યોદ્ધો બુદ્ધનો પરમ શિષ્ય હતો. એક દિવસ તેને બુદ્ધને મળવાનું અને પૂછવાનું બન્યું. "વ્યક્તિને કઈ વસ્તુ પવિત્ર બનાવે છે ?" બુદ્ધે જવાબ આપ્યો. "દરેક કલાક ચોક્કસ મિનીટો અને ક્ષણોમાં વહેંચાયેલો છે અને દરેક સેકન્ડ અમુક સંખ્યામાં વહેંચાયેલી છે. જે કોઈ પણ વ્યક્તિ આ ક્ષણના દરેકે દરેક ભાગમાં સંપૂર્ણપણે હાજર રહી શકે છે તે પવિત્ર છે." આ જાપાની યોદ્ધાને એક દિવસ શત્રુઓ વડે પકડવામાં આવ્યો અને જેલમાં ફેંકી દેવાયો. રાત્રે, તે સૂઈ ન શકયો કારણ કે તે માનતો હતો કે બીજી સવારે તેને ત્રાસ આપવામાં આવશે.

પ્રશ્નો

૧. યોદ્ધાએ સારી નિંદર માણવા માટે જેલમાં શું કર્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. તેણે તેના ગુરુના શબ્દો યાદ કર્યા અને સમજ્યો કે અહીં અને હમણાં એ આ દુનિયામાં પ્રવર્તતી એકમાત્ર વાસ્તવિકતા છે. આથી, તે વર્તમાનમાં પાછો ફર્યો અને એક ક્ષણમાં સૂઈ ગયો.

૨. આ વાર્તાનો સૂચિતાર્થ એ છે કે એ વ્યક્તિ કે જેના પર ભૂતકાળ અથવા ભવિષ્યનું કોઈ નિયંત્રણ નથી તે વ્યોમમાં વિહરતાં પક્ષીઓ કે મેદાનમાં ઉગેલાં ફૂલો જેવો છે. તે આઝાદી અને સુખનો અનુભવ કરે છે. તે આવતીકાલની ચિંતા કરતો નથી. આ વર્તમાનમાં સંપૂર્ણ હાજરી જ પવિત્રતા છે.

૯૯

બદલો વ્રણને વકરાવે છે



ઈંગ્લેન્ડનો રાજા હેન્રી આઠમો અને ફ્રાન્સનો રાજા ફ્રાન્સીસ પહેલો કટ્ટર શત્રુ હતા. તેઓ સતત એકબીજા સાથે લડતા રહેતા. એક વખત રાજા હેન્રીએ તેમના ખૂબ જ વિદ્વાન દરબારી સર થોમસ મોરને આવી એક ધારદાર નોંધ ફ્રાન્સીસને આપી આવવા કહ્યું. મોરને ડર લાગ્યો કે આ નોટને કારણે જરૂર તેઓ પોતાનું માથું કપાવશે. હેન્રીએ આનો જવાબ આપ્યો, "ડરવાની જરૂર નથી મોર, જો તે તેમ કરશે, તો હું લંડનમાં રહેલા દરેકેદરેક ફ્રેન્ચ માણસનાં ડોકાં ઉઠાવી દઈશ." તેના જવાબમાં મોરે કહ્યું, "એ મહારાજની ઘણી કૃપા છે, પરંતુ..."

પ્રશ્નો

૧. સર થોમસ મોરે જવાબમાં રાજાને શું કહ્યું ?

૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. "પરંતુ મને નથી લાગતું કે તેમાનું એક પણ મસ્તક મારા ખભા પર બંધ બેસતું થાય."

૨. કટ્ટરતા કટ્ટરતાને જન્મ આપે છે. કડવાશ વધુ કડવાશ જ જન્માવે છે.

૧૦૦

પંગુતાને જીતો



કે. રાધાબાઈ ત્રીચીની ભારતીદાસન યુનિવર્સિટીમાંથી યુનિવર્સિટીમાંથી યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી.ની ઉપાધ હાંસલ કરનાર સર્વપ્રથમ અંધ વિદ્યાર્થીની બની. તેનાં લક્ષ્ય સુધી પહોંચવા માટે તેણીને પ્રચંડ હિંમત, દૃઢતા તથા નિશ્ચયની જરૂર પડી. તેણીએ કહ્યું કે સૌથી આવશ્યક જ્ઞાનેન્દ્રિયના ઉપયોગ વગર જીવનમાં આટલી મોટી ઉંચાઈએ તેણી પહોંચી ગઈ છે તે જાણવું ઘણું જ સંતોષપ્રદ હતું, ખાસ કરીને જ્યારે તેણીએ તેની આ સિદ્ધ માટેના લાંબા માર્ગ પર જે મુશ્કેલીઓનો સામનો કર્યો હતો તે પછી.

પ્રશ્ન

૧. રાધાબાઈની વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાનો જવાબ વિચાર્યા પછી જ અમારા જવાબ સાથે તેમની ચકાસણી કરો.

જવાબ

૧. ખરી તેજસ્વિતા બધે જ ઝબકે છે. શારીરિક પંગુતા

સફળતામાં બાધારૂપ બનતી નથી. ઈચ્છા હોય ત્યાં માર્ગ મળી જ રહે છે.

૧૦૧

પરમાર્થી હૃદય વિકસાવો



એક દિવસ, પર્લહાર્બરની ઘટના પછી ટુંકા સમયમાં, બ્રીગેડીયર જનરલ થીયોડોર રુઝવેલ્ટ એક પ્લેનમાં ચડવાની રાહ જોતા એરપોર્ટ પર ઉભા હતા. બરાબર ત્યારે જ, એક સૈનિક એક નજીકની ટીકીટ બારી પર આવ્યો અને તે પ્લેનમાં એક સીટ માંગી. એક પણ સીટ ખાલી ન હોવાથી તેની વિનંતી નકારવામાં આવી. તેણે ટીકીટ બારી પર રહેલી વ્યક્તિને સમજાવવાનો પ્રયાસ કર્યો કે તેણે તાત્કાલિક તેની માતાને મળવું જરૂરી હતું. પરંતુ ફરી એકવાર, ઉચ્ચ સત્તાધિકારી ન હોવાના ધોરણે તેની વિનંતી નકારવામાં આવી. આ જોઈને, રુઝવેલ્ટ ટીકીટ બારી ઉપર ગયા અને જવાબદાર વ્યક્તિને તેમની પોતાની ટીકીટ તે સૈનિકને આપી દેવા કહ્યું. અમેરીકન એરલાઈનના પાઈલટ કેપ્ટન શેરીડન ત્યાં તેમની સાથે ઉભા હતા. તેમણે જનરલને પૂછયું, “તમે જવાની ઉતાવળમાં નથી ?” રુઝવેલ્ટે જવાબ આપ્યો..

પ્રશ્નો

૧. રુઝવેલ્ટનો જવાબ શું હતો ?
૨. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

૧. જનરલે જવાબ આપ્યો, "આ પદવીની બાબત છે. હું માત્ર એક જનરલ છું પરંતુ તે એક પુત્ર છે."

૨. આ રુઝવેલ્ટનું માનવતાવાદી વલણ અને એક પુત્રના તેની માતા માટેના પ્રેમ માટેનો ઉંડો આદર્શ દર્શાવે છે. તેમણે એક પુત્ર માટે એક માતાની મુલાકાતને બીજી કાઈના પણ કરતાં વધુ મહત્વની ગણી. જનરલના આવા ગુણોએ તેમને દેશના પ્રમુખ અને ખૂબ પ્રેમ મેળવેલ વ્યક્તિ બનાવ્યા.